



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

પોષ વદ –૭ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૧–૧–૨૦૨૫ – મંગળવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૧૨૮ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT










**પત્નિ મેલેનિયાની 'ઓવર સાઈઝ હેટ'ને કારણે ટ્રમ્પ 'કીસ' ન કરી શકયા:મસ્કનો અલગ અંદાજ:** અમેરિકાનાં ૪૭ માં રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કરનારા ડોનાલ્ડ ટ્રમ્પે આવતાવેંત ધડાધડ ઢગલાબંધ નિર્ણયો લીધા હતા. અનેકવિધ નિર્ણયો પર સહી કરીને મીડીયા સમક્ષ ઓર્ડરની નકલ રજુ કરી હતી. શપથ સમારોહમાં દુનિયાભરમાંથી રાજકીય ઉદ્યોગ માંધાતાઓ હાજર હતા. શપથ સમારોહમાં રસપ્રદ ઘટનાક્રમ પણ સર્જાયો હતો. રાષ્ટ્રપતિ બન્યા બાદ ટ્રમ્પ પત્નિ મેલેનિયાને કીસ કરવા આગળ વધ્યા હતા પરંતુ મેલેનિયાની 'ઓવર સાઈઝ હેટ'અવરોધક બની હતી અને માત્ર હવામાં જ કીસ થઈ શકી હતી. શપથ સમારોહમાં ટ્રમ્પની જીતમાં મોટી ભૂમિકા ભજવનાર ઉદ્યોગ માંધાતા એલન મસ્ક પણ ડાન્સ કરતા અલગ જ અંદાજમાં નજરે ચડયા હતા અને ટ્રમ્પ પણ જોતા રહી ગયા હતા.

### ૩૦ મિનિટનું સંબોધન: તાળીઓના ગડગડાટ; લાઈવ ડાન્સ થયા

# ટ્રમ્પ ગાજયા એવા વરસ્યા

## ટેરીફ વોર; ગેરકાનુની વસાહતીઓ સામે જંગ

### કેનેડા–મેકસીકોથી થતી આયાત પર ૨૫% વધારાની ડયુટી: અમેરિકી લોકોને નહી વિદેશને ટેક્ષ 'ડામ' આપીશ: પનામા નહેર પાછી મેળવવા, ગલ્ફ ઓફ મેકસીકો હવે અમેરિકી ગલ્ફ ગણાશે: જાહેરાત

**શપથ લેતા જ મેકસીકો સરહદ પર સૈન્ય કટોકટી: ગેરકાનુની વસાહતીઓના સંતાનોનો બર્થ સીટીઝનશીપ હકક છીનવ્યો**

**વિશ્વ આરોગ્ય સંસ્થા; પેરીસ કલાઈમેટ ચેન્જ એગ્રીમેન્ટમાંથી અમેરિકાને બહાર કર્યુ**

**અમેરિકામાં હવે થર્ડ જેન્ડર–નાન્યતર જાતિની માન્યતા ખત્મ: સ્ત્રી–પુરૂષ બે જ વર્ગ રહેશે**

**સેન્સરશીપ સહિતના ૭૮ આદેશો રદ કર્યા: વિશ્વભરમાં પડઘા શરૂ: ૧ ફેબ્રુઆરીની તમામ નવી જાહેરાતો લાગુ થશે: ડ્રગના ધંધાર્થીઓ સામે હવે ત્રાસવાદી કાનૂની કાર્યવાહી**

વોશિંગ્ટન: અમેરિકામાં પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પે શપથ લીધાના એક કલાકમાંજ મેકસીકો સાથેની સરહદો સીલ કરાવી તેઓ ગેરકાનુની રીતે ઘુસતા વિદેશીઓ સામે તેમના વચન મુજબ આક્રમક પગલા લેવા જઈ રહ્યા છે તેવો સ્પષ્ટ સંકેત આપી દક્ષિણ સરહદ પર લશ્કરી ઈમરજન્સી લાદી દીધી હતી તો અગાઉ જ આપેલી ધમકી મુજબ પાડોશી દેશ કેનેડાથી થતી આયાત પર ૨૫% વધારાની આયાત જકાત લાદીને ટ્રેડ વોર પણ છેડી છે. અમેરિકામાં આંતરિક રીતે અત્યંત અસર થશે તેવા એક નિર્ણયમાં ડોનાલ્ડ ટ્રમ્પે હવે અમેરિકામાં વસેલા ગેરકાનુની વસાહતીઓ માટે જે બર્થરાઈટ–સીટીઝનશીપ–અમેરિકામાં જન્મ થાય એટલે તેને અમેરિકી નાગરિકત્વનો જે અધિકાર મળી જાય છે તે ખત્મ કરી દીધો છે. આમ હવે અમેરિકામાં વસતા ગેરકાનુની વસાહતીઓને કુટુંબ સહિત દેશ બહાર કરવામાં મોટી સફળતા મળશે.

શ્રી ટ્રમ્પે વૈશ્વિક રીતે અસર કરે તેવા નિર્ણયમાં પેરીસ–કલાઈમેન્ટ સંધીમાંથી અમેરિકાને બહાર કરી દીધુ છે તો બીજી તરફ વિશ્વ આરોગ્ય સંસ્થામાંથી પણ અમેરિકાનું સભ્યપદ પાછું ખેંચી લેતા તેના ફંડીંગ પર જવાની અસર થશે.

શ્રી ટ્રમ્પ શપથવિધિ સાથે જ પ્રેસીડેન્ટ આવાસમાં ઓવેલ ઓફીસ પહોંચી ગયા હતા અને અહી ૧૦૦

(અનુસંધાન છઠ્ઠા પાને)




### સોનુ ૮૨૦૦૦ તથા ચાંદી ૯૩૦૦૦ની સપાટીને પાર

# ટ્રમ્પ ઈફેકટ: શેરબજારમાં કડાકો : સોનામાં તેજી

**સેન્સેકસ ઈન્ટ્રા–ડે ૧૪૦૦થી વધુ પોઈન્ટ તૂટયો; મીડકેપ–સ્મોલકેપમાં ધોવાણ: નિફટીએ ૨૩૦૦૦ની સપાટી ગુમાવી : ઈન્વેસ્ટરોના કરોડો રૂપિયા ડૂબ્યા**

રાજકોટ તા.૨૧

મુંબઈ શેરબજારમાં આજે ટ્રમ્પ ઈફેકટ હેઠળ ગાબડુ થયુ હતુ. જયારે સોના–ચાંદીમાં તેજી થઈ હતી. સેન્સેકસમાં ૧૪૦૦થી વધુ પોઈન્ટના ઘટાડા વચ્ચે જબરી ઉથલપાથલ રહી હતી.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને થયા બાદ અમેરિકામાં સતારૂઢ થયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ સહિતના નિર્ણયો લીધાના રિપોર્ટથી માનસ બદલાયુ હતુ અને મંદીમાં સરકી ગયુ હતું. ભારત સાથે પણ ટ્રેડવોરની સ્થિતિ સર્જાવાની આશંકા વ્યક્ત થવા લાગી હતી. વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલી જેવા કારણો પણ દબાણ સર્જનારા બન્યા હતા. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ટ્રમ્પના વિવિધ નિર્ણયની સંભવિત અસરનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ માર્કેટમાં સ્થિરતા આવી શકે છે અને હવે પછી આગામી બજેટની આશા–અટકળો આધારિત વધઘટ રહી શકે છે. બજારનો લાંબાગાળાનો ટ્રેન્ડ બજેટ પછી જ નકકી થઈ શકે છે.

શેરબજારમાં આજે મોટાભાગના શેરોમાં ગાબડા હતા. મીડકેપ–સ્મોલકેપ શેરોનું ધોવાણ હતું. આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, કોટક બેંક, મહીન્દ્ર, મારૂતી, એનટીપીસી, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાઈટન, અદાણી પોર્ટ, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ટ્રેન્ટ,

(અનુસંધાન છઠ્ઠા પાને)




## છત્તીસગઢમાં જબરૂ એન્કાઉન્ટર: રૂા.૧ કરોડનું ઈનામ ધરાવતા કમાન્ડર સહિત ૧૯ નકસલી ઠાર

### ઓડીસા અને છત્તીસગઢની સીમા પર ગઈકાલ સવારથી જ શરૂ કરાયેલા ઓપરેશનમાં હજુ બે થી ત્રણ નકસલીઓ મુકાબલો કરે છે

રાયપુર, તા.૨૧

છત્તીસગઢમાં એક મોટા નકસલી એન્કાઉન્ટરમાં ૨૦થી વધુ નકસલીઓને ઠાર મારવામાં આવ્યા છે અને અત્યાર સુધીમાં ૧૯ નકસલીઓના મૃતદેહ મળી આવ્યા છે. જેમાં રૂા.એક કરોડનું ઈનામ ધરાવતા નકસલી સેન્ટ્રલ કમિટિનો સભ્ય મનોજ



અને સ્પેશ્યલ ઝોનલ કમિટીનો સભ્ય ગુડ્ડુ પણ સામેલ છે. મનોજ પર રૂા. ૧ કરોડનું ઈનામ હતું જયારે ગુડ્ડુ પર રૂા.૨૫ લાખનું ઈનામ હતું. સુરક્ષા દળોએ છત્તીસગઢના

(અનુસંધાન છઠ્ઠા પાને)

## ચેમ્પીયન્સ ટ્રોફીની ટીમ ઈન્ડિયાની જર્સી પર પાકિસ્તાનનું નામ પણ નહીં હોય




નવી દિલ્હી, તા.૨૧

આગામી સમયમાં રમાનારી ચેમ્પીયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમે પાકિસ્તાન જવાનો ઈન્કાર કર્યા બાદ હવે દુબઈમાં ભારતના મેચ ફેરવવામાં આવ્યા છે. તો બીજી તરફ ટીમ ઈન્ડિયાની ચેમ્પીયન ટ્રોફીની જર્સી પર પાકિસ્તાનું નામ પણ નહીં હોય, સામાન્ય રીતે જે દેશ યજમાન હોય તેનું નામ દરેક આઈસીસી ઈવેન્ટની જર્સી પર હોય છે પરંતુ ક્રિકેટ બોર્ડે આ પ્રકારે પાકિસ્તાનનું નામ જર્સી પર પ્રિન્ટ કરવાનો ઈન્કાર કરી દીધો છે અને તેમાં ફક્ત ચેમ્પીયન ટ્રોફી–૨૦૨૫ એટલું જ લખાયેલું હશે. આમ ક્રિકેટ બોર્ડે પાકિસ્તાનને વધુ એક આંચકો આપ્યો છે અને હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ તેના પર કેવું રીએકશન આપે છે તે જોવું રસપ્રદ બની રહેશે.



# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# ઉનાળા પૂર્વેની તૈયારી: ભરશિયાળે આજી-ન્યારીમાં "સૌની"નો ભરપુર પ્રવાહ

## પખવાડિયાથી છોડાઈ રહેલા નર્મદાનીર હજુ પણ ચાલુ: આજી-૧ ૮૪-ટકા અને ન્યારી-૧૮૨ ટકા ભરાઈ ગયો: આજીની સપાટી ૨૭ ફુટે પહોંચવા આવી જયારે, ન્યારીની સપાટી ૨૩.૪૫ ફુટે પહોંચી ગઈ





રાજકોટ,તા.૨૧

રાજકોટની પાણી સમસ્યાને ભુતકાળ બનાવી દેનારી "સૌની" યોજના રાજકોટ વાસીઓ માટે જીવાદોરી બની ગઈ છે.અને છેલ્લા કેટલાંક વર્ષોથી આયોજના થકી શહેરનાં આજી અને ન્યારી ડેમમાં ચોમાસા સુધી પાણી ખુટતુ જ નથી.ત્યારે તાજેતરમાં જ રાજકોટ મહાનગર પાલિકાએ વધુ એકવાર બંન્ને ડેમોમાં નર્મદાનિર છોડવાની સરકાર પાસે માંગણી કરી હતી.જેને તુરંત સ્વિકારી છેલ્લા પખવાડિયા કરતા વધુ સમયથી આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં સૌની યોજનાનાં ભરપૂર પાણી છોડવામાં આવી રહ્યા છે.અને હજુ પણ બંન્ને ડેમોમાં નર્મદાનિર છોડવાનું સિંચાઈ વિભાગે ચાલુ જ રાખ્યુ છે.અત્રે ઉલ્લેખનીય છે કે ઉનાળાને પૂર્વ તૈયારીનાં ભાગરૂપે આજી-ન્યારીમાં નર્મદાનિર છોડવામાં આવી રહ્યા છે. અને હવે આવતા ચોમાસા સુધી રાજકોટવાસી સૌને પાણીની કોઈ સમસ્યા નડે નહી તે માટે બંન્ને ડેમો ૧૦૦ ટકા ભરાઈ જાય ત્યાં, સુધી સિંચાઈ વિભાગ દ્વારા પાણી છોડવામાં આવનાર છે.

દરમ્યાન રાજકોટ સિંચાઈ વિભાગના ઈજનેરી સૂત્રો માંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ આજી-ન્યારીમાં છેલ્લા પખવાડિયા કરતા વધુ સમયથી સૌની યોજનાનાં નિર છોડવામાં આવી રહ્યા છે. ત્યારે ભર શિયાળામાં આજની સ્થિતિએ બંન્ને ડેમો ૮૦ ટકા કરતા વધુ ભરાઈ ગયા છે.સિંચાઈ વિભાગનાં ઈજનેરી સૂત્રોનાં જણાવ્યા મુજબ આજની સ્થિતિએ આજી-૧ ડેમ ૮૪ ટકા ભરાઈ ગયો છે.હાલમાં ડેમમાં ૭૮૫ એમ.સી.એફ.ટી.પાણીનો જીવંત જથ્થો છે. અને ડેમની સપાટી ૨૬.૬૭ ફૂટે પહોંચી ગઈ છે. પ્રાપ્ત વધુ વિગતો મુજબ છેલ્લા પખવાડિયા દરમ્યાન જ આજી-૧માં ૩૧૫ એમ.સી.એફ.ટી.નવુનિર છોડાઈ ચુકયુ છે. અને હજુ પણ પાણીનો પ્રવાહ ચાલુ જ છે.જયારે, ન્યારી-૧ ડેમ આજની સ્થિતિએ ૮૨ ટકા ભરાઈ ગયો છે. અને ડેમની સપાટી ૨૩.૪૫ ફુટે પહોંચી જવા પામી છે.

હાલમાં ન્યારીમાં ૧૦૨૩ એમસીએફટી પાણીનો જીવંત જથ્થો ઉપલબ્ધ છે. જયારે, પખવાડીયા દરમ્યાન ન્યારી-૧માં ૩૩૫ એમ.સી.એફ.ટી. નવુ પાણી છોડી દેવાયુ છે. અને હજુ પણ ડેમમાં પાણી છોડવાનું ચાલુ છે. સિંચાઈ વિભાગ અનુસાર બંન્ને ડેમો ૧૦૦ ટકા ભરાઈ જાય ત્યાં સુધી પાણી છોડવાનું ચાલુ રખાશે.





# સંતકબીર રોડ પર સ્ટંટ બાજોનો કબ્જો, બીજાના જીવ જોખમમાં મુકી ખેલ કર્યા

### વીડિયો વાયરલ : ધૂમ સ્ટાઈલમાં છાશવારે બનતા બનાવો : કાયદાનો ડર ઓસરી ગયો?

રાજકોટ, તા.૨૧

સંતકબીર રોડ પર સ્ટંટ બાજોએ રીતસર કબ્જો કરી લીધો હોય તેમ બીજાના જીવ જોખમમાં મુકી ખેલ કર્યાં હતા. જેનો વીડિયો વાઇરલ થયો છે. ધૂમ સ્ટાઈલમાં છાશવારે બનાવો બની રહ્યા છે ત્યારે સવાલ ઉઠી રહ્યો છે કે શું અસામાજિક તત્વોમાં કાયદાનો ડર ઓસરી ગયો છે? હાલ વાઇરલ થયેલા વીડિયોમાં જોવા મળે છે કે, ચાર બાઈકમાં આઠ યુવાનો સવાર હતા. જે બાઈક પર ઉભા થઈ ખેલ કરી રહ્યા છે. યુવાનોમાં આ પ્રકારે રીલ્સ બનાવી વાઇરલ થઈ જવાની ઘેલછા વધી ગઈ છે. જોકે આવા કિસ્સામાં યુવાનો પોતે અને બીજાના પણ જીવ જોખમમાં મૂકે છે. અવારનવાર આવા વીડિયો સામે આવતા હોવાથી પોલી નક્કર કાર્યવાહી કરે તે જરૂરી છે. (તસવીર : સરફરાઝ પઠાણ)

# CM ભૂપેન્દ્ર પટેલની સુરક્ષામાં ચૂક, કોન્વોયમાં અજાણી કાર ઘુસી



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સુરક્ષામાં મોટી ચૂક જોવા મળી છે. અમદાવાદના બોપલમાં જાહેર કાર્યક્રમમાંથી પરત આવતા સમયે એક અજાણી કાર ઈખ ભૂપેન્દ્ર પટેલના કોન્વોયમાં ઘુસી ગઇ હતી. બોપલ રીંગ રોડ પાસે પ્રજાસત્તાક પર્વ પહેલા મુખ્યમંત્રીની સુરક્ષામાં ચૂક જોવા મળી હતી.

અમદાવાદમાં બોપલમાં પાસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપીને પરત ફરતા હતા. આ દરમિયાન બોપલ રિંગરોડ પર સુરક્ષામાં ચૂક જોવા મળી હતી. અજાણી કાર મુખ્યમંત્રીના કારના કાફલામાં ઘુસી ગઇ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો કારનો કાફલો બોપલ રિંગ રોડ પાસેથી પ્રસાર થતો હતો આ દરમિયાન વ્હાઇટ કલરની કાર અચાનક તેમના કોન્વોયમાં ઘુસી ગઇ હતી. જોકે, કાર મુખ્યમંત્રીના કારના કાફલામાં ઘુસતાની સાથે જ પાયલોટ અને જે ટ્રેલ કાર હતી તેમની સમયસૂચકતાથી મોટી ઘટના બનતા ટળી ગઇ હતી. અજાણી કાર મુખ્યમંત્રીના કાફલામાં ઘુસી જતા ફરજ પર હાજર રહેલા પોલીસ કર્મીએ પણ કારને સાઇડ કરવાનો નિર્ણય લીધો હતો.

# ઇન્ડિયન આર્મીના ડેરડેવિલ્સે કર્તવ્ય પથ પર રચ્યો વર્લ્ડ રેકોર્ડ: ૭ બાઇક, ૪૦ જવાન અને ૨૦.૪ ફીટ ઊંચો પિરામીડ



ઇન્ડિયન આર્મીના ડેરવિલ્સે ગઇકાલે દિલ્હીના કર્તવ્ય પથ પર ચાલતી મોટરબાઇક્સ પર સૌથી ઉંચા માનવ પિરામીડનો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. આ અદ્‌ભૂત પ્રદર્શનમાં ૭ મોટરસાયકલો પર ૪૦ જવાનોએ ૨૦.૪ ફીટ ઉંચો પિરામીડ બનાવ્યો હતો અને વિજય ચોકથી ઇન્ડિયા ગેટ સુધી બે કિ.મી.નું અંતર પાર કર્યું હતું. ૧૯૩૫માં સ્થાપિત ડેરડેવિલ્સે અત્યાર સુધીમાં બારતભરમાં ૧૬૦૦થી વધારે મોટરસાયકલ પ્રદર્શન કર્યા છે. ડેરડેવિલ્સ આર્મીના કોર ઓફ સિગ્નલ્સ સાથે સંકળાયેલ ઐતિહાસિક ટીમ છે જેણે પોતાના અદ્વિતીય કૌશલ અને પ્રદર્શનથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અર્જિત કરી છે. આ રેકોર્ડ સાથે ટીમ પાસે હવે કુલ ૩૩ વર્લ્ડ રેકોર્ડ છે જેમાં ગિનેસ વર્લ્ડ રેકોર્ડર્સ, એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને લિમકા બુક ઓફ રેકોર્ડ્સાં તેમનું નામ અંકિત છે.

# રાજકોટ રેલ્વે સ્ટેશન પર વૃધ્ધ ચાલું ટ્રેને ચડવા જતાં ફસાયા: પોલીસ જવાને જીવના જોખમે બચાવ્યા





### મુંબઈના નરેન્દ્રભાઈ ભાનુશાળી સવારની દુરન્તોમાં ચાલું ટ્રેને ચડવા ગયાં અને પ્લેટફોર્મ વચ્ચે ફસાયા: રેલ્વે પોલીસના કોન્સ્ટેબલ જયેશભાઈએ જીવની બાજી લગાવી વૃદ્ધને બચાવી સારવારમાં ખસેડયા, વૃધ્ધને પગમાં ગંભીર ઈજા

રાજકોટ. તા.૨૧

રાજકોટ રેલ્વે સ્ટેશન પર આજે વ્હેલી સવારે જીવ સટોસટની બાઝી લગાવી એક પોલીસ જવાને વૃધ્ધનો જીવ બચાવ્યો હતો. જે બાદ વૃધ્ધને તાત્કાલિક સારવારમાં ખસેડવામાં આવ્યાં હતાં.

કહેવત છે, ઝડપની મજા, મોતની સજા જો કે, એક પોલીસ જવાનની સતર્કતાથી વૃધ્ધનો જીવ તો બચાવી લીધો પણ પગ ગુમાવવાનો વારો આવ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ, મૂળ મુંબઇના કલ્પ નગરી વિસ્તારમાં રહેતાં નરેન્દ્રભાઈ મેઘજીભાઈ ભાનુશાલી કામ અર્થે રાજકોટ આવ્યાં હતાં. આજે સવારે તેઓ મુંબઈ-હાપા જતી દુરન્તો ટ્રેનમાં જવા રેલ્વે સ્ટેશન પર આવ્યાં હતાં. ત્યારે ટ્રેન ચાલુ થઈ જતાં ચાલુ ટ્રેને તેઓ ચડવા જતાં ટ્રેન અને પ્લેટફોર્મ પર ફસાયા હતાં. ચાલું ટ્રેન હોવાથી તેઓ ઢસડાયા હતાં અને મોતને નજર સામે જોઈ લીધું હતું.

દરમિયાન રેલ્વે પ્લેટફોર્મ પર ફરજ બજાવતાં કોન્સ્ટેબલ જયેશભાઈનું ધ્યાન જતાં પોતાની સતર્કતાથી તુરંત દોડી જઈ વૃધ્ધને પકડ્યા હતાં અને પોતે જીવની બાજી લગાવી વૃદ્ધને બચાવી લીધાં હતાં. બાદમાં ઘવાયેલા વૃધ્ધને સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તપાસમાં પગમાં ગંભીર ઇજા પહોંચી હોવાનું ખુલ્યું હતું. જીવની બાજી લગાવી વૃધ્ધનો જીવ બચાવનાર પોલીસ જવાન પર શુભકામનાઓ વરસી રહી છે.

# આધાર ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેક્શન ૧૦૦ કરોડને પાર : પાંચ મહિનામાં આંકડો બમણો થયો

નવી દિલ્હી તા. ૨૧

UIDAIના ચેરમેન, નીલકંઠ મિશ્રાએ જણાવ્યું હતું કે, UIDAI-આધાર દ્વારા વિકસાવવામાં આવેલ એઆઈ/એમએલ આધારિત ફેસ ઓથેન્ટિકેશન સોલ્યુશન, જે વર્ષ ૨૦૨૧ના ઓકટોબરમાં પ્રથમવાર શરૂ કરવામાં આવ્યું હતુ તે હાલ ૧૦૦ કરોડ ટ્રાન્ઝેક્શનો પાર કરી ચુક્યું છે. ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેકશન અકડા પર નજર કરીએ તો છેલ્લા ૫ મહિનામાં ૫૦ કરોડથી વધીને ૧૦૦ કરોડ સુધી પહોંચ્યો છે. આ સિદ્ધિ આધારની ભૂમિકા અને મહત્વને પુન:પ્રતિષ્ઠિત કરે છે.



ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ.કૃષ્ણ અને UIDAIના સીઈઓ ભુવનેશ કુમારે તેમના સંબોધનમાં આધારની સ્વીકૃતિ અને ઉપયોગને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, આધાર ભારતના ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું મહત્વનો સ્તંભ છે. આધાર ફેસ ઓથેન્ટિકેશન માટે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ૯૨ એન્ટિટીઓ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહી છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ઉપક્રમે ગુજરાત સહિત તમામ રાજ્યોના BFSI, ફિનટેક અને ટેલિકોમ ક્ષેત્રોના ઉદ્યોગકારો સાથે મુંબઈ ખાતે 'આધાર સંવાદ' યોજાયો હતો. જેમાં આધારનો ઉપયોગ કરીને સેવાનો વધુ સારો અને ઝડપી વિતરણ કેવી રીતે શક્ય બની શકે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને મહારાષ્ટ્ર સરકારના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં બેંકો, વીમા કંપનીઓ, એનપીસીઆઈ, બજાર મધ્યસ્થો, ટેલિકોમ સેવા પ્રદાતાઓ અને

ફિનટેક સહિતના ૫૦૦ જેટલા ઉદ્યોગકારો, નિષ્ણાતો અને ટેક્નોક્રેટ્સે ભાગ લીધો હતો.

### લોહાણા સમાજના કુળદેવતા શહીદ વીરદાદા જશરાજજીના શૌર્ય દિન નિમિતે

# રાજકોટમાં કાલે રઘુવંશીઓનો મહાકુંભ

## લાખો લોકો મહાપ્રસાદ ગ્રહણ કરશે



### રેસકોર્સ મેદાનમાં તૈયારીઓ: આયોજકો દ્વારા આખરીઓપ

### નાતજમણમાં પધારવા આમંત્રણ: વયોવૃદ્ધ, અશકત અને દિવ્યાંગો માટે ખુરશી, ટેબલની વ્યવસ્થા: રકતદાન મહાકેમ્પનું પણ આયોજન

રાજકોટ,તા.૨૧

ભારતની ભુમિએ શૌર્યભુમિ છે.સંતોના પગરવથી પવિત્ર થયેલી આ ભૂમિ છે.દેશની સંસ્કૃતિ તથા હિંદુ ધર્મને બચાવવા કેટલાય શુરવીરોએ પોતાની જાતને ન્યોછાવર કરી છે. એવા એક શુરવીર યોદ્ધા સુર્યવંશના વંશજ લોહરાણા કુળમાં જન્મેલા લોહરગઢના મહારાણા વીરદાદા જશરાજે ગાયોની રક્ષા કાજે શહીદી વ્હોરી હતી.આ નિમિતે રાજકોટના રેસકોર્સના મેદાનમાં લાખો રઘુવંશીઓનો મહાકુંભ યોજાશે. રઘુવંશીઓ એક સાથે મહાપ્રસાદ ગ્રહણ કરશે. સાથે જ રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે.આ જ્ઞાતિજમણ મહાપ્રસાદમાં અંદાજીત લાખો રઘુવંશીઓ પ્રસાદ લેશે.રઘુવંશી પરિવાર દ્વારા નાત જમણમાં આર્શીવાદ આપવા અને સહ પરિવાર પધારવા આમંત્રણ અપાયુ છે. જયારે વયોવૃદ્ધ, અશકત તેમજ દિવ્યાંગો માટે ખુરશી ટેબલ પર પ્રસાદની વ્યવસ્થા પણ રાખેલ છે. રેસકોર્સ મેદાનમાં તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. જયારે ટ્રસ્ટીઓ દ્વારા નાતજમણ કાર્યક્રમની તૈયારીને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

રઘુવંશી પરિવાર ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા લોહાણા સમાજના કુલદેવતા વીરદાદા જશરાજજીના શોર્ય દિન નિમિતે તા.૨૨ને બુધવારે સમસ્ત લોહાણા જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે. જેને અનુસંધાને વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.રઘુવંશી પરિવાર ચેરીટિબલ ટ્રસ્ટની મહિલા સમિતિ દ્વારા સંગીત સંધ્યા, ભજન, બાઈક રેલી સહીતના કાર્યક્રમો યોજાયા હતાં. આ નાતજમણના કાર્યક્રમને સફળ બનાવવા માટે છેલ્લા એક મહિનાથી આયોજકો દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી.

### આઠે પહોર લોહરાણાને ત્યાં દાદા તારા બેસણા

# લોહાણા શરતાજ : વીર દાદા જશરાજ



**ઈતિહાસકાર કર્નલ ટોડે લખ્યું છે કે ભારતની પ્રાચીન કોઇ જાતિ હોય તો તે લોહરાણા છે**

**લોહરાણાઓ વીર-શૂરવીર અને ગૌરવ સંપન્ન પ્રજા છે**

**ખાસ લેખ**

**ઘનશ્યામ ઠકકર (ગાયત્રી ઉપાસક)**

લોહરાણા એટલે... આદિત્ય નારાયણની ઉત્પતિથી જેમનો જીવંત, જવલંત, ઝળહળતો ઉત્કૃષ્ટ ઉજજવળ વિરતાને વરેલો વંશવેલો આજ સુધી અખંડ ધારા રૂપે અવિરત વહેતો આવ્યો છે. એવા લવના અંશો રઘુવંશી લોહરાણા-લોહાણા એટલે, પ્રાચિનતમ જાતિ ધીંગી ધરાની ધૈર્યવાન જાતિ, પરાક્રમી, પરગજુ, પ્રમાણીક, પુરૂષાર્થી, કૃષિ અને ઋષિ પરાયણ દેશની કર્મ-શ્રમ અને શૌર્યના પ્રતિક સમી પ્રભાવીને પ્રભાવક પ્રજા ભલી, ભડ કોમ આપણી જાતિનો જશ આજે પણ જગતમાં જગારા મારે છે.

રઘુવંશી નીતિ રીતિનું પાલન, પોષણ અને રક્ષણ, નેક-ટેક, આંટ, શાંખ અને પ્રતિષ્ઠાની ખાતર પ્રાણ ન્યોછાવર કરવાએ આપણા પૂર્વજોની પરંપરા અને સંસ્કાર છે અને એટલે જ રઘુવંશીઓ માટે કહેવાયું છે,

**રઘુકુળ રીતિ સદા ચલી**

**આઈ પ્રાણ જાય અરૂ બચન ન જાઈ**

આ રઘુવંશી લોહાણા એટલે, એક વચની જબાંવટા (જેનું કોણ જાણે જબાંવટામાંથી બાવટા અને અંતે બાવઢા થઇ ગયું!!) પરદુ:ખ ભંજન, ગૌબ્રાહ્મણ પ્રતિપાલ, પ્રાચીન અને વર્તમાન કાળમાં પણ લોહરાણાઓએ ગૌરક્ષા કાજ પોતાના પ્રાણની આહુતિ અર્પવામાં કયારેય પાછી પાની કરી નથી એનો ઇતિહાસ ગવાહ છે.

રઘુવંશી લોહરાણાઓએ છેક સાતમી સદીથી માંડીને અગિયારમી સદી સુધી આપણા દેશની પૂરા જોશ અને જમીરથી ખુમારીના ખમીરથી રક્ષા કરી છે. સતત ચારસો વર્ષ સુધી આર્યવર્તની રક્ષા કાજ અડીખમ દિવાલ બની ઉભેલા આ અણનમ યોધ્ધાઓ ડુંગરા અને ડુંગળીઓની ઓથે રહી દુશ્મનના છકકા છોડાવતા અને એટલે જ કહેવાય છે. લોહરાણાની લાજ રાખી ધન્ય માતા ડુંગળી (ડુંગળી-કાંદા નહીં!)

ઇ.સ.અગિયારમાં સૈકામાં આવેલ ચીની પ્રવાસી કુશીંયાગે લખ્યુ છે. હિન્દ અને અફઘાનિસ્તાનના સીમા પ્રાંતમાં આવેલ લોહરી જાતનું બળવાન રાજય છે અને ત્યાંના રાજા 'રાણા' કહેવાય છે.

મહમ્મદ કાસીમે પણ ઠકકુર જાતિના મુસ્લિમ હોવા છતાં ભરપેટ વખાણ કર્યા છે. ઇતિહાસકાર કર્નલ ટોડે લખ્યુ છે ભારતની પ્રાચીન કોઇ જાતિ હોય તો તે લોહરાણા છે.

રજતરંગીણીના ૨૪૩ પાને લોહરાણાના ભરપુર વખાણ છે.

ચચનામાં પણ કબુલ કરાયેલ છે કે લોહરાણાએ વીર-શુરવીર અને ગૌરવ સંપન્ન પ્રજા છે. ઇ.સ.૩૯૯માં આવેલ ચીની પ્રવાસી ફાહિયાન આયર્ન એશિયા, બોમ્બે ગેઝેટીયર વિ. પણ લોહરાણાનો ખાસ ઉલ્લેખ કરેલ છે.

કવિ ફરદોશ ઇરાની ઇતિહાસ 'શાહનામા' તેમજ અરબી ભાષાનો ગ્રંથ 'જલાલેજંગ' પણ લોહરાણાની વિરતાના વખાણ કર્યા છે. જોકે લોહાણા ઠકકર, ઠકકુર શબ્દનો અપભ્રંશ છે.

ઠકકુરનો અર્થ થાય વિદ્વાન, પ્રતિષ્ઠિત અને પરાક્રમી. જયારે અમુક વિદ્વાનોએ ઠકકરનો અર્થ કર્યો છે. ઠક એટલે હલેસુ, કર એટલે હાથ-જેના હાથમાં હલેસુ છે યાને દરિયા ખેડુ.

આમ લોહરાણાએ અસંખ્ય વીરો પેદા કર્યા છે તો વીરાંગનાની સંખ્યા એ કમ નથી. વીરદાદા જશરાજની બહેન હરકૌર ૬૦૦ ઉપરાંત વિરાંગનાઓ સાથે રણ મેદાનમાં કુદી પડયા હતા તો માતા રન્નાદે રણ મેદાનમાં વીરગતિને પામ્યા હતા આ સિવાય અન્ય અનેક લોહરાણીઓ વીરાંગના થઇ હતી.

**રાણી હરકૌર, કિજકૌર, બિજકૌર, લક્ષ્મા જયકૌરને**
**જંગ જમાયા**
**વો થી લોહરાણીયા કે જીસને**
**રઘુવંશ કા ખુન દિખલાયા**

આવા લોહરાણા વંશના છેલ્લા રાજવી વીરદાદા જશરાજ તા. ૨૨/૧/૫૮ના વસંતપંચમીના દિને તેજાના લગ્ન ચોવીસ વર્ષની ઉંમરે ઉનડકોટના રાજા રઘુપાલની પુત્રી સુર્યકુમારી સાથે નિધાર્યા હતા. આ લગ્ન અટકાવવા આરબો, તાર્તારો, ઇરાનીઓ, ગીઝનીઓ વિ. સાથે મળી નાપાક કાવતરૂ કર્યુ. લગ્નના દિવસે ગાયો લૂંટાઇ, લગ્નમાં વિક્ષેપ ન પડે એ રીતે દાદાનો જમણો હાથ સિંધુશર્મા (જે ધરાદેવ તરીકે આજે પણ પુજાય છે) બિદાયુની પાછળ પડયા અને તરંગાઇ નદીના કિનારે સિંધુ શર્મા (સારસ્વત બ્રાહ્મણ) દગાથી મરાયા, અશ્વ શબ સાથે લગ્ન મંડપમાં આવે છે. જશરાજ દાદા આ જોઇ વ્યથિત થઇ પોતાની માંદલ(પાઘડી) ફેંકી લગ્ન મંડપ છોડી બિદાયુનીનો ખાત્મો બોલાવે છે. શત્રુ ફરી ડગો કરે છે એક શત્રુ સૈનિક લોહર સૈનિકોનો વેશ ધરી દાદા ઉપર સાંગનો ઘા કરે છે વીર દાદાનું મસ્તક કપાયું પણ ધડ બે દિવસ સુધી લડયું. આ મહાશકિતના અવતારને શાંત કરવા લોહરાણાઓએ ધડ ઉપર પાણી છાંટી પ્રતિજ્ઞા કરી કે, હવેથી લોહરાણાઓ લગ્ન સમયે સફેદ માંદલ અને પાઘ પહેરશે અને તેના ઉપર કંકુના છાટણા કરશે અને દંપતિ વરઘોડીયા તરીકે ઓળખાશે. લોહરાણીઓ સફેદ પાનેતર પહેરશે અને લગ્નમાં 'સાગ'ના પ્રતિક રૂપે સાંબેલુ રાખશે. આખર એ વીરપુરૂષનું શરીર બે દિવસ પછી એટલે કે સાતમના દિવસે શાંત પડયું. દાદાએ મહાપ્રયાણ કર્યુ.

આજે પણ સતની સાક્ષી પુરતી પૂજાતી ખાંભી એમના અશ્વ લાલુ સાથે કુર્મ નદીના કાંઠે કઇના મનમાં મનોરથ પુરા કરતી આસ્થાભેર અડીખમ ઉભી છે.

**ઔરો કે લીયે જો જીતા હૈ, ઔરો કે લીયે જો મરતા હૈ,**
**ઉસકા હર ધર્મ રામાયણ, હુર કર્મ ગીતા હૈ**

સત્ય, સ્વાપર્ણ, સમર્પણ અને શહીદીથી સુગંધિત આપનુ જીવન હતું. શૌર્ય, સેવા અને રાષ્ટ્ર રક્ષાની ભાવનાથી કેટલું સભર અને સધ્ધર હતું.

**શહિદ દિન નિમિતે દાદા શત શત વંદના**

## ચીટર પ્રદિપ વાળાનો ભોગ બન્યાં છો, તો પોલીસ પાસે આવો

# ક્રેડિટકાર્ડ બંધ કરાવવા અને લિમિટ વધારવાના નામે રૂપિયા પડાવી લેતો જુનાગઢનો પ્રદીપ વાળા ઝડપાયો

રાજકોટ. તા.૨૧

જેતપુર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં અનેક ગ્રાહકો સાથે ક્રેડિટકાર્ડ બંધ કરાવવા અને લિમિટ વધારવાના નામે રૂપીયા પડાવી લેતો જુનાગઢના પ્રદીપ વાળાને જેતપુર સીટી પોલીસે દબોચી લઈ ત્રણ દિવસના રિમાન્ડ પર લીધો હતો.બે વર્ષથી કણકીયા પ્લોટમાં આવેલ બેંક ઓફ બરોડામાં કામ કરતાં આરોપી પ્રદીપને ચાર માસ પહેલાં ટર્મિનેટ કરાયો હોવાનું પણ ખુલ્યું હતું. જ્યારે ઓટીપીના આધારે ઓનલાઈન રૂપિયાનું ટ્રાન્ઝેકશન કરતો ફ્રોડમાં સંડોવાયેલ માંડવીના રવિ વાળાની શોધખોળ હાથ ધરી છે.

જેતપુર, કણકીયા પ્લોટમાં આવેલ બેંક ઓફ બરોડામાં ક્રેડીટ કાર્ડનુ કામ કરતા પ્રદિપ ભીખુ વાળા (રહે.જુનાગઢ) વિરૂધ્ધ જેતપુર શહેર તેમજ આસપાસના

### પ્રદિપ વાળા ક્રેડિટકાર્ડના ફોટા મેળવતો, રવિ કમીશનથી રૂપિયા ઉપાડી લેતો

રાજકોટ. તા.૨૧

આરોપી પ્રદિપ વાળા ક્રેડીટ કાર્ડ બંધ કરવાના બહાને તથા ક્રેડીટ કાર્ડની પૈસાની લીમીટ વધારી આપવાના બહાને કોઇ પણ રીતે લોકો પાસેથી ઓ.ટી.પી. તથા ક્રેડીટ કાર્ડના ફોટાઓ મેળવી લઇ સાથેના આરોપી રવિ વાળાને વોટસએપથી મેસેજ કરી કોઇપણ રીતે પૈસા ઉપાડી લઇ બાદ રવિ પોતાના કમીશનના પૈસા રાખી લઇ બાકીના પૈસા આરોપી પ્રદીપને મોકલી આપતો હતો. તેમજ આરોપી પ્રદીપ ક્રેડીટ કાર્ડના બીલ ભરવાની વાત કરી લોકો પાસેથી ગુગલ પે અથવા રોકડા રૂપીયા લઇ પાછળથી ક્રેડીટ કાર્ડના બીલ નહિ ભરી ગુનો કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવતાં હતાં.

### જેતપુર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં અનેક ગ્રાહકો ફ્રોડ આચર્યાનો ઘટસ્ફોટઃ બે વર્ષથી કણકીયા પ્લોટમાં આવેલ બેંક ઓફ બરોડામાં કામ કરતાં આરોપી પ્રદીપને ચાર માસ પહેલાં ટર્મિનેટ કરાયો હતો

ગામડાના આશરે પંદરેક લોકો સાથે ક્રેડીટ કાર્ડ બંધ કરવાના બહાને તથા ક્રેડીટ કાર્ડની લીમીટ વધારી આપવાના બહાને, ગ્રાહકોને પોતાના ઝાંસામાં લઈ, ઓ.ટી.પી. તથા ક્રેડીટ કાર્ડના ફોટાઓ મેળવી, પોતાના મીત્ર મારફતે ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરાવી લઈ, ફોડમાં મળેલ રૂપીયા પોતાના ખાતામાં જમા કરાવી, રોકડા મેળવી લેતા હોવાની ફરિયાદો જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં આવેલ હતી.

જે બનાવની ગંભીરતાને ધ્યાને



રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ રૂરલ એસપી હિમકર સિંહ, ડીવાયએસપી રોહીતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ આઈટી એક્ટ મુજબનો ગુનો દાખલ કરી પીઆઈ એ.ડી.પરમારની રાહબરીમાં જેતપુર સીટી પોલીસની અલગ અલગ ટીમ બનાવી આરોપી જૂનાગઢના પ્રદિપ વાળાને ગણતરીના કલાકોમાં ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસની ટીમે આરોપીની ધરપકડ કરી પુછપરછ કરતા જાણવા મળેલ કે, આરોપી છેલ્લા બે વર્ષથી જેતપુર શહેરમાં આવેલ બેન્ક ઓફ બરોડાની શાખામાં નોકરી કરતો હતો અને ચારેક મહિના પહેલા બેન્કમાં કોઇ ગ્રાહકે ફરીયાદ કરતા બેન્ક દ્વારા આરોપીને ટર્મીનેટ કરી દેવામા આવેલ છે. આરોપીની વધુ સઘન પુછપરછ કરતા જણાવેલ કે, આજ સુધી અસંખ્ય ગ્રાહકોના ક્રેડીટ કાર્ડ મેળવી ફ્રોડ

### જેતપુર સીટી પોલીસની કાર્યવાહીઃ પ્રદિપ વાળા ત્રણ દિવસના રિમાન્ડ પરઃ ઓટીપીના આધારે ઓનલાઈન રૂપિયાનું ટ્રાન્ઝેકશન કરી ફ્રોડમાં સંડોવાયેલ માંડવીના રવિ વાળાની શોધખોળ

આચરેલ છે. તેમજ આરોપી ગ્રાહકોને ફોન કરી ક્રેડીટ કાર્ડની લીમીટ વધારવા, બંધ કરવાના તથા બાકી બીલ પેમેન્ટ ભરી આપવાના બહાને રૂબરૂ બેંકમાં બોલાવતો અથવા પોતે ગ્રાહકોના ઘરે જતો બાદમાં ગ્રાહકોનુ ક્રેડીટ કાર્ડ મેળવી, તેનો ફોટો પોતાના મીત્ર રવી માનસીંગ વાળા (રહે. માંડવી, કચ્છ) ને મોકલી આપતો જે તુરંત ઓનલાઈન

**મોબાઈલ એપ મારફતે રૂપીયા ઉપાડી લેવા ટ્રાન્ઝેકશન કરતો હતો**

બાદમાં ઓટીપી જનરેટ થતા આરોપી ગ્રાહકો પાસેથી ઓટીપી મેળવી પોતાની મિત્રને વોટ્સએપ મારફતે મોકલી આપતો જેથી આરોપી રવી વાળા તેમાંથી રૂપીયા ટ્રાન્સફર કરી લઈ પોતાના ખાતામાં મેળવી લેતો હતો. બાદમાં બન્ને આરોપી ફ્રોડમાં મળેલ રકમની ભાગ બટાઈ કરી લેતા હતા. પોલીસ બન્ને આરોપીઓના તમામ બેન્ક એકાઉન્ટ તાત્કાલીક ફ્રીઝ કરવામાં આવેલ છે અને અટક કરેલ આરોપી પ્રદીપ ભીખુ વાળા કોર્ટમાં રજુ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવી વધુ પૂછતાછ શરૂ કરેલ છે. જ્યારે ફરાર આરોપી રવી માનસીંગ વાળા (રહે.માંડવી, કચ્છ) ની શોધખોળ હાથધરી છે.

### ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ કે ઓટીપી ક્યારેય કોઈને પણ આપવા નહી, ફ્રોડનો ભોગ બની શકો છોઃ પોલીસની અપીલ

રાજકોટ. તા.૨૧

જેતપુર પોલીસ જાહેર જનતા જોગ અપીલ કરી હતી કે, આપ જ્યારે પણ બેન્કમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ પૈસા કે ક્રેડીટ કાર્ડ સંબંધીત કામ સબબ જાવ છો, ત્યારે આપના ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ તથા ઓટીપી ક્યારેય કોઈને પણ આપવા નહી. આવા લોકો આપના વિશ્વાસનો દુરપયોગ કરી, સાયબર ફ્રોડ આચરતા હોય છે. તેમજ ઉપરોક્ત ગુનામાં જણાવેલ આરોપીએ અન્ય કોઈ વ્યક્તિ સાથે ફ્રોડ આચરેલ હોય તો, તુરંત જ જેતપુર સીટી પોલીસનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ‘તારૂ ઈન્સ્ટાગ્રામમાં બોવ હાલી ગયું લાગે છે’ કહી અજય ઉર્ફે અજુ પર છરીથી હુમલો

### રેલનગરમાં આવેલ રવેચી ટી સ્ટોલે યુવક મહિલા મિત્રને મળવા ગયો ત્યારે રહીશ ખાટકી સહિતના શખ્સો તૂટી પડ્યાઃ ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયોઃ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી

રાજકોટ.તા.૨૧

રેલનગર મૈસુરભગત ચોક પાસે અજય ઉર્ફે અજુ સંજય સોલંકી (ઉ.વ.૨૦, રહે.ચુનારાવાડ ચોક, શેરી નં-૧ આજી નદીના કાંઠે સવલીબેન રજપુતના મકાનમા) ને રહીશ ખાટકી ઉર્ફે અબુ મહમદ ભાડુલા અને બે અજાણ્યા શખ્સોએ તારું ઈન્સ્ટાગ્રામમાં બોવ હાલી ગયું લાગે છે કહી માથાના ભાગે અને પગમાં છરી ઝીંકી દેતાં યુવાનને સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે અજયે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે છુટ્ક મજૂરી કામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. તે દોઢેક વર્ષથી મુસ્કાન નામની યુવતી સાથે મિત્રતાના સંબંધમા છે. બન્ને ઘણીવાર બહાર ચા-પાણી નાસ્તો કરવા માટે મળતા હતાં. તા.૨૦ ના સવારના ચારેક વાગ્યાની આસપાસ હુ અને મારી મિત્ર સપના કનોજીયા સાથે કાલાવાડ રોડ કેકેવી હોલ પાસે આવેલ જય સીયારામ ચાની હોટલ પાસે બેઠા હતા ત્યારે મુસ્કાને તેના મોબાઇલમાથી વોટ્સએપ કોલ કરેલ અને કહેલ કે,હુ રવેચી હોલ મેસુરભગત ચોક પાસે રેલનગર જવાના રસ્તે એકલી છુ જેથી મને લેવા આવ, બાદમાં તે પોતાનું એક્ટીવા લઈ મુસ્કાનને લેવા માટે રવેચી હોટલ ખાતે પહોંચેલ અને મુસ્કાનને મળેલ ત્યારે મુસ્કાન સાથે તેનો પતિ સાહીલ વાઘેર,રહીશ ખાટકી ઉર્ફે અબુ ભાડુલા તેમજ બીજા બે અજાણ્યા શખ્સો મળેલ હતાં.

બાદમાં યુવકને રહીશ અને તેની સાથેના અજાણ્યા બે શખ્સો રવેચી હોટલની પાછળની બાજૂ આવેલ ડમ્પર પાસે લઈ ગયેલ અને કહેલ કે, તારુ ઈસ્ટાગ્રામમાં બહું હાલી ગયુ લાગે છે કહીં તેની પાસે રહેલ છરી વડે માથામા એક છરકો મારેલ અને તેની સાથેના બે અજાણ્યા શખ્સોએ ઢીકાપાટુનો માર મારેલ હતો. ઉપરાંત રહીશે તેમને શરીરે આડેધડ છરી વડે છરકાઓ મારેલ અને મારતા-મારતા આગળ લઈ ગયેલ અને ત્યારબાદ માણસો ભેગા થઈ જતા આરોપીઓ સફેદ કલરની સ્વીફ્ટ લઈ નાસી ગયેલ હતાં.

બાદમાં યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફતે સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# ધો.૧૨ પાસ સંજય ટીલાવત ડોક્ટર બની દર્દીની સારવાર કરતો : રૂરલ એસઓજીએ દબોચ્યો



### મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં બે વર્ષથી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતો’તો : દવા - ઈન્જેકશન, મેડિકલ સાધનો મળી રૂ.૪૪૦૦૦નો મુદ્દામાલ જપ્ત

રાજકોટ, તા.૨૧

મેટોડામાં ધો.૧૨ પાસ સંજય દિનેશભાઈ ટીલાવત(ઉં. વ.૩૦, રહે. નાના સગડીયા, તા. પડધરી) ડોક્ટર બની દર્દીની સારવાર કરતો હતો. જેને રાજકોટ રૂરલ એસઓજીએ દબોચી લીધો છે. તે બે વર્ષથી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતો હતો. દવા-ઈન્જેકશન, મેડિકલ સાધનો મળી રૂ.૪૪૧૮૭નો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી કાયદેસર કાર્યવાહી કરી હતી.આ અંગે પોલીસે સૂત્રોએ જણાવ્યું કે, રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ અને રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા ડોક્ટર તરીકેની ડીગ્રી ન ધરાવતા હોય અને એલોપેથિક દવા તથા ઇન્જેકશનો ગેરકાયદેસર રીતે આપી સારવારના નામે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તેવા શખ્સોને શોધી ધોરણસરની કડક કાર્યવાહી કરવા સુચના અપાઈ હતી. જે અનુસંધાને રાજકોટ ગ્રામ્ય એસઓજી શાખાના પીઆઇ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બી.સી.મિયાત્રા, પીએસઆઇ પી.બી. મિશ્રા અલગ અલગ ટીમો બનાવી કાર્યરત હતા. એ દરમ્યાન હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ અગ્રાવત તથા શિવરાજભાઇ ખાચરને મળેલ સંયુક્ત હકીકત આધારે મેટોડા જીઆઈડીસી ખાતેથી કોઈ ડીગ્રી ન હોવા છતા સર્વોદય નામે કલીનીક ચલાવી ડોકટર તરીકે પ્રેક્ટીસ કરતા અને એલોપેથીક મેડીકલ પ્રેક્ટીસને લગતી જુદી જુદી એલોપેથિક દવા સાથે સંજયને પકડી મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કામગીરી એસ.ઓ.જી. પીઆઇ એફ.એ.પારગી, પીએસઆઇ બી.સી.મિયાત્રા, પી.બી.મિશ્રા, એ.એસ.આઇ. અમિતભાઈ કનેરિયા, જયવીરસિંહ રાણા, ઇન્દ્રસિંહ જાડેજા, સંજયભાઈ નિરંજની, હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ અગ્રાવત, પ્રહલાદસિંહ રાઠોડ, અરવિંદભાઈ દાફડા, વિજયભાઈ વેગડ, કોન્સ્ટેબલ ચિરાગભાઈ કોઠિવાર, રઘુભાઈ ઘેડ, વિજયગીરી ગૌસ્વામી વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

### બોગસ ડોકટર સામે ડ્રાઈવઃ પાંચ દિવસમાં ત્રણ કેસ

રાજકોટ રૂરલ પોલીસની એસઓજી ટીમે પાંચ દિવસમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ત્રણ આરોપી સામે કાર્યવાહી કરી. જેમાં ગઈકાલે મેટોડા જીઆઈડીસીમાં કરેલ કાર્યવાહી ઉપરાંત ગોંડલના સડક પીપળીયામાં હોમિયોપેથીક ડિગ્રી વાળો ડોક્ટર એલોપેથીક સારવાર કરતો હતો તેની વિરૂધ્ધ ગુનો દાખલ કરાયેલ. એ સિવાય લોધીકાના ઢોલરામાં કોઈ પણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર ડોક્ટર બની લોકોના આરોગ્ય સાથે ખિલવાડ કરતો શખ્સ પણ પકડાયો હતો.

# કોઠારીયા કિંમતી જમીનનો દાવો સિવિલ કોર્ટે રદ કરતા ડિસ્ટ્રીકટ અદાલતમાં અપીલ દાખલ કરાઈ

### કોર્ટ દ્વારા પરસોતમ રામાણી વિગેરે વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવ્યું

રાજકોટ, તા.૨૧

કોઠારીયાના રે.સ.નં. ૩૨૩ પૈકી ૭ ની જમીન અંગે રાજકોટ સિવિલ કોર્ટના હુકમ સામે ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં અપીલ કરાઈ છે. જેથી કોર્ટ દ્વારા સમન્સ કાઢવામાં આવેલ છે.

રાજકોટ તાલુકાના ગામ કોઠારીયાના રે.સ.નં. ૩૨૩ પૈકીની જમીન એકર ૧૨-૬ ગુઠા તથા રે.સ.નં. ૨૯૫ પૈકીની જમીન એકર ૩-૩૫ ગુઠા વાલજીભાઈ ખોડાભાઈ રામાણીને તેમના પિતા પાસેથી હકકપત્રક નોંધ નં. ૨૮૩ થી પ્રાપ્ત થયેલ. વાલજીભાઈએ તેમની હયાતીમાં હકકપત્રક નોંધ નં.૧૨૮૩થી તેમના વારસદારો વચ્ચે વહેંચણી કરેલ. નોંધ નં. ૧૨૮૩ની અરજી વાલજીભાઈએ કોઠારીયા તલાટી કમ મંત્રીને કરેલ તે અરજીમાં ભીખુભાઈ વાલજીભાઈ રામાણીનું નામ છેકીને તેની જગ્યાએ પરસોતમભાઈનું નામ પાછળથી ઉમેરેલ તેમજ નોંધ નં.૧૨૮૩ ના કામે ૧૩૫-ડી ની નોટીસમાં પણ ભીખુભાઈની સહી નથી કારણ કે, તેઓ તેમની સહી ભીખુભાઈ વાલજીભાઈ રામાણી તરીકે કરે છે જયારે નોટીસમાં તેમની સહી પટેલ ભીખાલાલ વાલજીભાઈ તરીકે કોઈ ત્રાહિત વ્યકિતએ કરેલ છે.

આ રીતે પરસોતમભાઈએ તલાટી કમ મંત્રી તથા રેવન્યુ ઓથોરીટી સાથે મીલાપીપણુ કરી બોગસ અને બનાવટી દસ્તાવેજો ઉભા કરી, મહેસુલ ધારાની જોગવાઈઓ વિરૂધ્ધ ૧૩૫ (ડી)ની નોટીસ બજાવ્યા વગર અને ૧૩૫-ડી ની નોટીસમાં ભીખુભાઈની ખોટી સહી કરી કોઠારીયા ગામના હકકપત્રકે નોંધ નં.૧૨૮૩ પડાવી પરસોતમભાઈએ ભીખુભાઈનો હકક, હિત, હિસ્સો ડુબાડેલ હોય જે મેળવવા પરસોતમભાઈ સહિતના વિરૂધ્ધ રાજકોટની સિવિલ કોર્ટમાં દાવો કરેલ. જે દાવો કોર્ટે રદ કરેલ. તે હુકમ સામે ભીખુભાઈએ રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ કરતા કોર્ટ દ્વારા પરસોતમભાઈ વિગેરે વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવેલ છે. આ અપીલમાં ભીખુભાઈ વતી એડવોકેટ તરીકે દિલીપ એમ. મહેતા રોકાયેલ છે.

## અવસાન નોંધ

**જુનાગઢ:** સ્વ. વીરેન્દ્રકુમાર રામશંકરભાઈ ખીરા (ઉ.૬૬) તે સ્વ. બળવંતરાય રામશંકરભાઈ ખીરા, ભાસ્કરરાય રામશંકરભાઈ ખીરા તથા જનકરાય રામશંકરભાઈ ખીરા તથા પદમાબેન, પ્રવીણાબેનના ભાઈ, નીરવ, શિવાંગીના પિતાશ્રી, ભાવીનકુમાર મહેતાના સસરા, સ્વ. બચુભાઈ વલ્લભભાઈ સાતા રાજકોટ વાળાના જમાઈ અને સ્વ. પ્રફુલભાઈ બચુભાઈ સાતાના બનેવીનું તા.૧૯ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા.૨૩ના ૪થી ૬ બીલનાથ મહાદેવ મંદિર, અક્ષર મંદીરની પાસે, વંથલી રોડ, જૂનાગઢ રાખેલ છે.

**ભાણવડ:** સ્વ.દુર્લભજી ભુરાભાઈ મહેતાના પુત્ર ચંદ્રકાંત દુર્લભજી મહેતા (ઉ.૮૧) તે સ્વ. બીપીનચંદ્રના ભાઈ, કુંદનબેનના દિયર, ઉપેન, પ્રિતલબેન, વૈશાલીબેનના કાકા, સોનલબેન, પ્રકાશકુમાર, ચિંતનકુમારના કાકાજી, ભવ્ય, હસ્તી, પરમ, જીલ અને ઝલકના દાદાકાકા તા.૨૦ના અરીહંત શરણ પામેલ છે. ઉઠમણું તા.૨૨ના સવારે ૧૦ કલાકે પ્રાર્થનાસભા તા.૨૨ના સવારે ૧૧ કલાકે સ્થા.જૈન ઉપાશ્રય, હર્ષદ શેરી, ભાણવડ રાખેલ છે.

**મોરબી:** મુળ ટંકારા વાળા હાલ મોરબી નિવાસી સ્વ. મનહરલાલ ઝવેરચંદ મહેતા (ઉ.૮૦) તે જયેશભાઈ, હીનાબેન, પુનીતાબેનના પિતાશ્રી, હેતલબેન, ભરતકુમાર, સમીરકુમારના સસરા, પૂજનના દાદા તા.૧૯ના અરીહંત શરણ પામેલ છે.

**કોટડાસાંગાણી:** સ્વ. લાભુબેન બેચરદાસજી ટીલાવત (ઉ.૭૮) તે સ્વ. અમરદાસજી બેચરદાસજી ટીલાવતના મોટા બહેન, રાઘવદાસ, અલ્પેશદાસના ફૈબાનું તા.૨૦ના અવસાન થયું છે. બેસણું તા.૨૪ના ૩થી ૬ તેમના નિવાસે ‘રામ રક્ષા’ જેલ શેરી, કોટડા સાંગાણી ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રૈયા નિવાસી વાઘજીભી હરિસિંગજી ચાવડા (ઉ.વ.૬૭)તે ગંભીરસિંહ વાઘજીભી ચાવડા અને લખધિરસિંહ વાઘજીભી ચાવડાના પિતાશ્રીનું તા.૨૦ સોમવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૨ને બુધવારના રોજ સાંજે ૪ થી ૬ ખોડિયાર મંદિર, રૈયા ગામ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** ઠા. પંકજભાઈ કનૈયાલાલ વસાણી (ઉ.વ.૫૯) રાજકોટ નાગરિક સહકારી બેંક કર્મચારી મૂળ જસદણ હાલ રાજકોટ તે સ્વ. કનૈયાલાલ નારણદાસના સુપુત્ર, તે દેવેન્દ્રભાઈ તથા ઉર્વશીબેન પ્રકાશકુમાર પાઉ (રાજકોટ) તથા અરૂણાબેન વિનોદરાય વણઝારા (મુંબઈ)ના ભાઈ તથા માનસી સ્મિતકુમાર કારિયા તથા હિરલ પંકજભાઈ વસાણીના પિતાશ્રી તથા ગોપાલ દેવેન્દ્રભાઈના મોટા પપ્પા તથા સ્વ. ભાઈલાલભાઈ ભગવાનજીભાઈ પોપટ (ધારી) ના જમાઈ, અતુલભાઇ ભાઈલાલભાઈના બનેવીનું તા. ૨૦-૧ ના રોજ અવસાન થયું છે. તેમની પ્રાર્થના સભા તા. ૨૩-૧ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૫.૩૦ રાષ્ટ્રીય શાળા રાજકોટ ખાતે રાખવામાં આવી છે. સસુર પક્ષની સાદડી પણ સાથે રાખેલ છે તેમજ તા. ૨૫-૧ ને શનિવારે સાંજે ૪ થી ૫ ગાયત્રી મંદિર જસદણ ખાતે પ્રાર્થના સભા રાખેલ છે.




બીજી વાર્ષિક પૂણ્યતિથીએ
ભાવભીની શ્રદ્ધાંજલી

જીવન એવું જીવી ગયા કે જોનારા જોતા રહ્યા,
કર્મ સદા એવા કર્યા સૌના હૃદયમાં ગુંજયા કરે,
ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહી,
આપ સુખ દુઃખમાં સદા હસતા અને હસાવતા રહ્યા,
તમારૂ જીવન એ પ્રેરણા અને આદર્શો અમારૂ માર્ગદર્શન છે,
અમે તમારા સફળ જીવન, દયાળુ સ્વભાવ અને લાગણીશીલતા
ને કયારેય નહી ભુલીએ... પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય
આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના... ૐ શાંતિ...

સ્વ. મનહરભાઈ કેશુભાઈ ભાદરકા
(લોકગાયક મનહર યાદવ)
સ્વ.તા. ૨૧/૦૧/૨૦૨૩, શનિવાર
પોષ વદ શનેશ્વરી અમાસ

રમાબેન મનહરભાઈ ભાદરકા
સાજણબેન કેશુભાઈ ભાદરકા
બિમલ, જાનવી, જયાંશુ
તથા ભાદરકા પરિવારના જયશ્રી કૃષ્ણ


# ગાંજો વાવ્યો હોવાના કેસમાં સાધુ યોગી ધરમનાથના જામીન મંજુર

### વાજડીવડ ગામે વાગુદળના રસ્તે આવેલા આશ્રમમાં ગાંજાના છોડ વાવ્યા હતા તેવી ફરિયાદ નોંધાઈ હતી

રાજકોટ તા.૨૧

લોધીકા તાલુકાના વાજડીવડ ગામની સીમમાં વાગુદડ રોડ પર આવેલ શ્રીનાથજી મઢી આશ્રમના પાછળના ભાગેથી રાજકોટ રૂરલ એસઓજીની ટીમે ગાંજાના છોડ ઝડપી લીધા હતા. એફએસએલ પરિક્ષણમાં આ છોડમાં ગાંજાના ઘટકો મળતા લોધીકા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

જેમાં આ આશ્રમના સાધુ યોગી ધરમનાથ ગુરૂ દેવીનાથ, સંસારી નામ જીજ્ઞેશકુમાર નવીનચંદ્ર ધામેલીયાની ધરપકડ કરાઈ હતી. સેશન્સ કોર્ટે જામીન રદ કરતા ધરમનાથે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં બચાવપક્ષના વકિલે કરેલી દલીલો ધ્યાને હાઈકોર્ટે આરોપી સાધુને જામીન મુક્ત કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં યોગી ધરમનાથ વતી ગોંડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોંડલીયા તથા હિરેન ડી.લિંબડ, દિલીપસિંહ જાડેજા, મોનિષ જોષી, પારસ શેઠ, કુલદીપસિંહ વાઘેલા, કરણ ડી.કારીયા (ગઢવી), કાજલબેન ખસમાણી, શીરાક મુદીન એમ.શેરશીયા, ખુશીબેન ચોટલીયા, નીરાલીબેન કોરાટ, વિરલ વડગામા, ક્રિષ્નાબેન પીઠડીયા, પીયુષ કોરીંગા, મૌલીક ગોધાણી, સમીર શેરશીયા, ધારા બગથરીયા, પ્રિયંકાબેન સામધ્રા, કેતન રાખસીયા, દિક્ષીત કોટડીયા, મયુર ગોંડલીયા, ધવલ જેઠવા, મનીષ ત્રિવેદી, મનીષ ઠાકર, યશ સોની, ભુમી મહેતા, દિપક રાઠોડ, કૌશિક ઉનાગર, યશ રાદડીયા તથા પ્રિયાંશ ધિનોરા, પદ્માવતીબેન રોકાયેલ હતા.



જયેન્દ્ર ગોંડલીયા, એડવોકેટ

# પાર્સલ સર્વિસના ધંધાર્થી સહિત ત્રણના હાર્ટએટેકથી મોત

### શ્રીરામ પાર્ક સોસાયટીમાં આશિષભારથી ગૌસ્વામી, હરસિધ્ધિ સોસાયટીમાં સંજયભાઈ ગોહીલ અને ખોડિયાર નગરના રાજુભાઈ દતનું હૃદય થંભી ગયું

રાજકોટ તા.૨૧

શહેરમાં પાર્સલ સર્વિસના ધંધાર્થી સહિત ત્રણના હાર્ટ એટેકથી મોત નિપજયા છે. જેમાં શ્રીરામ પાર્ક સોસાયટીમાં આશિષભારથી ગૌસ્વામી, હરસિધ્ધિ સોસાયટીમાં સંજયભાઈ ગોહીલ અને ખોડિયાર નગરના રાજુભાઈ દતને હૃદય રોગનો હુમલો આવતાં મોત નિપજ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ આરટીઓ ઓફિસની પાછળ શ્રીરામ પાર્ક સોસાયટી હુડકો કવાર્ટરમાં રહેતાં આશિષભારથી શાંતિભારથી ગૌસ્વામી (ઉ.વ.૪૫) તેઓ ગઈ કાલ બપોરના ત્રણ વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતાં ત્યારે અચાનક શ્વાસ ચડતાં બેભાન થઈ જતાં તાકિદે તેઓને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવારમાં ફરજ બજાવતા તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ બે ભાઈમાં નાના હતાં. તેને સંતાનમાં એક પુત્ર છે. તેઓ પાર્સલ સર્વિસનું કામ કરતા હોવાનું મૃતકના પરિવારજને જણાવ્યું હતું.

બીજા બનાવની વિગત મુજબ સ્ટર્લીંગ હોસ્પિટલની પાછળ હરસિધ્ધિ સોસાયટી શેરી નં-૩ માં રહેતાં સંજયભાઈ પ્રેમજીભાઈ ગોહિલ (ઉ.વ.૫૪) નામના પ્રૌઢ ગઈ કાલ સાંજના પાંચ વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતાં ત્યારે અચાનક બેભાન થઈ જતા તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનમાં મોટા હતાં. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

વધુ એક બનાવની વિગત મુજબ ખોડિયાર નગર શેરી નં-૧૩ માં રહેતાં રાજુભાઈ દશરથભાઈ દત (ઉ.વ.૪૪) તેઓ ગઈ કાલ રાત્રિના સાડા નવ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતાં બેભાન થઈ જતાં તાકીદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ દમ તોડી દિધો હતો. મૃતક યુવક કારખાનામાં કામ કરતો હતો. અને ચાર ભાઈમાં મોટો હોવાનું જાણવા મળ્યું હતું.

# રાજકોટ બારની ચૂંટણીમાં બીસીજીએ રી-કાઉન્ટીંગ માટે કરેલ રીઝોલ્યુશન રદ કરતી ગુજરાત હાઈકોર્ટ

### કારોબારી સભ્ય હીરેન ડોબરીયાએ હાઈકોર્ટમાં પિટિશન કરી હતી, તમામ પક્ષને સાંભળી નિર્ણય લેવાશે

રાજકોટ, તા.૨૧

રાજકોટ બારની ચૂંટણીમાં કારોબારી સભ્યના એક પદ માટે બીસીજીએ રી-કાઉન્ટીંગ માટે કરેલ રીઝોલ્યુશન ગુજરાત હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યું છે. કારોબારી સભ્ય હીરેન ડોબરીયાએ હાઈકોર્ટમાં પિટિશન કરી હતી. જે બાદ હવે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ઈલેક્શન કમિટી દ્વારા તમામ પક્ષને સાંભળી નિર્ણય લેવાશે.

આ અંગે મળતી વિસ્તૃત વિગત મુજબ, રાજકોટ બાર એસોશીએનની ચુંટણીમાં હીરેન પરસોતમભાઈ ડોબરીયા કારોબારી સભ્ય તરીકે ૯ માં ક્રમે ૧૦ મતે વિજેતા થતા અન્ય કારોબારી ઉમેદવાર કિશન વાલ્વાએ બે વખત ફેરમતગણતરી કરવા આપેલ અરજીઓ ચુંટણી અધીકારીઓએ નામંજુર કરેલ. જેથી કીશન વાલ્વાએ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં કરેલ અરજી એન્વયે ચુંટણી અધીકારીઓ કે હીરેન ડોબરીયાને સાંભળવાની તક આપ્યા વગર એકતરફી ફેર મતગણતરી કરવા બાર કાઉન્સીલે ચુંટણી અધીકારીઓને હુકમ કરેલ. એ રીતે પ્રશ્ન બાર કાઉન્સીલ અને ચુંટણી અધીકારીઓ વચ્ચેનો હોય છતાં રાજકોટ બાર એસો. દ્વારા ઠરાવ કરી તા.૧૬/૦૧/૨૦૨૫ ના ફેરમતગણતરી કરવા ચુંટણી અધીકારીઓને જણાવી બે વચ્ચેના પ્રશ્નોમાં દખલગીરી કરેલ. હાઈકોર્ટમાં જવા કારોબારી હીરેન ડોબરીયાએ બાર એસોશીએશન પાસે નકલની માંગણી કરતી કરેલ અરજી બાર એસો.એ દફતરે કરેલ. બાર કાઉન્સીલ પાસે પણ માંગવામા આવેલ નકલો આપવામાં આવેલ નહી. જેથી હીરેન ડોબરીયાએ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના તા.૫/૧/૨૦૨૫ના રી કાઉન્ટિંગના રીઝોલ્યુશન સામે પિટિશન કરેલી. જેથી હાઇકોર્ટે સ્ટે આપ્યો હતો.



પિટિશન તા.૨૦/૦૧/૨૦૨૫ ના હાઈકોર્ટમાં સાંભળવા પર આવતા હીરેન ડોબરીયા વતી એડવોકેટ આશિષ ડગલી તથા સરકાર વતી ભરત વ્યાસ તથા ચુંટણી અધિકારી વતી એચ.જે. કરથીયા તથા બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તરફે એમ.જે. મહેતા તથા કિશન વાલ્વા તરફે આલોક એમ. ઠકકર તથા બાર એશોસીએશન વતી હર્ષ કે. રાવલ ઉપસ્થિત રહેલ. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના એડવોકેટ ધ્વારા સ્વીકારવામાં આવેલ કે હીરેન ડોબરીયાને કે ચુંટણી અધિકારીઓને સાંભળ્યા વગર રીઝોલ્યુશન પાસ કરવામાં આવેલ અને બાર કાઉન્સીલ ઓફ ગુજરાત બધી જ પાર્ટીને સાંભળવા તક આપવા તૈયાર છે. તે વખતે ચુંટણી અધિકારી તથા બાર એશોસીયેશન વતી રોકાયેલ એડવોકેટ ધ્વારા પણ તેઓને સાંભળવામાં આવે તેવી રજુઆત કરવામાં આવે અને હિરેન ડોબરીયાના એડવોકેટ ધ્વારા ઉપરોક્ત હકીકતો મુજબની દસ્તાવેજી પુરાવા સાથે રજુઆતો કરવામાં આવેલ. હાઇકોર્ટે બાર બીસીજીનું રીઝોલ્યુશન રદ કરી સબંધીતોને સાંભળવા બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને જણાવતો હુકમ હાઇકોર્ટે ફરમાવ્યો છે.

# રાજકોટના વેપારીઓએ રાજય બહારની પેઢીઓ સામે ૭૦ લાખથી વધુની રકમના સમરી દાવા કર્યા

રાજકોટ તા.૨૧

રાજકોટના વેપારીઓએ ગુજરાત બહાર કરેલ ધંધાકીય વ્યવહારોની બાકી રકમ વસુલાત માટે સમરી દાવાઓ તથા ફોજદારી ફરિયાદ દાખલ કરી છે. રાજકોટ આજી જીઆઈડીસી અને શાપર સ્થિત ઈમ્પેકટસ પ્રોલિફિક પ્રાઈવેટ લીમીટેડ કંપનીએ મહારાષ્ટ્રની જુદી જુદી ત્રણ વેપારી પેઢીઓ સાથે કરેલ ધંધાકીય વ્યવહારો હેઠળ રૂપિયા ૪૫ લાખથી વધુની કારણોસર બાકી લેણી નીકળતી રકમની વસુલાત અર્થે ૦૩ સમરી દાવાઓ તથા ચેક રિટર્નની બે ફોજદારી ફરિયાદ થઈ છે. પડધરી ખાતે સ્થિત ગ્રીન એરા મલ્ટીટેક એલએલપી નામની પેઢીએ તામીલનાડુ, કર્ણાટક, ઓડીશા, તેલંગણ, મહારાષ્ટ્ર સહિત જુદી જુદી વેપારી પેઢીઓ સાથે કરેલ ધંધાકીય વ્યવહારો હેઠળ રૂપિયા ૨૫ લાખથી વધુની કાયદેસર બાકી લેણી નીકળતી રકમની વસુલાત અર્થે ૦૬ સમરી દાવાઓ રાજકોટની કોર્ટમાં દાખલ કરેલ છે. કોર્ટે તમામ બાકીદારો સામે નોટીસો કાઢી છે. આ કેસોમાં વેપારીઓ તરફે એડવોકેટ ગજેન્દ્ર જાની, રાજેશ દલ, જતીન યાજ્ઞીક, જતીન ભટ્ટ, નિખિલ ભટ્ટી, નીલેશ દવે તથા મહેશ જોષી રોકાયેલ છે.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com


# રાજકોટમાં ધો.૧૨ ની છાત્રા પર વિધર્મીનું અવારનવાર દુષ્કર્મઃ અંગત પળોના વિડીયો ઉતારી શેર કર્યા

## સગીરા સાથે અંગત પળોના વિડીયો ઉતારી આરોપીએ સ્નેપચેટ, ઈન્સ્ટાગ્રામમાં શેર કરી વાયરલ કરવાની ધમકી આપીઃ પરીવારે મોબાઈલ ચેક કરતાં ઘટના સામે આવીઃ યુની. પોલીસ મથકના પીઆઈ એચ.એન.પટેલ અને ટીમે દુષ્કર્મ, પોકસો, આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીને દબોચી લીધો

રાજકોટ. તા.૨૧

રાજકોટ શહેરમાં નાની સગીરાઓ પર અત્યાચારના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વધું એક દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. કાલાવડ રોડ વિસ્તારમાં રહેતી અને ધો.૧૨માં અભ્યાસ કરતી છાત્રાને વિધર્મી શખ્સે પ્રેમજાળમાં ફસાવી અનેકવાર દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ સગીરા સાથે ખાનગી વિડીયો ઉતારી આરોપીએ સ્નેપચેટ, ઈન્સ્ટાગ્રામમાં શેર કરી વાયરલ કરવાની ધમકી આપી હતી. છાત્રા વિધર્મી શખ્સ સાથે ફોનમાં ચેટ કરતી હોવાથી પરિવારજનોને શંકા જતા છાત્રાનો ફોન તપાસતા ફાંડો ફુટયો હતો અને મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

બનાવ અંગે કાલાવડ રોડ પર રહેતાં અને મૂળ ઉત્તરપ્રદેશના વતની યુવાને નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ આદિત્ય વિંગમાં રહેતાં સેફ ઇલ્યાસ મેમણનું નામ આપતાં યુની. પોલીસે પોકસો, દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.


રાજકોટમાં ધો.૧૨ની છાત્રા પર વિધર્મી શખ્સે અવાર-નવાર દુષ્કર્મ કરી વિડીયો વાયરલ કરવાની ધમકી આપ્યાના બનાવમાં યુનિ.પોલીસની ટીમે ગણતરીની કલાકોમાં આરોપીને ઝડપી લીધા બાદ જગદીશ બાંગરવાએ માહિતી આપી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેની પુત્રી ધો.૧૨માં અભ્યાસ કરે છે. તેમની પુત્રી કાલાવડ રોડ પ્રેમમંદીર પાછળ આવેલા કવાર્ટરમાં રહેતો અને સ્કુલવાન ચલાવતો સેફ ઈલીયાઝ નામના વિધર્મી શખ્સની વાનમાં સ્કુલે જતી હોવાથી આરોપીને છાત્રા સાથે મિત્રતા થઈ હતી. બાદમાં બન્ને ઈન્સ્ટાગ્રામમાં ચેટ કરતા હતા અને બન્ને વચ્ચે ગાઢ સંબંધ થતા વિધર્મી શખસે તેનો લાભ લઈ છાત્રાને વિવિધ સ્થળોએ લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતું. છાત્રા તેના ફોનમાં આરોપી સાથે ચેટ કરતી હતી ત્યારે પરિવારને શંકા ઉપજતા છાત્રાનો ફોન લઈ તપાસતા સમગ્ર ઘટનાનો ભાંડો ફુટયો હતો. જે અંગે છાત્રાને પરિવારજનોએ પુછતા તેણીએ સત્ય હકકીત પરિવારજનોને કહેતાં જણાવ્યું હતું કે, તેણીને આરોપી અનેક જગ્યાએ લઈ જઈ તેની સાથે બળજબરી કરી હતી અને ખાનગી પળોના વિડીયો ઉતારી તેમને સ્નેપચેટ અને ઈન્સ્ટાગ્રામમાં મોકલ્યા હતાં. ઉપરાંત તું જો મને અવારનવાર મળવા નહીં આવે તો વિડીયો વાયરલ કરી નાંખવાની ધમકી આપી હતી. દિકરીની વાત સાંભળી પરિવારની નીચેથી જમીન સરકી ગઈ હતી.

બાદમાં પરિવારજનો ભોગ બનનાર પુત્રીને લઈને યુનિ.પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને બનાવ અંગેની પોલીસને વાતચીત કરતાં પીઆઈ એચ.એન. પટેલ અને ટીમે સગીરાના પરિવારજનોની ફરિયાદ પરથી વિધર્મી શખ્સ સામે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી શખ્સને સકંજામાં લીધો હતો.

### આરોપી રવિવારના દિવસે જ તરૂણીને હોટલમાં લઈ જઈ લગ્ન કરવાનું કહીં મરજી વિરૂદ્ધનું કૃત્ય કરતો

કાલાવડ રોડ પર રહેતી ૧૬ વર્ષની દિકરી પર વિધર્મી સેફ ઇલ્યાસ મેમણ નામના શખ્સે દુષ્કર્મની ઘટનામાં ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, ભોગ બનનાર તરૂણીને સ્કૂલમાં રવિવારે રજા હોવાથી આરોપી તેને ઘર બહાર બોલાવી અલગ અલગ હોટલમાં લઈ જતો અને લગ્ન કરવાની લાલચ આપી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતો હતો.

### શહેરની બે હોટલ સામે તોળાતી કાર્યવાહી

દુષ્કર્મના બનાવમાં આરોપી સગીર દિકરીને શહેરની બે હોટલમાં લઈ જતો અને ત્યાં દેહ ચૂંથતો હોવાનું હોવાનું ખુલતાં ડીસીપી જગદીશ બાંગરવાએ બંને હોટલના રજીસ્ટર ચેક કરવાનો હુકમ કર્યો હતો. રજીસ્ટરમાં લીગલી ડોક્યુમેન્ટ લીધેલ નહીં હોય અને સગીરાને ક્યાં આધારે હોટલમાં પ્રવેશ આપ્યો તેનો ખુલાસો નહીં મળે તો હોટલ સંચાલકો સામે પણ કાર્યવાહી કરવામાં આવનાર છે.

### કાલાવડ રોડ પર રહેતી સગીરા સ્કૂલે જતી ત્યારે સ્કૂલવાન ચાલક સાથે મિત્રતા બંધાઈ, લગ્નની લાલચ આપી આરોપીએ અલગ અલગ હોટલમાં લઈ જઈ તરૂણીનો દેહ ચૂંથ્યો

---

ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ પરિવારના આંગણે ગુંજયા શરણાઈના સૂર

# નીતિનભાઈ તથા શ્રીમતી વંદનાબેન ભારદ્વાજના સુપુત્ર ચિ.મનનના શનિવારે શુભલગ્નઃ તા.૨૩ના કાર્નિવલ

રાજકોટ તા.૨૧

રાજકોટના ભાજપ અગ્રણી તથા સૌરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રહેલા સ્વ. અભયભાઈ ભારદ્વાજના ભાઈ નીતિનભાઈ તથા વંદનાબેન ભારદ્વાજના આંગણે શરણાઈના સૂર ગૂંજયા છે. નીતિનભાઈ તથા વંદનાબેનના સુપુત્ર ચિ. મનનના શુભલગ્ન શ્રીમતી મીનાબેન તથા વિનેશભાઈ રતિલાલ ઘોડાસરાની સુપુત્રી ચિ.વૃતિ સાથે તા.૨૫ના શનિવારના રીજન્સી લગુન રીસોર્ટ, ન્યારી ડેમ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે નિરધાર્યા છે. બપોરના ૪-૩૦ કલાકે હોટલ સીઝન્સથી જાન પ્રસ્થાન તથા સાંજે ૭-૧૫ કલાકે હસ્તમેળાપ થશે.




ચિ.મનનના શુભ લગ્ન પ્રસંગે તા.૨૪મીના શુક્રવારે સવારે નવ વાગે સીઝન્સ હોટલ-પુલ સાઈડ, અવધ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે મંડપ મુહૂર્ત તથા મંડપરોપણ થશે તથા સાંજે ૭થી ૯ સીઝન્સ હોટલમાં બોલીવુડ નાઈટ (આનંદોત્સવ)નું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૩મીના ગુરૂવારે સાંજે પાંચ વાગે રીજન્સી લગુન રીસોર્ટ ખાતે સ્નેહની ગાંઠ (કાર્નિવલ)નો પ્રસંગ ઉજવાશે.

---

# લૂંટના ઈરાદે યુવકને છરી ઝીંકી દીધી, સારવારમાં મોત થતા બનાવ હત્યામાં પલટાયો

### ગત ૧/૧૨ ના રાત્રીના ભગવતીપરા રેલ્વે ફાટક પાસે બનેલો બનાવઃ યુવકે સારવારમાં દમ તોડયોઃ પરિવાર શોકમય




રાજકોટ તા.૨૧

શહેરનાં ભગવતીપરા વિસ્તારમાં રહેતો યુવક ગત ૧/૧૨ ના રાત્રીના ફાકી ખાવા ગયો હતો ત્યારે અજાણ્યા શખ્સોએ ફાકી માંગતા ફાકી નહિ આપતાં અજાણ્યા શખ્સો છરી વડે તુટી પડ્યા હતા. બાદ યુવકને સારવારમાં ખસેડાયો હતો. જ્યાં સારવારમાં આજે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો હતો. બનાવ પગલે મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ભગવતીપરા શેરી નં-૧ મા રહેતાં હાર્દીક નટુભાઈ ચૌહાણ (ઉ.વ.૨૪) નામના યુવક પર ગત ૧/૧૨ ના રોજ રાત્રિના ભગવતી પરા રેલ્વે ફાટક પાસે ત્રણ અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી ગયા હતા. બાદ યુવકને લોહિ લુહાણ હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન આજે દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ હતી. બનાવ અંગે બી ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો સામે હત્યા પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. તે વખતે યુવકની માસીની દિકરીએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું ગત તા.૧/૧૨/૨૦૨૪ ના રોજ રાત્રીના નવેક વાગ્યની આસપાસ ઘરે હતી ત્યારે મારી માસીનાં મોટો દિકરો જીજ્ઞેશ મારા ઘરે આવેલ અને મને જણાવેલ કે ''હાર્દીકને કોઈકે છરી મારેલ છે.'' તેમ જણાવતા હુ તથા મારી માતા રૂપાબેન તથા મારા માસી જ્યોતીબેન અને હાર્દિકના મોટાભાઈ જીજ્ઞેશ અમારા ઘરની સામે આવેલ રેલ્વે ટ્રેકની બાજુના ભાગે ગયેલ. જ્યા જોયુ તો હાર્દિક જમીન ઉપર રેલ્વે ટ્રેકની બાજુના ભાગે લોહી લોહાણ હાલાતમા પડેલ હતો. અને હાર્દિકના પેટના ભાગે આંતરડાનો ભાગ પેટની બહારની તરફ નીકળી ગયેલ હતો. જે બાબતે પૂછતા હાર્દિકે જણાવેલ કે પાનના ગલ્લાની નજીક ત્રણ અજાણ્યા ઇસમોએ મારી પાસે ફાંકી માંગતા મે નહી આપતા મને છરી મારી દીધેલ છે.બાદ યુવકને તાકિદે ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યા સારવારમાં આજે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો હતો. મૃતક યુવક ત્રણભાઈમાં નાનો હતો. તે ચા ની હોટલમાં કામ કરતો હતો લુંટના ઈરાદે હુમલો હોવાનું મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું. બી ડિવિઝન પોલીસે આરોપીઓ સની ઉર્ફે ચડીયો કનુભાઈ ઉધરેજીયા(ઉ.વ.૨૧, રહે. ભગવતીપરા આશાબાપીરની દરગાહ પાસે રાજકોટ), સાગર સામજીભાઈ ઉધરેજીયા(ઉ.વ ૧૮ રહે.ભગવતીપરા), શિવરાજ વિનુભાઈ ઉધરેજીયા(ઉ.વ ૨૧ રહે.ગ્રીન લેન્ડ ચોકડી,લાલપરી તળાવ પાસે) અને તેજ વિસ્તારમાં રહેતા એક સગીરને તાકીદે ઝડપી પાડી કાર્યવાહિ હાથ ધરી હતી.

---

## ભાજપ યુવા અગ્રણી ધર્મેન્દ્રસિંહ ઝાલાનો જન્મદિવસ



ભાજપ અગ્રણી યુવા ભાજપ વોર્ડ નં.૧૨ તથા સહકાર ગ્રુપના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ઝાલા (પિન્ટુભાઈ) આજરોજ જન્મદિવસ છે. સહકાર ગ્રુપના પ્રમુખ તથા બજરંગ ગરબી મંડળ મવડી ચોકડીના પ્રમુખ તથા અનેક નાની-મોટી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. આજરોજ ૪૦ વર્ષ પુર્ણ કરી ૪૧ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે તેમના મોબાઈલ નં.૯૭૧૪૩ ૧૧૧૧૧ શુભેચ્છા પાઠવેલ રહ્યા છે.

# વિમા કંપની વિરૂધ્ધ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનનો મહત્વપૂર્ણ ચુકાદો

રાજકોટ તા.૨૧

જગદીશભાઈ જીવનભાઈ સંતોકી રાજકોટનાએ નિવા બુપા હેલ્થ ઈસ્યોરન્સ કંપની લી. પાસેથી રૂા.૭,૫૦,૦૦૦ની ફેમીલી ફલોટર નામની પોલીસી લીધેલ હતી. આમ, જગદીશભાઈ સંતોકી અને નિવા બુપા હેલ્થ ઈસ્યોરન્સ કંપની લી. વચ્ચે ગ્રાહક અને સર્વિસ પ્રોવાઈડરના સંબંધ બંધાયેલા હતા. આ કામના ફરીયાદીને ચાલુ વિમા પોલીસી દરમ્યાન અચાનક પાઈલ્સ અને ફીશરની તકલીફના લીધે સર્જરી કરાવવી પડેલ હોય. જયાં તેમને સારવારમાં થયેલ ખર્ચની રકમ વિમા કંપની પાસેથી કલેઈમ કરેલ હતી પરંતુ વિમા કંપનીના સર્વ સામાન્ય નિયમ મુજબ ચુકવેલ ન હતી અને એવા કારણ સાથે આ કલેઈમ નામંજુર કરેલ હતો કે 'ફરીયાદીને પ્રિએકઝીસ્ટીંગ ડીસીઝની બિમારી હોય પોલીસીના નિયમ મુજબ વેઈટીંગ પીરીયડમાં હોય જેથી ખર્ચ મળવાપાત્ર થતો નથી' જેથી ફરીયાદીએ રાજકોટના સિનિયર ધારાશાસ્ત્રી જી.આર. ઠાકર દ્વારા જીલ્લા ગ્રાહક તકરાર કમિશન, રાજકોટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી. જે કેસની સુનાવણી થતા બન્ને પક્ષકારોને સાંભળીને ફરીયાદીની આ ફરીયાદ મંજુર કરી ફરીયાદીને સારવારમાં થયેલ તમામ ખર્ચે વાર્ષિક ૯% વ્યાજ સાતે વિમા કંપનીએ ફરીયાદીને ચુકવી આપવા, તેવો મહત્વનો હુકમ ફરીયાદીની તરફેણમાં કરેલ છે તથા ખર્ચની રકમ રૂા.૫૦૦૦ ફરીયાદીને ચુકવા આપવા મહત્વનો હુકમ કરેલ છે. આ કામમાં ફરીયાદી વતી સિનિયર એડવોકેટ જી.આર. ઠાકર અને ગાર્ગીબેન જી. ઠાગર તથા મિલન દૂધાત્રા, કૃપાલ ઠાકર, જીંકલબેન પટેલ રોકાયેલ હતા.



એડવોકેટ ગાર્ગી ઠાકર

---

# અવસાન નોંધ

**ગોંડલઃ** ગુજરાતી મચ્છુકઠીયા દરજી ચમનલાલ તુલસીદાસ રાઠોડ તે ઉર્મીલાબેન ચમનલાલ રાઠોડના પતિ તથા દિવ્યેશભાઈ, ભારતીબેન દિનેશકુમાર પરમાર (ઉપલેટા) આરતીબેન અમીતકુમાર ચાવડા તથા જલ્પાબેનના પિતાશ્રી તથા સ્વ. ગોવિંદભાઈ પ્રાગજીભાઈ સોલંકી રાજકોટવાળાના જમાઈનું ૨૦ને સોમવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૩ ગુરૂવારના રોજ સાંજે ૪થી૬ ગુજરાતી મચ્છુ કઠીયા વાડી (દરજીની વાડી) ભોજરાજપરા શેરી નં.૯/૨નો ખુણો, આરડીસી બેંકની બાજુમાં, ગોંડલ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મૂળ બગસરા-વડિયાના વતની હાલ રાજકોટ વખારીયા ચંદ્રકાંતભાઈ ગોકળદાસ (ચંદુભાઈ મેતાજી) (ઉ.વ.૭૩) તે હિરેન (રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.)તથા કિષ્ના વત્સલભાઈ જનાણીના પિતાશ્રી તા.૨૧ને મંગળવારે શ્રીજી ચરણ પામેલ છે.સદ્દગતનું બેસણું તા.૨૩ને ગુરૂવારે, સાંજે ૪ થી ૫:૩૦ કલાકે, શ્રી જાગનાથ મહાદેવ મંદિર, ડો.યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**રાજકોટઃ** કૈ.વા. આશિષભારથી શાંતિભારથી ગોસ્વામી તે ભાર્ગવભારથીના પિતા શ્રી તથા હિંમતભારથી શાંતિભારથી, સુરેશભારથી શાંતિભારથી, મુકેશભારથી શાંતિભારથીના નાનાભાઈ તથા વિશાલભારથી હિંમતભારથીના કાકા તા.૨૦ને સોમવારના રોજ કૈલાસગમન પામેલ છે. તેમનું બેસણું તા.૨૩ને ગુરુવાર સાંજે ૪ થી ૬ દયાસાગર હનુમાનજી મંદિર,પોપટપરા મેઈન રોડ રાજકોટ ખાતે રાખેલ છે.મો.નં.૬૩૫૩૮ ૭૮૯૬૫

---

# અમરેલીમાં ધારાસભ્ય બાદ પુર્વ સાંસદ નારણ કાછડીયા સામે ભ્રષ્ટ્રાચારનો આક્ષેપઃઆવેદનપત્ર

## સામાજિક કાર્યકર અર્ધ નગ્ન અવસ્થામાં ખેડૂતો સાથે કલેકટર કચેરી પહોંચતા પોલીસ દોડી આવી



રાજકોટ,તા.૨૧

અમરેલી લેટર કાંડનો મુદ્દો હાલ ચર્ચામાં છે. જેમાં પત્રકાંડમાં ધારાસભ્ય કૌશિક વેકરીયા વિરુદ્ધ ભ્રષ્ટાચારના આરોપ લગાવવામાં આવ્યા હતા અને આ આરોપો સાચા હોવાનું પણ કહેવામાં આવી રહયું છે. હજુ તો આ વિવાદ શમ્યો નથી ત્યાં ભાજપના પૂર્વ સાંસદ નારણ કાછડિયા સામે પણ ભ્રષ્ટાચારના આરોપ લગાવવામાં આવ્યા છે અને હવે આ મુદ્દે પૂર્વ સાંસદ નારણ કાછડીયા સામે આંદોલન પણ શરુ થયું છે.

અમરેલીના નકલી લેટર કાંડ બાદ ભાજપના પૂર્વ સાંસદ નારણ કાછડીયા સામે નવતર ઉપવાસ આંદોલન શરૂ થયું છે. મળતી માહિતી મુજબ અમરેલીના પૂર્વ સાંસદ નારણ કાછડીયા સામે સામાજિક કાર્યકર્તા અર્ધ નગ્ન અવસ્થામાં આંદોલન કર્યું છે. સામાજિક કાર્યકરે પૂર્વ સાંસદ નારણ કાછડીયા સામે ભ્રષ્ટાચાર, ખનન મામલે કલેકટરને લેખિત ફરિયાદ કરીને ૭ દિવસમાં પગલાં ભરવાની માંગણી કરી છે.અર્ધ નગ્ન અવસ્થામાં ઉપવાસ આંદોલન કરવાની સાથે સામાજિક કાર્યકાર નાથાલાલ સુખડીયા કલેકટર કચેરીએ પહોચ્યા હતા અને અમરેલીના કલેકટર કચેરી સામે અર્ધ નગ્ન અવસ્થામાં નાથાલાલ સુખડીયાએ નારાઓ નાખીને ન્યાયની માંગ કરી છે. ત્યારે નાથાલાલ સુખડીયા સાથે ઓળીયા ગામના સરપંચ સહિતના ખેડૂતો પણ જોડાયા હતા. આ સાથે અમરેલી નકલી લેટર કાંડના મૂળિયાંમાં પૂર્વ સાંસદ કાછડીયા હોવાનો નાથાલાલ સુખડીયાએ આક્ષેપ કર્યો છે. ત્યારે હવે આ મામલે પૂર્વ સાંસદ નારણ કાછડીયાની મુશ્કેલી વધી શકે છે.

# મારા દિકરાને દુકાનમાં કેમ સંતાવા ન દિધો કહી વિપુલ જેસાણી પર પિતા-પુત્રનો હુમલો

રાજકોટ તા.૨૧

મારા દિકરાને દુકાનમાં કેમ સંતાવા ન દિધો કહી ત્રંબા ગામમાં ત્રિવેણી ગેટ પાસે રહેતાં દુકાન ધારક પર પિતા-પુત્રોએ ધોકા વડે હુમલો કર્યો હતો. બાદ ફરિયાદીને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ફરિયાદી વિપુલભાઈ નરસિંહભાઈ જેસાણી (ઉ.વ.૩૫ રહે, ત્રિવેણી ગેટ પાસે ત્રંબા ગામ) એ ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે પાનની દુકાન ચલાવે છે. આજે રાત્રીના દોઢેક વાગ્યા આસપાસ પોતે અને તેનો મિત્ર અજય મોરવાડિયા દુકાનના દરવાજા પાસે ઉભો હતો ત્યારે તેના જ ગામમાં રહેતો ભુપત ઉર્ફે હકો પરબતભાઈ બાવળીયા તથા તેના બે દીકરા સતીષ અને બલદેવ ત્રણેય આવેલ અને ભૂપતે કહેલ કે મારો દીકરો સતીષ તારી દુકાને આવેલ ત્યારે કેમ તેને સંતાવવા ન દીધેલ. અને તેને શું કામ માર્યું તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે મે નથી માર્યો કહ્યું હતું. ત્યારે ભૂપત જેમ ફાવે તેમ અપશબ્દો બોલવા લાગેલ. અને ઉશ્કેરાઈ જઈને લાકડાના ધોકા વડે મારવા લાગેલ. દરમિયાન તેના બંને દીકરા સતીષ અને બલદેવ પણ જેમ ફાવે તેમ અપશબ્દો બોલી ઢીકા પાટુનો માર મારવા લાગેલ. બાદ ત્રણેય જતાં રહેલ. બાદ ફરિયાદીને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી કાર્યવાહિ હાથ ધરી છે.

## ઉત્તર પ્રદેશમાં નામચીન મુસ્તફા ગેંગના ચાર ગેંગસ્ટર ઠાર

લખનઉ, તા.૨૧

ઉત્તર પ્રદેશમાં સ્પેશ્યલ ટાસ્ક ફોર્સે રાજ્યના બે થી ત્રણ જિલ્લામાં હાજરી ધરાવતી મુસ્તફા ગેંગના ચાર સભ્યોને ઠાર માર્યા છે. આ તમામ એક લૂંટના કેસમાં વોન્ટેડ હતા અને તેઓ પર રૂા.એક લાખનું ઇનામ હતું. અગાઉ પણ અનેક ગુનામાં તેઓ સંડોવાયેલા હતા તેમજ દિલ્હીમાં પણ તેઓ ખંડણી ઉઘરાવતા હોવાની માહિતી મળતી હતી બાદમાં તેમનો પીછો કરીને શરણે આવવા જણાવતા પોલીસ પર થયેલા હુમલામાં તમામને ઠાર મરાયા હતા.

## છત્તીસગઢ

(પહેલા પાનાનું ચાલું)

ગરીયાબંધ વિસ્તારમાં એક જબરુ ઓપરેશન છેડયું હતું જેમાં બે ડઝનથી વધુ નકસલીઓ ઘેરાઇ ગયા હતા અને સુરક્ષા દળોએ ભારે હુમલો કરીને મોટાભાગના નકસલીઓને ખત્મ કર્યા છે. બે થી ત્રણ નકસલીઓ હજુ પણ સુરક્ષા દળો સાથે એનકાઉન્ટર કરી રહ્યા છે. માર્યા ગયેલા નકસલીઓ પાસેથી ભારે માત્રામાં આધુનિક હથિયાર જેમાં ઇ-૩૦ હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. માર્યા ગયેલા નકસવાદીઓમાં મહિલા પણ સામેલ છે. સર્ચ ઓપરેશન સીઆરપીએફ ઉપરાંત સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ અને કોબ્રા ગ્રુપ દ્વારા કરવામાં આવ્યો હતો. તેમની પાસેથી અત્યંત આધુનિક હથિયારો મળી આવતા નકસલીઓએ નવો શસ્ત્રો પુરવઠો મેળવ્યો હોવાનું માનવામાં આવે છે. આ ઓપરેશન છત્તીસગઢ અને ઓડીસાની સીમા પર કરવામાં આવ્યું હતું. સોમવારે સવારે ૮ વાગ્યેથી ઓપરેશન શરુ થયું હતું જેમાં સુરક્ષા ટીમના કેટલાક જવાનો ઇજાગ્રસ્ત થયા છે જેમને સારવાર માટે રાયપુર ખસેડાયા છે.

## શેરબજાર

(પહેલા પાનાનું ચાલું)

ઝોમેટો વગેરેમાં ગાબડા હતા. હિન્દ લીવર, ઈન્ફોસીસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતી એરટેલ, એચસીએલ ટેકનો, એપોલો હોસ્પીટલ, ભારત પેટ્રોલિયમ ઉંચકાયા હતા. રાજકોટની રાધિકા જવેલર્સમાં પાંચ ટકાની સર્કીટ હતી.મુંબઈ શેરબજારમાં સેન્સીટીવ ઈન્ડેકસ ૧૨૭૬ પોઈન્ટના ગાબડાથી ૭૫૭૯૪ હતો તે ઉંચામાં ૭૭૩૩૭ તથા નીચામાં ૭૫૬૪૧ હતો. ઈન્ફ્રા-ડે ૧૪૦૦ પોઈન્ટનુ ગાબડુ હતુ. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૫૩૮ પોઈન્ટના ઘટાડાથી ૨૩૨૦૭ હતો તે ઉંચામાં ૨૩૪૨૬ તથા નીચામાં ૨૨૯૭૬ હતો.બીજી તરફ સોના-ચાંદી ઉંચકાયા હતા. રાજકોટમાં હાજર સોનુ ઉંચકાઈને ૮૨૦૦૦ને પાર થઈ ૮૨૦૫૦ થયુ હતુ. ચાંદીના ૯૩૪૦૦ હતા. વિશ્વબજારમાં સોનુ ૨૭૨૪ ડોલર તથા ચાંદી ૩૦.૪૪ ડોલર હતી.

## ડ્રગ્સ

(છેલ્લા પાનાનું ચાલું)

રાજયોમાં ડ્રગ્સ ઘુસાડવા માટે દાણચોરોની પહેલી પસંદ દરીયાઈ માર્ગ ન શકય છે.

રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીના એક અધિકારીએ ગુજરાતમાં ડ્રગ્સના બંધાણી કે દુષણ ન હોવાની વાત માની લેવા અને ચેતવણી આપી છે. ભલે નાના જથ્થામાં હેરોઈન કે કોકેઈન પકડાય તો પણ સ્પષ્ટ બની જાય છે કે નશાબંધી ધરાવતા ગુજરાતમાં પણ તેનો વપરાશ અને બંધાણીઓ છે.

રાજયમાં જુદા જુદા ભાગોમાંથી નિયમીત રીતે અફીણ, ગાંજો, ચરસ, હેરોઈન જેવા ડ્રગ્સનો જથ્થો પકડાતો હોવાનું ઉલ્લેખનીય છે ગઈકાલે અમદાવાદમાંથી ૨૭ લાખનુ મેકેડ્રોન પકડાયું હતું. ઉપરાંત દાહોદમાંથી પણ ડ્રગ્સ પકડાયું હતું.

## ડિમોલીશન

(છેલ્લા પાનાનું ચાલું)

કમિશ્નરની સૂચનાથી આજે સીટી ઇજનેર એ.એ.રાવલના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧૭માં આ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ વોર્ડમાં કોઠારીયા મેઈન રોડ પર રામપાર્કની બાજુમાં અનામત પ્લોટ નં. ૫૧માં ગાર્ડન હેતુનો પ્લોટ આવેલો છે. આ પ્લોટમાં પતરાવાળી ત્રણ ઓરડીનું દબાણ થઇ ગયું હતું જેના પર બુલડોઝર ફેરવીને ૫૦ ચો.મી. જગ્યામાંથી ગેરકાયદે બાંધકામ હટાવવામાં આવ્યા હતા. આ જમીનની અંદાજીત કિંમત રૂા. ૩ લાખ જેવી થાય છે.

વિજીલન્સ પોલીસ બંદોબસ્ત હેઠળ ટીપી શાખાએ અન્ય વિભાગોની સાથે મળીને આ ઓપરેશન કર્યુ હતું.-----

## વીમા પ્રોડકટ

(છેલ્લા પાનાનું ચાલું)

વ્યાપક પહોંચ છે.

એક જ કંપનીના વ્યાપક ઉત્પાદનોની પ્રાપ્યતા ગ્રાહકો માટે સુવિધાજનક હશે. ગ્રાહકોને અલગ અલગ વીમા કંપનીઓ પાસે જવાની જરૂરત નહીં પડે, જેથી સમય અને પ્રયાસની બચત થશે.

સરકારનું લક્ષ્યઃ સરકારનું લક્ષ્ય ૨૦૪૭ સુધીમાં ભારતમાં બધા માટે વીમાનું સપનુ સાકાર કરવાનું છે, તેનો અર્થ એ છે કે દરેક નાગરિકને વ્યાજબી અને સુલભ વીમા સેવાઓ પ્રદાન કરવામાં આવશે. સમગ્ર લાઈસેસીંગ આ લક્ષ્યને મેળવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. વિશેષજ્ઞોનું માનવુ છે કે આ સીસ્ટમ વીમા ઉદ્યોગને આધુનિક બનાવવા અને નવા રોકાણોને આકર્ષિત કરવામાં મદદ કરશે.

## ભાવનગર રોડ

(છેલ્લા પાનાનું ચાલું)

આવી હતી. તેમાંથી પાર્સલ ખોલવામાં આવતા ૮૭૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક મળી આવ્યું હતું. આ જથ્થો પિયુષભાઇ ખતરી નામના આસામીનો હોવાનું બહાર આવ્યું હતું. સાથે જ નવાગામના ગોડાઉનમાંથી આ માલ ભરીને રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારમાં વિતરણ કરવાનો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.પર્યાવરણ ઇજનેર પ્રજેશ સોલંકીના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૬ની ટીમના ડે.પર્યાવરણ ઇજનેર વિરલ ચાવડા, એસ.ઓ.પટેલ, સિંધવ, મહેશભાઇ ગાંગાણી, રાજેશભાઇ બોરીચા, મિતેષભાઇ જેઠવા સહિતની ટીમે ગોઠવેલી વોચમાં આ છકડો રીક્ષા પકડાઇ ગઇ હતી. સોલીડ વેસ્ટ રૂલ્સ હેઠળ આ આસામીને રૂા. ૧૦ હજારનો દંડ કરાયો છે.

રાજકોટમાં બહારથી પ્લાસ્ટિક ઘુસાડવાનું આ એક મોટુ કારસ્તાન પકડાતા આ રીતે જુદા જુદા રસ્તેથી આવતો માલ પકડવા પણ મોટી ચેકીંગ ડ્રાઇવ ચલાવવામાં આવે તો શહેર અંદર ચાલતી ઝુંબેશ વધુ સફળ થશે તેવો મત છે.

## આપઘાત

(છેલ્લા પાનાનું ચાલું)

દેવાઇ ન હતી. સ્કૂલમાં તેને કલાસની બહાર ટોયલેટ પાસે ઉભી રાખવામાં આવી હતી. સતત બે દિવસ તેને આ સજા અપાઇ પછી ઘરે આવીને ફી ભરવાની બાકી હોવાથી તેને આ સજા આપવામાં આવતી હોવાનું જણાવ્યું હતું. મે શાળા સંચાલકોને આવતા મહિને ફી ભરાઇ જશે તેવી ખાતરી આપી પણ તેઓ માન્યા ન હતા અને મારી દીકરીએ ગળાફાંસો ખાઇને જીવન ટુંકાવી લીધું છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ઈન્સ્ટાગ્રામ

(છેલ્લા પાનાનું ચાલું)

બીજા એક નવા ફીચરમાં ઈન્સ્ટાગ્રામ રીલ્સ ફીડમાં એક નવું ટેબ રજૂ કરવા જઈ રહ્યું છે, જે તેમના મિત્રોએ લાઇક કરેલા અથવા કોમેન્ટ કરેલા વીડિયો બતાવશે. આ કંપનીના જૂના એક્ટિવિટી ફીડ જેવું જ હશે, જેમાં યુઝર્સને એવા વીડિયો બતાવવામાં આવતા હતા જે તેમના મિત્રો દ્વારા લાઇક કરવામાં આવ્યા હતા.

## ટ્રમ્પ

(પહેલા પાનાનું ચાલું)

જેટલી ફાઈલો અગાઉથી જ તૈયાર હતી જેના પર ધડાધડ એકઝીકયુટીવ ઓર્ડર પર સહીઓ કરવાનુ શરૂ કરી દીધુ છે.

શ્રી ટ્રમ્પે ગેરકાનુની વસાહતીઓ અને તેના કુટુંબીજનો સામે જંગ છેડી દેવા જેવી સ્થિતિ બનાવી છે. અમેરિકામાં ઘૂસણખોરી માટે સૌથી સરળ ગણાતી અમેરિકા મેકસીકો જમીન તથા જળ સરહદો પર લશ્કરી ઈમરજન્સી જાહેર કરી આ સરહદો સીલ કરવા આદેશ આપી દીધો છે.

આ ઉપરાંત અમેરિકા વિશ્વના નાર્કોટીક બીઝનેસનું સૌથી મોટુ બજાર બની ગયુ છે અને દુનિયાભરમાં માદક દ્રવ્યો અમેરિકામાં ગેરકાનુની રીતે ઘુસાડાય છે. ટ્રમ્પે તેની સાથે જંગ છેડવાની જાહેરાત કરતા નાર્કોટીક ગેંગને ત્રાસવાદી સંગઠન જાહેર કરીને તે હેઠળના કાનૂન મુજબ કામ લેવા જાહેરાત કરી છે.

સૌથી મહત્વનું અમેરિકાના સૌથી મોટા ટ્રેડ પાર્ટનરમાં સ્થાન ધરાવતા કેનેડા અને મેકસીકોથી થતી આયાત પર ૨૫% આયાત જકાત લાદવા જાહેરાત કરી છે જે તા.૧ ફેબ્રુઆરીથી લાગુ થશે. ટ્રમ્પે કેનેડાને અમેરિકી વ્યાપાર પદ્ધતિનો સૌથી ખરાબ રીતે ઉપયોગ કરનાર દેશ ગણાવ્યો હતો. આ દેશમાંથી લાખો લોકો અમેરિકામાં ઘુસે છે. આવતા જ રહે છે. તેઓએ કહ્યું કે હું અમેરિકી જનતા પર બોજો વધારવાના બદલે વિદેશી રાષ્ટ્રો પર વેરા અને ટેરીફ વધારવા માંગુ છુ. જેનાથી અમેરિકાના લોકોને લાભ થશે.

તેઓએ અમેરિકા ફસ્ટ ટ્રેડ પોલીસીની જાહેરાત કરી હતી.શ્રી ટ્રમ્પે આ ઉપરાંત અમેરિકામાં થર્ડ જેન્ટર એટલે કે નાન્યતર-(સ્ત્રી કે પુરુષ ન હોય તે) જાતિની માન્યતા રદ કરી હતી.

ફકત બે જે સ્ત્રી અથવા પુરુષ એમ બે જ જાતિ હશે. શ્રી ટ્રમ્પે આ ઉપરાંત તેઓએ અગાઉ કરેલી જાહેરાતો મુજબ અગાઉ અમેરિકાના જ કબ્જામાં રહેલી પનામા કેનાલ પર નિયંત્રણ પાછું લાદવા અને તેને અમેરિકી મિલ્કત તરીકે સ્થાપીત કરવા જાહેરાત કરી છે. ટ્રમ્પની આ જાહેરાત સીધી ચીનને અસર કરશે. કારણ કે આ નહેરનું સંચાલન ચીનની કંપની કરે છે. તેઓએ ડાલ્ફ ઓફ મેકસીકોનુ નામ બદલી ગલ્ફ ઓફ અમેરિકા કરવાની જાહેરાત કરી છે. તેઓએ કહ્યું કે ગલ્ફ ઓફ અમેરિકા નામ જ સારૂ લાગે છે.

ટ્રમ્પે ગલ્ફના દેશોને પણ પડકાર કરતા હવે 'ડ્રીલ-બેબી ડ્રીલ' યોજના હેઠળ અમેરિકામાં ક્રુડતેલ ઉત્પાદન વધારશે તો ઈ-વાહનો માટે જે ફરજીયાત નિયમો છે તે રદ કરવા અને અમેરિકન ઈચ્છે તે કાર ખરીદી શકે છે. તે નિશ્ચિત કરવા ખાતરી આપી હતી. ટ્રમ્પે મંગળ ગ્રહ પર અમેરિકી અવકાશ યાત્રી જશે તે માટે આયોજન કરવા જાહેરાત કરી છે. શ્રી ટ્રમ્પનું આ ભાષણ અગાઉના તમામ પ્રમુખો કરતા લગભગ ડબલ ૩૦ મીનીટનું રહ્યું હતું. અમેરિકનો સુવર્ણકાળ આજથી જ શરૂ થવાનો દાવો કર્યો હતો. તેમના વકતવ્ય સમયે અનેક વખત હોલમાં તાળીઓના ગડગડાટ જોવા મળ્યા હતા. અનેક વખત તમામ સેલીબ્રીટ શ્રોતાઓ ઉભા થઈને સન્માન આપ્યુ હતું અને ખંડ બહાર ખાસ હોલમાં જીવંત પ્રસારણ સમયે લોકો ટ્રમ્પને વધાવતા ડાન્સ કરતા જોવા મળ્યા હતા.

### કોર્પોરેશન બાદ હવે મહેસુલ તંત્ર તરફથી નવો પડકાર

# બિલ્ડરોની અગ્નિપરીક્ષાઃ રિવાઈઝડ બિનખેતી-હેતૂફેરની ફાઈલો અધ્ધરતાલ

## ઓનલાઈન જમીન બિન ખેતીની મસમોટી પ્રક્રિયા ૪૫ દિ'માં થઈ જાય છે પરંતુ 'ઓફલાઈન' કામગીરીમાં મહિનાઓ નીકળી જતા બિલ્ડરોમાં ભારે કચવાટ



## રિવાઈઝડ બિનખેતી-હેતૂફેરની અરજીના આધારે 'પ્લાન ઈનવર્ડ' લેવાનું પણ કોર્પોરેશને બંધ કરી દેતા બેવડી હાલાકીઃ સરકારમાં ધા નાખવા તૈયારી

રાજકોટ, તા.૨૧

રાજ્યમાં સૂચિત જંત્રી દર વધારા તથા રાજકોટમાં ફ્લાવરબેડ, બીયુ પરમીશન, પ્લાન પાસ, ફાયર એનઓસી જેવી અનેકવિધ સમસ્યાઓથી પીડિત બિલ્ડર લોબીને નવા પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. કોર્પોરેશનની જેમ રાજકોટના મહેસુલ તંત્રની હેરાનગતિથી ભારે નારાજગી-કચવાટ પ્રવર્તવા લાગ્યા છે. હવે આ મામલે સરકારમાં પણ રજુઆત કરવાની તૈયારી કરવામાં આવી છે.

રાજકોટના રીઅલ એસ્ટેટ ક્ષેત્રના સૂત્રોએ જણાવ્યું છે કે કોર્પોરેશન જેમ અનેકવિધ મંજુરી સહિતની પ્રક્રિયા થંભી થઇ છે તેવી જ હાલત શહેરના મહેસુલ વિભાગમાં છે. ઓનલાઇન પ્રક્રિયા ફટાફટ અને નિયત સમયગાળામાં થઇ જાય છે. પરંતુ ઓફ લાઇનમાં મહિલાઓ નીકળી જાય છે. કામ કરાવવા માટે 'રાજકીય વગ'નો ઉપયોગ કરવો પડે તેવી નોબત છે. જમીન હેતૂફેર તથા રિવાઇઝડ બીન ખેતી પ્રક્રિયા ઓફલાઇન કરવી પડતી હોય છે. અને આ બન્ને પ્રક્રિયામાં મહિનાઓ લાગી જતા હોવાથી બિલ્ડરોના સમગ્ર પ્રોજેક્ટ શિડયુલ વેરવિખેર બની જાય છે.

બિલ્ડર એસોસીએશન સાથે સંકળાયેલા એવા જાણીતા બિલ્ડરે બળાપો કાઢતા કહ્યું કે મહેસૂલ તંત્રમાં બીનખેતી સહિતની પ્રક્રિયા ઓનલાઇન છે અને તેનો નિકાલ નિયત ૩૦ દિવસમાં થઇ જાય છે. ઓનલાઇન પ્રક્રિયામાં ઢીલના સંજોગોમાં સરકાર તરફથી જ પુછાણ આવતું હોવાથી અધિકારીઓ ફટાફટ કામગીરી કરે છે. પરંતુ ઓફલાઇન પ્રક્રિયામાં કોઇ નિયત સમય મર્યાદા નથી. રિવાઇઝડ બીનખેતી, જમીન હેતૂફેર જેવી કામગીરી ઓફલાઇન જ કરવી પડતી હોય છે અને આ પ્રક્રિયાનો ૬-૧૨ મહિના સુધી નિકાલ આવતો નથી વાત આટલેથી અટકતી નથી. રિવાઇઝડ બીનખેતી કે હેતૂફેર બાકી હોવાના સંજોગોમાં કોર્પોરેશન શરતી ધોરણે પણ બિલ્ડરોના પ્લાન ઇનવર્ડ પણ કરાતા નથી અને પ્રોપર્ટી કાર્ડ કઢાવવામાં પણ વિઘ્ન સર્જાય છે. અન્ય એક બિલ્ડરે કહ્યું કે વિવિધ ઓફલાઇન પ્રક્રિયા પણ ઓનલાઇન કરવા અગાઉ સરકારનું ધ્યાન પણ દોરવામાં આવ્યું હતું. ઓનલાઇન કામગીરીમાં સરકારનું મોનિટરીંગ રહેતું હોવાથી તેનો સમય મર્યાદામાં નિકાલ આવી જતો હોય છે. ઓફ લાઇન કામગીરીમાં પણ નિયત સમય નક્કી કરવાનું અનિવાર્ય થઇ પડ્યું હતું તંત્ર રાજકીય નેતાઓની સુચનાને 'માન' આપતા હોય છે એટલે અનેક કિસ્સામાં બિલ્ડરોએ ફરજીયાતપણે સ્થાનિક નેતાઓનું શરણ લેવું પડે છે.

આઘાતજનક બાબત એ છે કે ૫૦થી વધુ દસ્તાવેજોવાળી જમીન બીનખેતી પ્રક્રિયા ૪૫ દિવસમાં થઇ જતી હોય છે. પરંતુ રિવાઇઝડ બીનખેતીમાં મહિનાઓ લાગી જાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટમાં ટીઆરપી ગેમઝોન કાંડ વખતથી રિઅલ એસ્ટેટ ક્ષેત્રની માઠી શરૂ થઇ હોય તેમ અનેકવિધ અટકળો છે. મહિનાઓથી પ્લાનમંજુરીથી માંડીને બીયુ પરમીશન અટક્યા છે. સરકારમાં અનેક વખત રજુઆત છતાં નિવેડો આવ્યો નથી. ક્રેડાઇ જેવા મુખ્ય સંગઠનોએ પણ સરકારમાં ધા નાખી છે. છ-આઠ મહિનાથી રાજકોટમાં કોર્પોરેશન હસ્તકની પ્રક્રિયા ઠપ્પ જેવી છે. અગાઉ જમીનમાં રિવાઇઝડ બિનખેતી તથા હેતૂફેરમાં શરતી પ્લાન ઇન્વર્ડ થતા હતા તે પ્રક્રિયા બંધ થતાં હાલાકી બેવડાઇ છે જંત્રી દરમાં તોતીંગ વધારાની ઉપાધિ ઉભી જ છે. ત્યાં નવા નવા પડકારોનો સામનો કરવાનો વખત આવતા બિલ્ડર લોબીમાં આક્રોશ વધી રહ્યો છે.

### દેશમાં જુદા જુદા સ્થળે મોસમનો જુદો જુદો મિજાજ!

# દિલ્હીમાં તડકો ખિલતા ઠંડીમાં રાહતઃ કાશ્મીર, હિમાચલમાં બરફવર્ષા યથાવતઃ રાજસ્થાનમાં ધુમ્મસ

## પંજાબ-હરિયાણામાં ઠંડીનો પ્રકોપ યથાવતઃ દિલ્હી-એનસીઆરમાં વરસાદની આગાહી



નવી દિલ્હી તા.૨૧

રાજધાની દિલ્હી સહિત દેશભરના અનેક રાજયોમાં હવામાન દરરોજ નવા રંગરૂપ લઈ રહ્યું છે. છેલ્લા બે દિવસથી તડકાને કારણે દિલ્હી-એનસીઆરમાં કડકડતી ઠંડીમાં રાહત મળી છે, જયારે હિમાચલપ્રદેશ અને ઉતરાખંડ જેવા રાજયોમાં બરફવર્ષા ચાલુ છે. આ સાથે જ રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં ઠંડી અને ધુમ્મસ જળવાઈ રહ્યું છે.

**દિલ્હી-એનસીઆરમાં વરસાદના એંધાણઃ** દિલ્હી-એનસીઆરમાં બે દી'થી તડકાના કારણે તાપમાન વધ્યુ છે અને કડકડતી ઠંડીમાં રાહત મળી છે. હવામાન વિભાગ અનુસાર આવતીકાલથી દિલ્હીનું હવામાન બદલી શકે છે. આવતીકાલે વરસાદનું એલર્ટ જાહેર કરાયું છે.

**કાશ્મીરમાં બરફ વર્ષાનું એલર્ટઃ**

કાશ્મીરમાં ઠંડીએ કહેર વરસાવ્યો છે. સોમવારે ખીણમાં શૂન્યથી નીચે અનેક ડિગ્રી તાપમાન ચાલ્યું ગયું હતું. હવામાન વિભાગે એલર્ટ કર્યું હતું કે આગામી ૭૨ કલાકમાં બરફ વર્ષા થઈ શકે છે. શ્રીનગરમાં રવિવારે રાત્રે પારો માઈનસ ૩.૨ ડીગ્રીએ પહોંચી ગયો હતો.

**રાજસ્થાનમાં ધુમ્મસ અને ઠંડીનો ડબલ એટેકઃ**

રાજસ્થાનના અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયેલું છે. પાલીમાં ન્યુનતમ તાપમાન ૬.૮ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું.

**પંજાબ અને હરિયાણામાં ઠંડીનો પ્રકોપ યથાવતઃ**

અહીં પણ ઠંડીનો પ્રકોપ ચાલુ છે. અનેક જગ્યાએ ધુમ્મસ છવાયેલું હતું. અમૃતસર સૌથી ઠંડુ રહ્યું હતું. અહીં ન્યુનતમ તાપમાન ૪.૮ ડીગ્રી નોંધાયું હતું. યુપી-બિહારમાં કેટલીક જગ્યાએ વરસાદનું એલર્ટ છે, જેના કારણે ઠંડી ફરી વધી શકે છે.

# અમેરિકામાં સૌથી લાંબુ ભાષણ આપનાર રાષ્ટ્રપતિનુ સૌથી ટુંકાગાળાનું શાસન!



વોશિંગ્ટન (અમેરિકા) તા.૨૧

શપથ બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પે લગભગ ૩૦ મિનિટ સુધી ભાષણ આપ્યું હતું. ટ્રમ્પના ભાષણના ટુંકા સમયનું કારણ ભીષણ ઠંડી હતું. ટ્રમ્પે જણાવ્યુ હતું કે તેણે પોતાના ભાષણને ટુંકું એટલા માટે રાખ્યુ હતું. કારણ કે બહાર માઈનસ ૮થી૧૨ ડિગ્રી તાપમાનમાં ઉભા રહેલા લોકો જલદી પોતાના ઘેર જાય.

ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે વર્ષ ૨૦૧૭માં રાષ્ટ્રપતિ પદના શપથ લીધેલા ત્યારે માત્ર ૧૭ મીનીટ ભાષણ આપ્યું હતું.

શપથગ્રહણ બાદ કયા રાષ્ટ્રપતિનું ભાષણ સૌથી મોટું અને નાનુ હતું? અમેરિકાના ઈતિહાસમાં સૌથી નાનું ભાષણ રાષ્ટ્રપતિ જયોર્જ વોશિંગ્ટનનું હતું.માત્ર ૧૩૫ શબ્દોમાં તેમણે ભાષણ પૂરું કરી નાખ્યુ હતું. જયારે સૌથી લાંબુ ભાષણ વિલિયમ હેનરી હેરિસને આપ્યું હતું. તેમણે ૪ માર્ચ ૧૮૮૧માં કડકડતી ઠંડીમાં ૧ કલાક ૪૦ મિનિટ સુધી ભાષણ આપ્યું હતું. જો કે તેમનો શાસનકાળ સૌથી ટુંકો હતો એટલે કે રાષ્ટ્રપતિ બન્યાના ૧ મહિનામાં જ તેમનું ન્યુમોનિયાથી મૃત્યુ થયું હતું.

# વોલેટથી UPI વ્યવહારોની ફી ઘટશે

## હાલમાં,૨૦૦૦ કે તેથી વધુના વોલેટ આધારિત યુપીઆઇ ટ્રાન્ઝેક્શન પર ૧.૧ ટકા ફી વસૂલવામાં આવે છે તેને ૦.૬ થી ૦.૭ ટકા કરવા વિચારણા



નવી દિલ્હી,તા.૨૧

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા મોબાઈલ વોલેટ કંપનીઓને તેમનાં યુપીઆઇ બિઝનેસમાં વધારો કરવા અને પ્રોત્સાહિત કરવા માટે વિનિમય ફી ઘટાડવા પર વિચાર કરી રહી છે.

એનપીસીઆઇ અને મોબાઇલ વોલેટ ઉદ્યોગ તમામ વ્યવહારો માટે ૦.૬ થી ૦.૭ ટકાની ઇન્ટરચેન્જ ફી કરવા માંગે છે, હાલમાં,૨૦૦૦ અને તેથી વધુના વોલેટ આધારિત યુપીઆઇ ટ્રાન્ઝેક્શન પર ૧.૧ ટકા ફી વસૂલવામાં આવે છે. ૨૦૦૦ નીચેની વોલેટ-આધારિત ચુકવણીઓ પર કોઈ ફી વસૂલાતી નથી.

એક સમાન દર પ્રીપેડ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ અથવા મોબાઇલ વોલેટ ઇશ્યુઅર જેમ કે મોબીક્વીક, એમેઝોન પે, વગેરેને તેમનાં ગ્રાહકો દ્વારા ઇન્ટરઓપરેબલ ક્યુઆર કોડ-આધારિત યુપીઆઇ ચુકવણીઓ કરવા માટે પ્રોત્સાહિત કરશે.

એક બેંકરે જણાવ્યું હતું કે ''આશા એ છે કે એકવાર આવક-ઉત્પાદન કરવાની તક મળશે તો વધુ વોલેટ કંપનીઓ તેમનાં ગ્રાહકોને તેમનાં બેંક ખાતાનો સીધો ઉપયોગ કરવાને બદલે તેમનાં વોલેટ દ્વારા યુપીઆઇ ચૂકવણી કરવા માટે પ્રોત્સાહિત કરશે.

રેગ્યુલેટર્સ અને એનપીસીઆઇ ધિરાણકર્તાઓની કોર બેન્કિંગ સિસ્ટમ પર ડિજિટલ ચૂકવણીનો ભાર ઘટાડવા માંગે છે, પરંતુ આમાં સલામતીનું પાસું પણ છે, એમ પીપીઆઇના ટોચનાં એક્ઝિક્યુટિવે જણાવ્યું હતું

તેમણે કહ્યું કે ''જો કોઈ ગ્રાહક યુપીઆઇ પેમેન્ટ્સ માટે તેનાં બેંક એકાઉન્ટનો ઘણી વખત ઉપયોગ કરી રહ્યો હોય, તો તેમાં જોખમ સામેલ છે અને વોલેટ બહુવિધ નાના-મૂલ્યની ડિજિટલ ચુકવણીઓ કરવામાં સુરક્ષિત છે.''

એક યુપીઆઇ પેમેન્ટની સરેરાશ સાઈઝ ૧૩૦૦ રૂપિયાની આસપાસ હોય છે અને ૨૦૦૦ અને તેથી વધુના વ્યવહારો માટે ૧.૧ ટકાની ફી લેવામાં આવે છે તેથી આ પગલાંથી વોલેટ કંપનીઓ ખુશ નથી કારણ કે આ પગલાંથી તેમની આવક ઘટી જશે. ડિસેમ્બર ૨૦૨૪માં એનપીસીઆઇએ ૬.૩ લાખ કરોડની કિંમતનાં યુપીઆઇ વ્યવહારોનું સંચાલન કર્યું હતું. તેનાથી વિપરીત, બંને બેંકો અને ફિનટેક દ્વારા જારી કરાયેલાં મોબાઇલ વોલેટે ૪૪૪ મિલિયન વેપારી-કેન્દ્રિત વ્યવહારો દ્વારા ૯૨૩૯ કરોડ રૂપિયાનું સેટલમેન્ટ કર્યું હતું.

# ટ્રમ્પની ટીમ-ટેનઃ કોઇ આર્મીમાંથી તો કોઇ ન્યુઝ એન્કર...

## ભારતીય મૂળની તુલસી ગવાડને ગુપ્તચર વિભાગની જવાબદારીઃ કાશ પટેલને એફઆઈના ડાયરેક્ટર બનાવ્યાઃ એલન મસ્કને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ ઓફ એફિશિયન્સીની જવાબદારી



વોશિંગ્ટન (અમેરિકા), તા.૨૧

રાષ્ટ્રપતિ પદના શપથ લીધા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની ટીમ એક્શન માંડમાં આવી ગઇ છે. ટ્રમ્પે ધડાધડ અનેક મહત્વના નિર્ણયો લીધા છે. ટ્રમ્પે ૧૦ ખાસ લોકોની પોતાની ટીમ બનાવી છે. તેમાં કોઇ આર્મીમાંથી છે તો કોઇ ન્યુઝ એન્કરીંગમાંથી આવ્યા છે. ભારતીય મૂળની વ્યકિત પણ તેમની ટીમમાં છે.

ટ્રમ્પે પોતાના ૧૦ સાથીઓને અલગ લગ કામ વહેંચી દીધા છે. અમેરિકાનું ભવિષ્ય આ ૧૦ લોકોની ટીમના નિર્ણય પર નિર્ભર રહેશે.

**ક્રિસ્ટી નોએમઃ-** ગૃહ મંત્રાલયની ભૂમિકા નિભાવનાર ક્રિસ્ટી ચારવાર કોંગ્રેસ (અમેરિકી સંસદ)ની સભ્ય રહી ચૂકી છે. તે વર્ષ ૨૦૧૮માં સાઉથ ડકોટાની સભ્ય બની હતી. કોરોના કાળમાં તેમણે માસ્ક લગાવવાની અનિવાર્યતા અને લોકડાઉનનો વિરોધ કર્યો હતો.

**પીટ હેગસેથઃ-** યુએસ આર્મીમાં મેજર રહી ચૂકેલા અને ફોક્સ ન્યુઝમાં એન્કર તરીકે કામ કરી ચૂકેલા પીટને ટ્રમ્પે દેશના રક્ષામંત્રી બનાવ્યા છે. હવે તે પેન્ટાગનની જવાબદારી સંભાળી રહ્યા છે.

**એલન મસ્કઃ-** દુનિયાના સૌથી મોટા અમીર એલન મસ્કને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીની જવાબદારી આપી છે. દેશમાં નવી ટેકનિકોને અપનાવવામાં મસ્ક ટ્રમ્પ પ્રશાસનની મદદ કરશે.

**માઇકલ વાલ્ઝઃ-** રાષ્ટ્રીય સુરક્ષાની જવાબદારી સંભાળી ચૂકેલા વાલ્ઝ એક સૈન્ય અધિકારી રહી ચૂક્યા છે. તેમને ચીનના આલોચક માનવામાં આવે છે.

**હાર્વર્ડ લુટનિકઃ-** વાણિજય મંત્રીની જવાબદારી સંભાળનાર હાવર્ડ એક અબજોપતિ છે. તે ટ્રમ્પની ટેરીફ યોજનાના મુખ્ય સમર્થક છે.

**માર્કો રૂબિયોઃ-** ચીનના કટ્ટર આલોચક અને વ્યવસાયે વકીલ છે. રશિયા-યુક્રેન યુધ્ધ સમાપ્ત કરવામાં માર્કો એક મહત્વની ભૂમિકા ભજવશે.

**તુલસી ગબાઇઃ-** રાષ્ટ્રીય ગુપ્તચર વિભાગની જવાબદારી સંભાળનાર તુલસી એક સૈન્ય અધિકારી રહી ચૂકી છે. તેણે અમેરિકામાં હિન્દુઓના મુદ્દાને ધારદાર રીતે ઉઠાવ્યો છે.

**કાશ પટેલઃ-** ટ્રમ્પે કાશ પટેલને એફબીઆઇના ડાયરેક્ટર બનાવ્યા છે. તેમણે ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

**ટોમ હોમનઃ-** ઇમિગ્રેશન તેમજ સીમા શુલ્ક પ્રવર્તન અજેન્સીના પ્રમુખ બનાવાયેલા ટોમ ટ્રમ્પના પહેલા કાર્યકાળમાં ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ વિભાગમાં કાર્યકારી ડિરેક્ટરની જવાબદારી નિભાવી ચૂક્યા છે.

**રોબર્ટ એફ. કેનેડી જુનિયરઃ-** સ્વાસ્થ્ય અને માનવ સેવાની જવાબદારી સંભાળનાર કેનેડી લાંબા સમય સુધી એક વકીલ અને પર્યાવરણવાદી રહ્યા છે.

# એપલે મુંબઈમાં રેકોર્ડ ૬૫૨૬ ચો.ફુટ જગ્યા ૭૩૮ પ્રતિ ફૂટના ભાવે ભાડે લીધી

## મહિનાનું ભાડુ ૪૮.૧૯ લાખ તથા ડિપોઝીટ પેટે ૪.૩૩ કરોડ ચુકવ્યા



મુંબઈ,તા.૨૧

દેશમાં અત્યાર સુધીનાં સૌથી વધુ કોમર્શિયલ લીઝ ભાડામાં, એપલ ઈન્ડીયા સૌથી આગળ છે. એપલે મુંબઈમાં બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં ૬૫૨૬ ચોરસ ફૂટ જગ્યા પ્રતિ ચોરસ ફૂટ ૭૩૮ ના માસિક ભાડા પર લીધી છે. દસ્તાવેજો અનુસાર, એપલ ઈન્ડિયાએ મેકર મેકસીટી-૫ નામની બિલ્ડિંગ પાંચ વર્ષ માટે ભાડે લીધી છે.

દસ્તાવેજો અનુસાર, અગ્નિ કોમેક્સ એલએલપીએ દર મહિને ૪૮.૧૯ લાખમાં જગ્યા ભાડે આપી હતી અને એપલે ૪.૩૩ કરોડની ડિપોઝિટ પણ ચૂકવી હતી. ડીલનો લોક-ઇન સમયગાળો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૭ સુધીનો છે, જેને પ્રથમ લોક-ઇન સમયગાળો કહેવામાં આવે છે, અને બીજો લોક-ઇન સમયગાળો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૮ સુધીનો છે. દસ્તાવેજો દર્શાવે છે કે ટાવરના ૧૦મા માળે અગાશી પર પણ ઓફિસની ૨૧૨૬ ફુટ જગ્યા એપલે લીધી છે. દસ્તાવેજો દર્શાવે છે કે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ૮.૩૬ લાખની સ્ટેમ્પ ડ્યુટી અને ૧૦૦૦ની નોંધણી ફી ચૂકવીને આ કરાર રજીસ્ટર કરવામાં આવ્યો હતો.

જૂન ૨૦૨૪માં, અગ્નિ કોમ્પલેક્ષ એલએલપીએ મુંબઈમાં દર મહિને ૭૦૦ પ્રતિ ચોરસ ફૂટના ભાવે આઇએમસી ઈન્ડિયા સિક્યોરિટીઝને લગભગ ૫૮૩૦ ચોરસ ફૂટની જગ્યા ભાડે આપી હતી. આ સોદાએ અગાઉ સૌથી મોંઘી ઓફિસ લીઝનો રેકોર્ડ બનાવ્યો હતો. ૨૦૨૩ માં પ્રકાશિત થયેલાં એક અહેવાલ મુજબ, એપલે અગાઉ મુંબઈનાં બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સના કોમર્શિયલ હબમાં એક મોલમાં ત્રણ માળમાં ફેલાયેલી ૨૦૦૦૦ ચોરસ ફૂટથી વધુ જગ્યા લગભગ ૪૨ લાખનાં ભાડા પર લીધી હતી.

# ગેમ ચેન્જર અને પુષ્પા-૨ સહિતની હિટ ફિલ્મોના નિર્માતા પર આવકવેરાના દરોડા

## તેલુગુ ફિલ્મના અનેક પ્રોડક્શન હાઉસ પર પણ આવકવેરાની કાર્યવાહી



હૈદરાબાદ, તા.૨૧

બોલીવૂડ પર દક્ષિણની ફિલ્મોનો પ્રભાવ વધી રહ્યો છે તે સમયે 'ગેમ ચેન્જર' અને 'પુષ્પા-૨' જેવી ફિલ્મોના નિર્માતા પર આજે આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે અને તેમાં તેલુગુ ફિલ્મ ઉદ્યોગના અનેક નિર્માતાઓ અને તેની સાથે જોડાયેલા ત્યાં પણ સર્ચ ઓપરેશન શરુ કરવામાં આવ્યું છે. ફિલ્મોના નિર્માણથી લઇ ડીસ્ટ્રીબ્યુશન સહિતના વ્યાપક રીતે કર ચોરી થઇ હોવાનું બહાર આવતા આવકવેરા વિભાગે આ દરોડાનો દૌર શરુ કર્યો છે જેમાં હાલમાં જ બે ફિલ્મો રીલીઝ થઇ તે ગેમ ચેન્જર અને પુષ્પા-૨ સહિતની ફિલ્મોના નિર્માતા દિલ રાજુના પ્રોડ્કશન હાઉસ પર દરોડો પાડી રહ્યા છે. આવકવેરા વિભાગે આ ઉપરાંત પુષ્પા-૨ના સહ નિર્માતા સીરીષના ઘર અને તેની પુત્રી હંસીતા રેડ્ડીના નિવાસે પણ દરોડા શરુ કર્યા છે. આ ઉપરાંત પુષ્પા-૨ના નિર્માણ સાથે સંકળાયેલ મૈત્રી મુવી મેકરના ઓફિસો અને તેના સીઇઓના નિવાસે પણ દરોડા પડ્યા છે. કુલ આઠ સ્થળોએ દરોડા ચાલુ છે અને આગામી સમયમાં મોટી કરચોરી ઝડપાઇ તેવી શક્યતા છે.

# તેલુગુ ફિલ્મમાં અક્ષયકુમારનો અનોખો મહાદેવ અવતાર




હૈદરાબાદ,તા.૨૧

અક્ષયકુમાર ૨૦૨૫ની પોતાની પહેલી ફિલ્મ સ્કાય ફોર્સ લઈને આવી રહ્યો છે.આ ફિલ્મ ૨૪ જાન્યુઆરીએ રિલીઝ થશે.આ ફિલ્મની રિલીઝ પહેલાં અક્ષયકુમારે તેના ચાહકોને મોટી સરપ્રાઈઝ આપી છે. તેણે પોતાની તેલુગુ ફિલ્મ કન્નપ્પાનો પોતાનો લુક રિલીઝ કર્યો છે, જેમાં તે મહાદેવના અવતારમાં જોવા મળશે મોહનબાબુ નિર્મિત કન્નપ્પામાં લીડ રોલ વિષ્ણુ મંચુ નિભાવી રહ્યો છે. ભગવાન શિવ પર આધારિત આ પૌરાણિક ફિલ્મમાં પ્રભાસ, અક્ષયકુમાર, મોહનલાલ, શરથકુમાર મધુ, મોહનબાબુ કાજલ અગરવાલ જેવા સિતારાઓ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.આ ફિલ્મ ૨૫ એપ્રિલે થિયેટરમાં રિલીઝ થશે.



# રાજસ્થાનના એક ભિખારીએ રોકડા રૂા.૧ લાખ ૪૪ હજારમાં આઈફોન લીધો!!

જયપુર,તા.૨૧

સોશ્યલ મીડિયામાં રાજસ્થાનના એક ભિખારી પાસેના આઈફોન ૧૬ પ્રો મેકસનો એક વિડીયો વાઈરલ થયો છે જેમાં આ દિવ્યાંગ ભિખારી જણાવી રહ્યો છે કે તેણે આ ફોન ૧.૪૪ લાખ રૂપિયા રોકડા આપીને ખરીદ્યો છે.આ પહેલા એક કબાડીવાલાએ દીકરાને આઈફોન ગિફ્ટ કર્યાનો વિડિયો પણ વાઈરલ થયો હતો. પણ ભિખારીએ ખુદ આ ફોન ખરીદ્યો છે. એ વાતે લોકોને ચોંકાવી દીધા છે.આ વિડિયો શેર કરનારો યુવાન ભિખારીને પૂછે છે કે આ ફોન તેણે કેવી રીતે ખરીદ્યો તો ભિખારી જવાબ આપે છે કે ભીખ માગીને મેં આ ફોન ખરીદ્યો છે.જે ફોન ભિખારીના હાથમાં છે એ સપ્ટેમ્બર મહિનામાં જ લોન્ચ થયો છે. આ ભિખારીને પગ નથી અને ભીખ માગીને જીવન વિતાવે છે.તેના હાથમાં મોંઘામાં મોંઘો ફોન છે. અને એ પણ તેણે ભીખમાં મળેલા પૈસાથી ખરીદ્યો છે.આ વિડિયો જોઈને લોકો પણ અજબગજબની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. એક જાણે લખ્યું હતુ કે હવે રોટી આપવાનો વાયદો કરો, રોકડા નહીં. બીજાએ લખ્યું છે કે મેં તો ભીખ આપવાનું બંધ કરી દીધું છે. તમે પણ બંધ કરી દો.જો કે કેટલાક લોકોએ આ વિડિયો સ્કપ્ટિડ હોવાની અને વાઈરલ કરવાની યોજના સાથે બનાવ્યો હોવાની શંકા પણ વ્યકત કરી છે.

# એક વ્યક્તિનું દુધ ઢોળાઈ જતાં તેને રાહુલ ગાંધી પર કેસ કર્યો

## રાહુલ ગાંધીના વિધાનના કારણે મારા હાથમાંથી દૂધની ડોલ પડી જતાં ૨૫૦ રૂપિયાનું નુકશાન : વ્યક્તિ કોર્ટે પહોંચ્યો

બિહાર : બિહારનાં સમસ્તીપુર જિલ્લાનાં એક વ્યક્તિએ સ્થાનિક કોર્ટમાં કેસ દાખલ કર્યો છે, જેમાં આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના કારણે તેનાં હાથમાંથી દૂધની ડોલ પડી હતી, જેનાં કારણે તેને ૨૫૦ રૂપિયાનું નુકશાન થયું હતું. આ વિચિત્ર કેસ સમસ્તીપુર જિલ્લાનાં રહેવાસી અને ફરિયાદી મુકેશ ચૌધરીએ સ્થાનિક કોર્ટમાં દાખલ કર્યો છે અને તેણે દાવો કર્યો છે કે ગયાં અઠવાડિયે ઈન્ડિયન સ્ટેટ સામે લડવાની રાહુલ ગાંધીની ટિપ્પણી સાંભળીને તેઓ ચોંકી ગયાં હતાં.

ચૌધરીએ આરોપ લગાવ્યો કે, હું એટલો ચોંકી ગયો હતો કે ૫૦ રૂપિયા પ્રતિ લિટરના ભાવની પાંચ લિટર દૂધ ભરેલી મારી ડોલ મારા હાથમાંથી સરકી ગઈ હતી. રાહુલ ગાંધી દેશની સાર્વભૌમત્વને જોખમમાં મુકી રહ્યાં હતાં.

જિલ્લાનાં સોનુપુર ગામનાં રહેવાસીએ પણ મીડિયાને સબ-ડિવિઝનલ સિવિલ કોર્ટમાં દાખલ કરેલી તેમની અરજીની એક નકલ બતાવી, જેમાં માંગણી કરવામાં આવી હતી કે રાહુલ ગાંધી પર રાજદ્રોહ સહિત ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે. કોર્ટે અરજી સ્વીકારી છે કે નહીં તે જાણી શકાયું નથી.

રાહુલે કહ્યું હતું કે બીજેપીએ અને આરએસએસે આપણાં દેશની દરેક સંસ્થા પર કબ્જો જમાવ્યો છે. અમે હવે ભાજપ, આરએસએસ અને ખુદ ભારતીય રાજ્ય સામે લડી રહ્યાં છીએ.

# કાર્તિક આર્યન હવે સ્ટાર કિડ્સ વિશે બોલ્યો



મુંબઇ : ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હંમેશાં અંદરનાં અને બહારનાં લોકોનાં વિષયની ચર્ચા થાય છે. હવે કાર્તિક આર્યન એ આ વિશે વાત કરી છે. તેણે કહ્યું કે આવાં ઘણાં પ્રોજેક્ટ હતાં જે તેને મળવાના હતાં, પરંતુ તે કોઈ બીજાને આપવામાં આવ્યાં છે.

એક ઈન્ટરવ્યુમાં કાર્તિકે કહ્યું હતું કે, મારી સાથે ઘણી વખત એવું બન્યું છે જ્યાં મને લાગ્યું હતું કે આ તક મને જ મળશે પણ તે મને મળી નહિ કારણ કે હું બોલિવૂડ પરિવારમાંથી આવતો નથી. 'કાર્તિકે કહ્યું કે તે એ પરિવારના બાળકોની ભુલ નથી તે મેં હવે તે સ્વીકારી લીધું છે. તેને કહ્યું કે જો હું પણ ફિલ્મી પરિવારમાંથી હોત તો કદાચ મને તે તકો મળી હોત. તેમણે કહ્યું કે મેં કેટલી ફિલ્મો કરી છે તેની સરખામણી કરવાને બદલે તમને કામ આપનારાં નિર્માતાઓ અને પ્રોડયુસરોની ક્ષમતા તપાસવાની જરૂર છે. અભિનેતાએ કહ્યું કે આ સરખામણી વાજબી રીતે થઈ શકે છે.

### જસદણ, જેતપુર, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટા પાલિકાની ૪૨ વોર્ડની ૧૬૮ બેઠકોની યોજાશે ચૂંટણીઃ ૩૨૪ મતદાન મથકો

# રાજકોટ પાલિકાની પાંચ પાલિકાની ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન શરૂઃ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ

રાજકોટ તા.૨૧

રાજકોટ સહિત રાજયભરની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થવા પામેલ છે. આ દરમ્યાન રાજકોટ જીલ્લાની પાંચ નગરપાલિકાઓની યોજાનાર ચૂંટણી માટે આખરી મતદાર યાદીની પ્રસિધ્ધી આજે કરી દેવામાં આવેલ છે.

રાજકોટ જીલ્લામાં જસદણ, જેતપુર, ધોરાજી અને ઉપલેટા એમ પાંચ નગરપાલિકાઓની ચૂંટણી યોજાશે. જયારે ચાર તાલુકા પંચાયત જેમાં ઉપલેટા,

## કઇ-કઇ પાલિકામાં કેટલી બેઠકોની ચૂંટણી

| | | | |
|---|---|---|---|
| જસદણ | ૭ વોર્ડ | ૨૮ બેઠક | ૪૪ બુથ |
| જેતપુર | ૧૧ વોર્ડ | ૪૪ બેઠક | ૧૧૮ બુથ |
| ધોરાજી | ૯ વોર્ડ | ૩૬ બેઠક | ૮૫ બુધ |
| ભાયાવદર | ૬ વોર્ડ | ૨૪ બેઠક | ૨૧ બુથ |
| ઉપલેટા | ૯ વોર્ડ | ૩૬ બેઠક | ૫૬ બુથ |

## તાલુકા પંચાયત (પેટા ચૂંટણી) કુલ ૬ બેઠક

| | |
|---|---|
| ઉપલેટા | ડુમીયાણી, મોટી પાનેલી |
| જસદણ | આંબરણી, ભાડલા |
| જેતપુર | પીઠડીયા |
| ગોંડલ | સુલતાનપુર |

## ગોંડલ, ઉપલેટા, જસદણ અને જેતપુર તાલુકા પંચાયતની છ બેઠકની પેટા ચૂંટણી પણ યોજાશેઃ બપોરે કલેકટર કચેરી ખાતે રીટર્નીંગ ઓફીસરોની બેઠક

જસદણ, જેતપુર અને ગોંડલ તાલુકા પંચાયતની છ બેઠકોની પેટા ચૂંટણી પણ નગરપાલિકાઓની ચૂંટણીની સાથે જ યોજાશે. જેમાં ઉપલેટા તાલુકા પંચાયતની ડુમિયાણી અને મોટી પાનેલી, જસદણ તાલુકા પંચાયતની આંબરડી અને ભાડલા, જેતપુર તાલુકા પંચાયતની પીઠડીયા અને ગોંડલ તાલુકા પંચાયતની સુલતાનપુર બેઠકની પેટા ચૂંટણી યોજાશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આગામી તા.૧ ફેબ્રુઆરી સુધીમાં કોમ્યુનિકેશન પ્લાન તૈયાર કરવા માટે તમામ જીલ્લા કલેકટરોને આદેશ કરી દેવામાં આવેલ છે. રાજકોટ જીલ્લામાં પાંચ પાલિકાઓની ચૂંટણીની સાથે ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની પેટા ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે જીલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા કમ્મર કસી દેવામાં આવી છે. આ અંગે આજે બપોરના જીલ્લા કલેકટર કચેરી ખાતે રીટર્નીંગ ઓફીસરો તેમજ આસી. રીટર્નીંગ ઓફીસરોની ખાસ બેઠક આયોજીત કરવામાં આવી છે.

રાજકોટ જીલ્લામાં પાંચ નગરપાલિકાઓની ૧૬૮ બેઠકો માટે યોજાનારી ચૂંટણીમાં ૩૨૪ મતદાન મથકો રહેશે. જેમાં જસદણ નગરપાલિકાની ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ચૂંટણી યોજાશે આ માટે ૪૪ મતદાન બુથો ઉપર મતદાનની પ્રક્રિયા થશે. જયારે જેતપુર પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકોની ચૂંટણી યોજાશે. આ માટે ૧૧૮ મતદાન બુથો તૈયાર કરાશે. જયારે ધોરાજી પાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકોની ચૂંટણી યોજાશે. આ માટે ૮૫ મતદાન બુથો તૈયાર કરાશે. જયારે ભાયાવદર પાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકની ચૂંટણી યોજાશે અને આ માટે ૨૧ બુથો તૈયાર કરાશે તેમજ ઉપલેટા પાલિકાની ૯ વોર્ડની ૩૬ બેઠકના ચૂંટણી યોજાશે. જે માટે ૨૬ મતદાન બુથો પર મતદાનની પ્રક્રિયા થશે.

પાલિકાની ચૂંટણી માટે રીટર્નીંગ ઓફીસરો અને મદદનીશ રીટર્નીંગ ઓફીસરને તાલીમ આપી સજજ કરવામાં આવી રહ્યા છે. જીલ્લામાં નગરપાલિકાઓની શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે વહીવટી તંત્ર દ્વારા કમ્મર કસી દેવામાં આવી છે.

### શુક્રવારે ગાંધીનગરમાં રાજયભરના કલેકટરોની કોન્ફરન્સ

## કાલે સરકારની નવી માર્ગદર્શિકા મુજબ કલેકટર કચેરીમાં યોજાશે લેન્ડગ્રેબીંગની બેઠકઃ ૬૩ કેસ

### અપીલના બોર્ડમાં ૨૨ કેસની હાથ ધરાશે સુનાવણી

રાજકોટ તા.૨૧

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આવતીકાલે તા.૨૨ને બુધવારના લેન્ડગ્રેબીંગ કમીટીની યોજાનાર બેઠક રાજય સરકારની નવી માર્ગદર્શીકા મુજબ આયોજીત કરવામાં આવી છે જેમાં ૬૩ કેસની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે.

આ બેઠકમાં દોઢ ડઝનથી વધુ અરજદારોની રૂબરૂ સુનાવણી કરવામાં આવનાર છે. આ માટે કલેકટર તંત્ર દ્વારા અગાઉથી જ આ અરજદારોને નોટીસ પાઠવવામાં આવી હતી. આવતીકાલે યોજાનાર આ લેન્ડગ્રેબીંગની આ બેઠકમાં કમીટીના તમામ સદસ્યો હાજરી આપશે.

આ ઉપરાંત આવતીકાલે કલેકટર કચેરી ખાતે અપીલના કેસોનું ખાસ બોર્ડ પણ બપોરના સેશનમાં યોજવામાં આવેલ છે. જેમાં ૨૨ કેસોની સુનાવણી કરાશે. જયારે શુક્રવારે રાજયભરના કલેકટરોની ગાંધીનગર ખાતે કોન્ફરન્સ યોજવામાં આવી છે જેમાં મહેસુલી કામગીરીની મહેસુલ સચીવ દ્વારા સમીક્ષા કરવામાં આવશે.

## ન્યારી ડેમ પાસે કેટરીંગ કામ કરતા યુવાનને ચાર શખ્સોએ ઢોર મારમાર્યો

### મોટા મવાના યુવાનને તું કેમ આપણી સાથે કામ કરતી છોકરીઓની મજાક કરે છે? કહી હુમલો કર્યોઃ વિશ્વેશ્વરનગરમાં યુવાનને અજાણ્યા શખ્સે ધારદાર વસ્તુ મારી દેતા સારવારમાં

રાજકોટ. તા.૨૧

મોટામવા પાસે કટારીયા ચોકડી નજીક રહેતા યુવાનને ચાર અજાણ્યા શખ્સોએ તું કેમ આપણી સાથે કામ કરતી છોકરીઓની મજાક કરે છે તેમ કહી ગાળો આપી ઢીકાપાટુ તથા કમરપટા વડે મારમાર્યો હતો. જે અંગે યુવાને તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. યુવાન કેટરીંગનું કામ કરતો હોય તેમાં સાથે કામ કરતી છોકરીઓની સાથે વાત કરવા બાબતે હુમલો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, કાલાવડ રોડ પર કટારીયા ચોકડીથી આગળ મોટામવામાં નંદાભાઈના મકાનમાં ભાડેથી રહેતા અને કેટરીંગનું કામ કરનાર વિજય નથુભાઈ વાળા (ઉ.વ.૨૭) નામના યુવાને તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચાર અજાણ્યા શખસોના નામ આપતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ન્યારી રોડ પર સફલ ડ્રીમ એપાર્ટમેન્ટ કલાવાડ રોડ પાસે હતો ત્યારે આરોપીઓએ તેમને તું કેમ આપણી સાથે કામ કરતી છોકરીઓની મજાક- મશ્કરી કરે છે? તેમ કહી ગાળો આપી હતી. બાદમાં આરોપીઓએ યુવાનને ઢીકાપાટુનો તથા કમરપટા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે યુવાનની ફરિયાદ પરથી તાલુકા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાવા અંગે વધુ તપાસ પી.એસ.આઇ એલ.ડી.ડિંડોર અને ટીમે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

## સજાના વોરંટમાં નાસતો ફરતો મનોજ મીર ઝડપાયો

### ચોકકસ બાતમી આધારે ગાંધીગ્રામ પોલીસે પકડી કોર્ટ હવાલે કર્યો



રાજકોટ તા.૨૧

રાજકોટ કોર્ટના સજાના વોરંટમાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવામાં ગાંધીગ્રામ પોલીસે ઝડપી ચીફ જયુ. કોર્ટ હવાલે કરેલ છે.

રાજકોટ ૧૨માં એડી. ચીફ જયુ. મેજી. કોર્ટના સજાના વોરંટમાં નાસતા ફરતા મનોજ નાથાભાઈ મીર (ઉ.૪૨) રે. વૈશાલીનગર, શેરી નં.૫, આમ્રપાલી સિનેમા રૈયા રોડ રાજકોટને બાતમી આધારે ગાંધીગ્રામ પોલીસે ઝડપી લઈ કોર્ટમાં રજૂ કરવા તજવીજ હાથ ધરી છે.

આ કામગીરી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર પી.આર. ડોબરીયા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એસ.બી. જાડેજા તથા પોલીસ હેડ કોન્સ. મશરીભાઈ ભેટારીયા, તથા ભગીરથસિંહ જાડેજા તથા શબ્બીરખાન મલેક તથા પો.કો. અમીનભાઈ ભલુર, રોહીતદાન ગઢવી, પ્રદીપભાઈ ડાંગર, રઘુવીરસિંહ જાડેજા, પ્રશાંતભાઈ ગજેરા, ભરતભાઈ મકવાણાએ કરી હતી.

## મોરબી રોડ પર જુગાર રમતા વેપારી, ઈમિટેશનના ધંધાર્થી, ખેડૂત સહિત સાત શખ્સો ઝડપાયા

### બાપા સીતારામ પોલીમર્સ પાઈપના કારખાના પાછળ પીસીબીની ટીમે દરોડો પાડી રૂ.૪૮ હજારનો મુદામાલ જપ્ત કર્યો

રાજકોટ.તા.૨૧

મોરબી રોડ શકિત સોસાયટીના ખુણે બાપા સીતારામ પોલીમર્સ પાઇપના કારખાનાની પાછળ ખુલ્લા પટમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા પીસીબીએ દરોડો પાડી સાત શખ્સોને ઝડપી રૂ.૪૮ હજારનો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પીસીબીના પીઆઇ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ એમ.જે. હુણ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતો ત્યારે હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલ ચોક્કસ બાતમીના આધારે મોરબી રોડ શકિત સોસાયટીના ખુણે બાપા સીતારામ પોલીમર્સ પાઇપના કારખાનાની પાછળ ખુલ્લા પટમાં દરોડો પાડી પતા ટીંચતા જય રણછોડ પેઢડીયા (ઉ.વ.૨૬),( ધંધો.ઇમીટેશન રહે.સતનામ પાર્ક પ્રમુખ વિલા એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૦૬ જુનો મોરબી રોડ), જીગ્નેશ લવજી હીરપરા (ઉ.વ.૩૦),( ધંધો.વેપાર, રહે.શીવમ પાર્ક શેરી નં.૧, કનકાઇ પાનની પાછળ ફોર્જીંગ ફોર્ડ રોડ, ગ્રીન લેન્ડ ચોકડી), અરવિંદ કાનજી પેઢડીયા (ઉ.વ.૪૨),( ધંધો.ઈમીટેશન રહે.શીવમ પાર્ક-૨, ફોર્જીંગ ફોર્ડની પાછળ મોરબી રોડ), ગૌતમ ડાયા કારસરીયા (ઉ.વ.૩૪),( ધંધો.ઈમીટેશન રહે.રાધામીરા પાર્ક શેરી નં.૨ સેટેલાઇટ ચોક જુનો મોરબી રોડ), રસીક લક્ષ્મણ રામાણી (ઉ.વ.૫૦, ધંધો.ખેતી રહે.રણછોડનગર શેરી નં.૨૨,પેડક રોડ), કાનજી પ્રેમજી રૈયાણી (ઉ.વ.૫૨ ધંધો.ગેરેજ રહે.રૈયા રાજ મકાન સરદાર પટેલ પાર્ક મેઇન રોડ,નવો મોરબી રોડ,વુન્દાવન સોસાયટીની સામે) અને હર્ષ વલ્લભ લીંબાસીયા (ઉ.વ.૨૪ ધંધો.વેપાર રહે.પંચવટી ટાઉનશીપ શેરી નં.૦૧ જુનો મોરબી રોડ) ને દબોચી રૂ.૪૮૧૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૫ ફેબ્રુઆરીના મહાકુંભ મેળામાં શાહી સ્નાન કરશે

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ મહાકુંભમાં જશેઃ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ તા.૧ ફેબ્રુ.ના શાહી સ્નાન કરશે



નવી દિલ્હી, તા.૨૧

હાલ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં એક બાદ એક ટોચના રાજનેતાઓ શાહી સ્નાન કરવા જઇ રહ્યા છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘે ગત સમાહે જ શાહી સ્નાન કર્યું હતું. તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૫ ફેબ્રુઆરીના રોજ શાહી સ્નાન કરશે. આ પૂર્વે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા.૨૭ જાન્યુઆરીના શાહી સ્નાન કરશે, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ પણ તા.૧ ફેબ્રુઆરીએ કુંભમેળામાં સ્નાનમાં ભાગ લેશે. અમિત શાહ શાહી સ્નાન ઉપરાંત ગંગા-પૂજા અને આરતી પણ કરશે. આ માટેની તમામ તૈયારીઓ શરુ થઇ ગઇ છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તા.૧૦ના રોજ કુંભની મુલાકાત લેશે અને કેટલાક કાર્યક્રમોમાં ભાગ લેશે. કુંભમેળામાં તા.૨૯ના રોજ મોનીઅમાવસ્યાના બીજુ શાહી સ્નાન યોજાશે. તા.૩ ફેબ્રુઆરીના વસંત પંચમીના દિવસે ત્રીજુ શાહી સ્નાન યોજાશે. તા.૧૨ ફેબ્રુઆરીના માર્ગ પૂર્ણિમા અને તા.૨૬ ફેબ્રુઆરીના મહાશિવરાત્રી નિમિત્તે શાહી સ્નાન યોજાશે.

## બનાસકાંઠા જિલ્લાના વિભાજન મુદ્દે હવે ધાનેરામાં આત્મવિલોપનની ચિમકીઃ ટ્રેકટર કૂચ ગાંધીનગર લઇ જવા તૈયારી

### ભાજપના ધારાસભ્યો વિરોધમાં જોડાયાઃ સરકાર માટે નિર્ણય મુશ્કેલ

રાજકોટ, તા.૨૧

ગુજરાતમાં નવા જિલ્લાઓની રચનામાં બનાસકાંઠા જિલ્લાના વિભાજન કરીને વાવ-થરાદને અલગ જિલ્લો બનાવી અને ધનેરાને નવા જિલ્લામાં ફેરવાના સરકારના નિર્ણય સામે હવે ધાનેરામાં જબરો જનઆક્રોશ સર્જાયો છે અને જિલ્લામાં ભાજપના ધારાસભ્યો પણ આ મુદ્દે સરકારને પુનઃ વિચારણા કરવા અપીલ કરી છે.

તો બીજી તરફ પુર્વ ધારાસભ્ય મગનલાલ પુરોહિતે જો ધાનેરાને બનાસકાંઠામાં ન રાખવામાં આવે તો આત્મવિલોપનની ચિમકી આપતા મામલો ગરમ બની ગયો છે તેમણે કહ્યું હતું કે વાવ-થરાદમાં જ જોડાવવું એ પાકિસ્તાનમાં જોડાવા જેવું છે અને અમે તેમાં સમંત નથી. ધાનેરા તાલુકા હિતરક્ષક સમિતિની રચના કરવામાં આવી છે અને હવે તેઓ ગાંધીનગર વિધાનસભા સત્ર સમયે ટ્રેક્ટર કૂચ લઇ જવાશે તેવી જાહેરાત કરી છે. બીજી તરફ વાવ-થરાદમાં પણ નવા જિલ્લાની રચના મુજબ વિવાદ યથાવત છે અને આગામી દિવસોમાં આંદોલન ઉગ્ર બને તેવી ધારણા છે.

## સતનામ સોસાયટીના ૩૦ વર્ષિય યુવકનું બેભાન હાલતમાં મોત



રાજકોટ તા.૨૧

શહેરનાં સતનામ સોસાયટીના ૩૦ વર્ષિય યુવકનું બેભાન હાલતમાં મોત નિપજ્યું હતું. બનાવ પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ સતનામ સોસાયટી પુનિતના ટાંકા સામે રહેતાં દિનેશભાઈ રાઘવજીભાઈ ડાભી (ઉ.વ.૩૦) નામનો યુવક આજે સવારે સાત વાગ્યાની આસપાસ પોતે વાવડી પોલીસ ચોકીની સામે હતો ત્યારે બીમારી સબબ બેભાન થઈ જતાં તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યો હતો. મૃતક યુવક અપહરણીત હતો. તે ત્રણ ભાઇમાં નાનો હતો.

## સૈફ અલી ખાનને હોસ્પિટલમાંથી રજા અપાઈઃ અન્ય ઘરમાં શિફટ કરાશે

### સૈફ અલી ખાનની સુરક્ષામાં વધારો કરાયોઃ ઘટના સ્થળેથી આરોપીના ૧૯ ફિંગરપ્રિન્ટ મળ્યા

મુંબઈ,તા.૨૧

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનને હવે લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. છ દિવસ સુધી ડોક્ટરોના નિરીક્ષણ હેઠળ રહ્યા બાદ, સૈફ અલી ખાન ધીમે ધીમે સ્વસ્થ થઈ રહ્યો છે. અભિનેતાની તબિયતમાં સુધારો જોઈને ડોક્ટરોએ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દીધી છે. તેમને લેવા માટે પત્ની કરીના કપૂર ખાન તેના હોસ્પિટલ પહોંચ્યા છે. અહેવાલો અનુસાર, સૈફ અલી ખાનને બીજા ઘરમાં શિફ્ટ કરાશે અને તેમની સુરક્ષા વધારો કરી દેવામાં આવ્યો છે.



ઉલ્લેખનીય છે કે સૈફ અલી ખાન પર થયેલાં હુમલાના આરોપી મહોમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદ સાથે પોલીસ પૂછપરછ કરી રહી છે. આરોપીને લઈને મુંબઈ પોલીસ સૈફ અલી ખાનના ઘરે પહોંચી હતી. જ્યાં હુમલાના દિવસે બનેલી ઘટનાને રિક્રિએટ કરવામાં આવી હતી. આ દરમિયાન મુંબઈ પોલીસને ઘટનાસ્થળેથી શરીફુલના ૧૯ ફિંગરપ્રિન્ટ મળ્યા છે.પોલીસને ફિંગરપ્રિન્ટના પુરાવા સૈફના ઘરના બાથરૂમની બારી, ડક્ટ એરિયા, સીડી, અગાસી અને બાથરૂમ સિવાય એ સીડીમાંથી મળ્યાં, જેનો ઉપયોગ શરીફુલે સૈફના ઘરમાં ઘૂસવા અને બહાર નીકળવા કર્યો હતો. પોલીસે આ ૧૯ ફિંગરપ્રિન્ટને આ મામલે મુખ્ય પુરાવો માનીને આગળની તપાસ હાથ ધરી છે.

## એઈમ્સના ફોરેન્સિક વિભાગ દ્વારા સી.એમ.ઈ. યોજાઈ : ભારત સહિત ૬ દેશના તબીબો જોડાયા

### ઈરાક, મલેશિયા, નેપાળ, શ્રીલંકા, સુદાન, મળી ૭૦૦થી વધુ ડોકટરે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું

રાજકોટ, તા.૨૧

એઈમ્સ રાજકોટમાં ફોરેન્સિક મેડિસિન ડિપાર્ટમેન્ટ ક્લિનિકલ પ્રેક્ટિસમાં મેડિકો-લીગલ કેસના મેનેજમેન્ટ વિષય પર નેશનલ સી.એમ.ઇ.નું આયોજન કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક વિભાગના હેડ પ્રો. ડો.સંજય ગુપ્તા (ડીન) અને એસોસિયેટ પ્રો.ડો. ઉત્સવ પારેખ દ્વારા આ નેશનલ ટ્રેનિંગનું આયોજન કરાયું હતું.

આ ટ્રેનિંગ મેળવવા માટે દેશોના વિવિધ રાજ્યોમાંથી તેમજ ૬થી વધુ દેશો એટલે કે, ભારત, ઇરાક, મલેશિયા, નેપાળ, શ્રીલંકા, સુદાન, વગેરેમાંથી ૭૭૦થી વધુ ડોક્ટર્સે રજિસ્ટ્રેશન્સ કરાવ્યા હતા. એક્ઝિક્યુટિવ ડાયરેકટરે સી.એમ.ઇ.નું ઉદઘાટન કર્યું હતું. ક્લિનિકલ પ્રેક્ટિસમાં વધતા જતા ડોક્ટરો પરના આરોપો અને કોર્ટ કેસ જેવા લીગલ પ્રશ્નો વિષે આ પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામના મહત્વ અને સુસંગતતા પર ભાર મૂક્યો હતો. આ ટ્રેનિંગ નો ઉદ્દેશ્ય ક્લિનિકલ પ્રેક્ટિસમાં આવતા વિવિધ કાનૂની મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક મંચ પૂરો પાડવાનો હતો. તબીબી પ્રેક્ટિશનરો તેમની સંબંધિત વિશેષતામાં નિષ્ણાત હોય છે પરંતુ ક્લિનિકલ પ્રેક્ટિસના કાયદાકીય પાસાઓ વિશે વધુ જાણતા હોતા નથી, તેથી આ જાગૃતિના અભાવે તેમની સામે ખોટા આરોપો અને કોર્ટ કેસ વધી રહ્યા છે. આ તકે ઓર્ગેનાઈઝિંગ ચેરમેન અને ડીન એકેડમિક પ્રો.ડો. સંજય ગુપ્તા, પ્રો. ડો. દિનેશ રાવ (એઇમ્સ જમ્મુ)એ 'મેડિકલ નેગ્લિજન્સ' પર સેશન લીધું હતું, પ્રો. ડો. કૃષ્ણદત્ત ચાવલી (એઇમ્સ રાયપુર) એ મેડિકો લીગલ કેસોના મેનેજમેન્ટ પર અને પ્રો. ડો.જયંતિ યાદવે (એઇમ્સ ભોપાલ) ક્લિનિકલ પ્રેક્ટિસમાં કન્સેન્ટ પર માર્ગદર્શન આપ્યું હતું. એઇમ્સ રાજકોટ ફોરેન્સિક વિભાગના એસોસિયેટ પ્રોફેસર અને ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. ઉત્સવ પારેખએ સહભાગી ડોક્ટસર્સના વિવિધ જટિલ પ્રશ્નો ઉઠાવ્યા જેનું વિવિધ એઇમ્સના ફોરેન્સિક એક્ષપર્ટ્સ દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું.

## મોરબી ઝુલતા પુલ દુર્ઘટનાનાં કેસમાં રાજય ગ્રાહક કમિશનમાં અપીલ

### મોરબી ગ્રાહક કોર્ટનાં હુકમમાં વિસંગતતા ઓથી મૃતકનાં પરિવારજનો નારાજ

(જીજ્ઞેશ ભટ્ટ દ્વારા)

મોરબી,તા.૨૧







મોરબીની ઝૂલતા પુલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજન દ્વારા ગ્રાહક કોર્ટમાં વળતર માટે કેસ કરવામાં આવ્યું હતું જેમાં તાજેતરમાં ગ્રાહક કોર્ટે કરેલા હકૂમમાં વિસંગતતાઓ જોવા મળી રહી છે અને આ હુકમથી મૃતકના પરિવારજનો નારાજ છે જેથી કરીને ભોગ બનેલા ૭૦ જેટલા લોકોના પરિવારજનોએ તેમના વકીલ મારફતે રાજ્ય ગ્રાહક કમિશનમાં અપીલ કરી છે

મોરબીમાં મચ્છુ નદી ઉપર રાજાશાહી વખતમાં બનાવવામાં આવેલ ઝુલતો પુલ તા.૩૦/૧૦/૨૦૨૨ ના રોજ સાંજના સમયે તૂટી પડ્યો હતો અને ત્યારે ત્યાં પોતાના પરિવારજનો અને મિત્ર સાથે હરવા ફરવા માટે જે લોકો આવેલ હતા તેમાંથી ૧૩૫ જેટલા લોકોના મૃત્યુ નીપજ્યા હતા અને તેમાં બાળકો, મહિલાઓ, વૃદ્ધો, યુવકઓ, યુવતીઓ, સગર્ભા મહિલાઓ વગેરેનો સમાવેશ થતો હતો અને તેના પરિવારજનો ન્યાય મેળવવા માટે થઈને મોરબીની કોર્ટમાં અને હાઇકોર્ટમાં છેલ્લા બે વર્ષ કરતાં વધુ સમયથી લડી રહ્યા છે અને હાલમાં તે કોર્ટમાં દલીલો ચાલી રહી છે.

જોકે, જે ૧૩૫ જેટલા લોકોના આ દુર્ઘટનામાં મૃત્યુ થયા હતા તે પૈકીના ૭૦ જેટલા મૃતકના પરિવારજનો દ્વારા મોરબીની ગ્રાહક કોર્ટમાં કેસ કરવામાં આવેલ હતો કેમ કે, જે લોકોના અવસાન થયા હતા તે તમામ લોકો ઝૂલતા પુલ ઉપર ત્યાં નક્કી કરેલી ટિકિટ લઈને ગયા હતા જેથી તે બધા જ ગ્રાહક હોય તેઓના પરિવારજનોને ગ્રાહક કોર્ટે સાંભળીને ન્યાય કરવો જોઈએ પરંતુ છેલ્લા ઘણા સમયથી ત્યાં કરવામાં આવેલ કેસમાં કોઈ કાર્યવાહી થતી ન હતી.

ગત તા. ૨૧/૧૨/ ૨૦૨૪ ના રોજ હુકમ વાંચી સંભળાવેલ છે તે પ્રકારનું લખાણ કરીને એક હુકમ તા. ૨૬/૧/૨૦૨૪ ના રોજ મોરબી ગ્રાહક કોર્ટના જજની સહી સાથે કરવામાં આવ્યો છે આ હુકમની સામે પણ વકીલો દ્વારા સવાલો ઉભા કરવામાં આવ્યા છે અને ગ્રાહકો સાથે અન્યાય થયો હોય તેનો કેસ ગ્રાહક કોર્ટમાં ચાલે સિવિલ કોર્ટમાં ન નહીં. જેથી મોરબીની ગ્રાહક કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમથી નારાજ થઈને મૃતકના પરિવારજનો તેના વકીલ કિશનભાઈ પંચાલ મારફતે રાજ્યના ગ્રાહક કમિશનમાં અપીલમાં ગયા છે અને આગામી તા. ૧૩/૨ ની તેમાં મુદત હોવાનું વકીલે જણાવ્યું છે.







## પાટડીમાં ગેસ ગળતરઃ બેનાં કરૂણ મોત

### ભૂગર્ભ ગટરનાં પમ્પિંગ સ્ટેશનમાં સેફટીનાં સાધનો વિના બે યુવકોને ઉતારાયા હતાઃ ઘટનાસ્થળે ટોળા એકઠા થયા

(ફારૂક ચૌહાણ દ્વારા)

વઢવાણ તા.૨૧

સુરેન્દ્રનગરનાં પાટડી ખાતે આજે બપોરે ગેસ ગળતરની એક ગંભીર ઘટનામાં બે યુવકોનાં કરૂણ મોત નિપજતા અરેરાટી ફેલાઈ ગઈ છે. પાટડી ભુગર્ભ ગટરનાં પમ્પીંગ સ્ટેશન ખાતે સર્જાયેલી આ દુર્ઘટના અંગે મળતી વિગતો મુજબ ગેસગળતરની ઘટનામાં મૃત્યુ પામનાર બે યુવકોને પાટડી ભુગર્ભ ગટરના પમ્પીંગ સ્ટેશનમાં સેફ્ટીના સાધનો વગર સાફસફાઈ માટે ઉતારવામાં આવ્યા હતા, આમ નગરપાલિકાની બેદરકારી સામે આવી છે. કામ કરતા કામદારોને કોઈ સાધન સામગ્રી ના આપવામાં આવતા પ્રકારની ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

આ ઘટનામાં જયેશ પાટડીયા અને ચિરાગ પાટડીયાનું મોત નિપજયું છે. આ ઘટનાને લઈ લોકોના ટોળા એકઠા થયા છે. ગુજરાતમાં વધુ એક ગેસ ગળતરની ઘટનાએ બે યુવકોના જીવ લઈ લીધા છે.

દરમ્યાન બંનેના મૃતદેહોને પીએમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. એકબાજુ કાલે મુખ્યમંત્રી પાટડી ખાતે આવી રહ્યા છે ત્યારે બીજી તરફ આવા પ્રકારની કરૂણ ઘટના બનતા ચકચાર ફેલાઈ છે.

પાઈપલાઈનો, સ્મશાન, ગાર્ડન, સ્કુલ, આંગણવાડી, જીમના સાધનો, શૈક્ષણિક પ્રવાસ, વોટર કુલર માટે પણ ચૂંટાયેલા લોકો વોર્ડદીઠ વર્ષે ૮૦ લાખ ખર્ચ કરી શકે..

# માત્ર બાકડા, સાઈન બોર્ડ, પેવીંગ બ્લોક નહીં; કોર્પોરેટરોની ગ્રાન્ટ અનેક સુવિધામાં વાપરી શકાશે

## રાજયના દરેક કોર્પોરેશન પાસેથી માહિતી મંગાવીને યાદી તૈયાર કરતા સ્ટે.ચેરમેન જયમીન ઠાકર : સાંજે અધિકારીઓ સાથે બેઠક : નગરસેવકોને વધુ કામો માટે રસ્તા ખોલતા પદાધિકારી



રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાપાલિકાના ૧૮ વોર્ડમાં ચૂંટાયેલા ૭૨ કોર્પોરેટરોને દર વર્ષે પોતાના મત વિસ્તારના છુટક પ્રાથમિક સુવિધાના કામો માટે ૨૦-૨૦ લાખની ખાસ ગ્રાન્ટ આપવામાં આવે છે. પરંતુ નામ સાથેના સાઇન બોર્ડ, બાકડા, પેવીંગ બ્લોક જેવી પાંચ-સાત કામગીરી સિવાય કોઇ અન્ય સુવિધા માટે આ ગ્રાન્ટનો ઉપયોગ થતો ન હોય, ગ્રાન્ટના વધુ સદઉપયોગ અને લોકોને લાભ થાય તે માટે અન્ય ૫૦ જેટલી સુવિધાના કામોનું નવું લીસ્ટ બનાવવામાં આવ્યું છે. સ્ટે. કમીટીના ચેરમેન જયમીન ઠાકરે રાજયના અન્ય તમામ કોર્પો. પાસેથી કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી કરવામાં આવતી કામગીરી અંગેનું લીસ્ટ મંગાવતા રાજકોટમાં પણ લોકો માટે આવા અનેક કામો થઇ શકે તેવી યાદી બની છે.

આજે સાંજે ચેરમેને સીટી ઇજનેરો સહિતના અધિકારીઓની મીટીંગ બોલાવી છે. જેમાં આ લીસ્ટ સોંપવામાં આવશે. સાથે જ કોર્પોરેટરો હાલના સિવાયના અન્ય કેટલા કામોમાં ગ્રાન્ટ વાપરી શકે છે તે અંગે પણ લેખિતમાં જાણ કરવામાં આવશે.

કોર્પોરેટરો અને પ્રજાજનો બંનેને ઉપયોગી થાય તેવા અપડેટ કરાયેલા નવા આયોજન અંગે ખાસ નવી ગાઇડલાઇનનું સંકલન કરનાર ચેરમેનનો સંપર્ક સાધતા તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે નગરસેવકોની ગ્રાન્ટમાંથી રાજકોટમાં મુખ્યત્વે પેવીંગ બ્લોક, સોસાયટીઓ અને રાજમાર્ગોમાં દિશાસૂચક સાઇનબોર્ડ, રહેણાંક વિસ્તારોમાં પેવીંગ બ્લોક સહિતના કામો કરવામાં આવે છે. એક કોર્પોરેટરને ૨૦ લાખ લેખે પ્રતિ વોર્ડ વર્ષે ૮૦ લાખની ગ્રાન્ટ મળે છે. કોર્પોરેટરો જરૂરી હોય ત્યાં આવશ્યક કામો માટે ગ્રાન્ટ આપે છે અને શકય હોય ત્યાં લોક ભાગીદારીથી પણ પ્રજાના કામ કરે છે. પરંતુ આ સિવાય પણ ઘણા કામો એવા છે કે જેમાં નગરસેવકો ગ્રાન્ટ આપી શકે છે. રાજયના જુદા જુદા કોર્પોરેશનમાં નગરસેવકો પોતાની ગ્રાન્ટનો કયા કયા કામ માટે ઉપયોગ કરે છે તેની માહિતી સેક્રેટરી વિભાગ મારફત મંગાવી હતી. અન્ય મહાપાલિકાઓની યાદી પરથી એક સંકલિત માર્ગદર્શન તૈયાર કરવામાં આવ્યું છે જે અંગે આજે સાંજે અધિકારીઓને સૂચના આપવામાં આવશે તો કોર્પોરેટરોને પણ જરૂરી માર્ગદર્શન અપાશે.

ચેરમેને કહ્યું હતું કે બગીચામાં સાધનો મૂકવાથી માંડી આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ ઇકવીપમેન્ટસ, શાળા સહિતના સ્થળે વોટર પ્લાન્ટ, જુદા જુદા વિસ્તારના ડામર, મેટલ, સીસી રોડ, ચબુતરાથી માંડી સ્મશાન સુધી જરૂરી કામ, ટ્રાફિક સર્કલથી માંડી, સ્પીડ બ્રેકર, આંગણવાડીના બાંધકામો, શાળાઓમાં લાઇટથી માંડી અંગ કસરતના સાધનો, જાહેર શૌચાલયો બનાવવા, પાણીની પાઇપલાઇનો, શાળાઓ માટે પુસ્તકો, ફર્નિચર, દરેક ધર્મના અંતિમ ધામોમાં સુવિધા, સ્માર્ટ આંગણવાડી, વૃક્ષારોપણ, સોલાર લાઇટોની જાળવણી, આંગણવાડીમાં રમત-ગમતના સાધનો, શાળામાં પંખા, બારી-બારણા રીનોવેશન, જાહેર સ્થળોએ વોટર કુલર, રમત-ગમત અને જીમના સાધન, ધર્મસ્થળોમાં પંખા અને પાણી, ડસ્ટબીન વિતરણ માટે ગ્રાન્ટ ફાળવી શકાય છે.

વધુમાં બાંકડા, પેવીંગ બ્લોક, સાઇન બોર્ડ સિવાય પદાધિકારી અને કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી જનતા તથા વિદ્યાર્થીઓ માટે ધાર્મિક, શૈક્ષણિક અને પર્યટન સ્થળે પ્રવાસમાં આવવા જવા સહિતના ખર્ચ, પાણી વિતરણ અને હેન્ડ પમ્પ, ડ્રેનેજ લાઇન, કાચા રસ્તા પાકા કરવા, સ્ટ્રીટ લાઇટ આપવી, શિક્ષણ સમિતિની ખુલ્લા વિસ્તારમાં પેવીંગ બ્લોક, ટાઉનશીપોમાં આવી સુવિધા આપી શકાય છે. રાજકોટમાં પણ આ પ્રકારે કોર્પોરેટરો વિકાસ કામો માટે ગ્રાન્ટ આપી શકે છે. આથી ચાલુ નાણાકીય વર્ષમાં તો મોટા ભાગે કોર્પોરેટરોની ગ્રાન્ટ પૂરી થવા આવી હશે, આથી નવા નાણાકીય વર્ષથી કોર્પોરેટરો આટલા કામોમાં ગ્રાન્ટ ફાળવે તેવા વિકલ્પો મળશે અને તે કારણે લોકોને જરૂર હોય તે પ્રકારની સુવિધા આપી શકાશે તેવું પદાધિકારીએ કહ્યું હતું.

### કયા કયા કામમાં ગ્રાન્ટ વાપરી શકાય

- સ્લમમાં પાણીના નિકાલ, આરસીસી, જાજરૂ, ડામર રોડ
- નાની શેરી ગલીઓમાં ડામર રોડ
- ટ્રાફિક નિયમન માટે ડિવાઇડર, સ્પીડબ્રેકર, ટ્રાફિક સર્કલ
- જીમ, દવાખાના, સીવીક સેન્ટર, સ્વીમીંગ પુલ, શાળા, લાયબ્રેરી, સ્મશાન, ગાર્ડન
- લાકડા, વોટર કુલર, વોટર પ્યુરીફાયર
- કોર્પો.ની મિલ્કતમાં ટયુબલાઇટ, પંખા, થાંભલા, સોલાર લાઇટ, વોટર હીટર
- સોસાયટીઓ, આવાસોમાં પાઇપલાઇન, ફૂટપાથ, પેવીંગ બ્લોક
- શાળાઓમાં પાણી, કમ્પાઉન્ડ હોલ, પંખા, શૌચાલય, પાણીની ટાંકી
- શાળા, બાલક્રિડાંગણ, આંગણવાડીમાં અંગ કસરતના સાધનો
- ડસ્ટબીન માટે ગ્રાન્ટ, આંગણવાડી બાંધકામ
- આરોગ્ય વિષયક સાધનો, બગીચાના વિકાસ, ચબુતરા
- અંતિમ ધામોમાં રસ્તા, ગટર, પાણી, દરવાજા
- ફિઝીયો સેન્ટર અને હેલ્થ કલબમાં નવા સાધનો
- શાળા અને મ.ભોજન યોજના માટે પાથરણા, આસન પટ્ટા, બેંચ, કોમ્પ્યુટર ફર્નિચર
- સોસાયટી, ચાલી વિસ્તારના નાકે બોર્ડ મુકવા
- ઇડબલ્યુએસ કોલોનીમાં લીકિજ પાઇપલાઇનો બદલવા
- સ્માર્ટ આંગણવાડી, શાળાઓમાં સ્પોર્ટસ-શૈક્ષણિક સાધનોની ખરીદી
- વૃક્ષારોપણ, ટ્રી ગાર્ડ, બ્યુટીફીકેશન, પ્લાન્ટ, કુંડા
- માર્ગ-મકાન અને વન વિભાગની જમીનમાં પણ વૃક્ષારોપણ
- ધાર્મિક સંસ્થાઓમાં વોટર કુલર, આરઓ પ્લાન્ટ, ટ્રસ્ટમાં સુવિધાઓ
- પદાધિકારીઓની ગ્રાન્ટમાંથી એસએસના બાકડા, સોલાર લાઇટ
- સ્ટ્રીટલાઇટ, વ્હીલબરો, સીસીટીવી જેવી સામુહિક સુવિધાઓ વગેરે.

# લગ્ન અને પુરૂષ વિષે તબુના નિવેદને વિવાદ જગાવ્યો: એકટ્રેસે કહ્યું-હળાહળ જુઠાણું

## તબુની ટીમે લખ્યું-આ નૈતિકતાનું ગંભીર ઉલ્લંઘન

મુંબઈ,તા.૨૧

અભિનેત્રી તબુની ટીમે તાજેતરમાં જ એક નિવેદન બહાર પાડ્યું છે. તેમણે અપમાનજનક આર્ટિકલ્સની નિંદા કરી છે જે તબુ વિશે છપાયા હતા. કેટલાક ન્યૂઝ આર્ટિકલ્સમાં તબુના લગ્ન અને પુરુષો વિશે તેમના વ્યૂઝ વિશે લખ્યું છે. તબુની ટીમનું કહેવું છે આ આર્ટિકલ બનાવટી છે અને તેમાં કોઈ સત્ય નથી.તબુની ટીમે લખ્યું, 'કેટલીક વેબસાઈટ અને સોશિયલ મીડિયા હેન્ડલે તબુના નામ પર ખોટા નિવેદનો છાપ્યા છે. અમે એ ચોખવટ કરવા માંગીએ છીએ કે તેમણે ક્યારેય આ પ્રકારના નિવેદનો આપ્યા નથી. ફેન્સને ગેરમાર્ગે દોરવા નૈતિકતાનું ગંભીર ઉલ્લંઘન છે.આ સિવાય તબુની ટીમે ખોટા નિવેદન આપનારા લોકો પાસે માંફીની માંગ કરી છે. તેમણે લખ્યું, 'અમે માંગ કરી રહ્યાં છીએ કે આ વેબસાઈટ તરત જ બનાવટી આર્ટિકલ હટાવે અને તેના માટે માફી માંગે.આ નિવેદનમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, 'તબુએ કહ્યું હતું કે તેને લગ્ન કરવામાં કોઈ રસ નથી, તેમણે પોતાના બેડ પર એક પુરુષ જોઈએ છે'હવે અભિનેત્રીએ આ આર્ટિકલ બનાવટી ગણાવ્યા છે અને પોતાનો ગુસ્સો જાહેર કર્યો છે.



જીવલેણ હુમલાની પીડામાંથી બહાર નથી આવ્યો ત્યાં...

# સૈફઅલી માટે વધુ એક બેડ ન્યુઝઃ પરિવારની વારસાઈ ૧૫૦૦૦ કરોડની સંપતિનો સરકાર કબજો લઈ શકે છે

## ભોપાલની સંપતિ પરથી હાઈકોર્ટે સ્ટે ઉઠાવી લીધો, શત્રુ સંપતિ એકટ હેઠળ સરકારે સંપતિ પર કબ્જો મેળવેલો





મુંબઈ તા.૨૧

બોલિવુડ એકટર સૈફઅલી ખાન તેની પર થયેલા તસ્કરના જીવલેણ ગંભીર હુમલાની પીડામાંથી બહાર આવ્યો નથી ત્યાં સૈફઅલીખાનના પરિવાર માટે બેડ ન્યુઝ આવ્યા છે, જે મુજબ સૈફઅલીખાનના પરિવારની ભોપાલમાં આવેલી રૂા.૧૫૦૦૦ કરોડની સંપતિ પર સરકાર કબ્જો કરી શકે છે. હાઈકોર્ટે સંપતિ પરથી સ્ટે હટાવ્યો છે.

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાનના પરિવારની ભોપાલમાં જ સ્થિત રૂ. ૧૫૦૦૦ કરોડની સંપત્તિ પર સરકાર કબજો કરી શકે છે. હાઈકોર્ટે આ વારસાગત ઐતિહાસિક સંપત્તિ પર ૨૦૧૫થી લાગૂ સ્ટે દૂર કરવાનો નિર્ણય લેતાં સરકાર ટૂંકસમયમાં નવાબ પટૌડી પરિવારની સંપત્તિ પર કબ્જો મેળવશે.

ભોપાલના નવાબની મોટી દિકરી આબિદા પાકિસ્તાન સ્થાયી થઈ જતાં નવાબ પરિવારના વંશજ, સૈફ અલી ખાન અને શર્મિલા ટાગોર આ સંપત્તિ પર દાવો કરી રહ્યા છે. સરકાર હવે આ સંપત્તિનો સર્વે કરાવી કાયદાકીય કાર્યવાહી હેઠળ તેના પર કબજો મેળવશે. ૨૦૧૫માં સરકારે આ સંપત્તિને સરકારી સંપત્તિ જાહેર કરી હતી.

ભોપાલના નવાબ મનસૂર અલી ખાન પટૌડી અને તેમના પરિવારની ભોપાલમાં રૂ. ૧૫૦૦૦ કરોડની સંપત્તિ છે. જેમાંથી ઘણી સંપત્તિ વેચાઈ ગઈ છે. આ સંપત્તિ કોહેફિજાથી ચિકલોદ સુધી વિસ્તરેલી છે. પટૌડી પરિવારની આશરે ૧૦૦ એકર જમીન પર દોઢ લાખથી વધુ લોકો રહે છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટે આ સંપત્તિ પર ૨૦૧૫માં સ્ટે લાગુ કર્યો હતો. આ કેસ શત્રુ સંપત્તિ અધિનિયમ સાથે જોડાયેલો છે. જસ્ટિસ વિવેક અગ્રવાલે નવાબ પરિવારને ૩૦ દિવસની અંદર પોતાનો પક્ષ રજૂ કરવાનો સમય આપ્યો હતો. સમય મર્યાદા પૂર્ણ થઈ હોવા છતાં પરિવાર કોઈ દાવો રજૂ કરી શકી નથી.

સૈફ અલી ખાન અને તેમનો પરિવાર હાઈકોર્ટના આદેશને પડકારતાં ડિવિઝન બેન્ચના દરવાજા ખટખટાવી શકે છે. ભોપાલના કલેક્ટર કૌશલેન્દ્ર વિક્રમ સિંહે જણાવ્યું હતું કે, છેલ્લા ૭૨ વર્ષમાં શત્રુ સંપત્તિઓમાં જે લોકોના નામ સામેલ છે. તેની તપાસ હાથ ધરાશે. સંપત્તિ પર સર્વે કરવામાં આવશે.

અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયા બાદ ભારતે ૧૯૬૮માં શત્રુ સંપત્તિ અધિનિયમ ઘડ્યો હતો. આ અધિનિયમ અંતર્ગત, ભારત-પાકિસ્તાન ભાગલા બાદ તેમજ ૧૯૬૨,૧૯૬૫ અને ૧૯૭૧માં થયેલા યુદ્ધમાં જે લોકો દેશ છોડી પાકિસ્તાન પલાયન કરી ગયા હતા, તેઓની ભારતમાં સ્થિત સંપત્તિ પર કેન્દ્ર સરકાર કબજો મેળવે છે.

# રૂ. ૨ લાખના ચેક રિટર્ન કેસમાં અલ્પેશ સાકરીયાને નવ માસની કેદની સજા ફટકારતી રાજકોટની અદાલત

## આરોપીએ મિત્રતાના દાવે હાથ ઉછીની રકમ લઈ ફરિયાદી વિપુલભાઈ રાઠોડને ચેક આપ્યો હતો જે રિટર્ન થયો હતો



પારસ કે. દાંતી
એડવોકેટ

રાજકોટ, તા.૨૦

શહેરના કોઠારીયા ગામે શિવમ પાર્ક સોસાયટી શેરી નં.૩માં રહેતા આરોપી અલ્પેશ કાનજી સાકરીયાએ મિત્ર વિપુલભાઈ ભગવાનભાઈ રાઠોડ પાસેથી હાથ ઉછીના રૂ.૨ લાખ લીધા હતા. જે રકમ ચૂકવવા આપેલો ચેક રિટર્ન થતા નોટિસ પાઠવવા છતા સમય મર્યાદામાં રકમ ન ચુકવતા અંતે અલ્પેશ સાકરીયા સામે અદાલતમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી.

આ ફરિયાદ ચાલી જતા બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદીના એડવોકેટ પારસ દાંતી દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ અને દસ્તાવેજી પુરાવા તેમજ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ ન્યાયધીશે અલ્પેશ સાકરીયાને નવ માસની સાદી કેદની સજાનો હુકમ અને ચેક મુજબની રકમ વાર્ષિક ૬ ટકાના સાદા વ્યાજદરે વળતર તરીકે ૧ માસમાં ચૂકવી આપવા હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વિપુલભાઈ રાઠોડ વતી એડવોકેટ તરીકે પારસ કે. દાંતી, મુકેશ જરીયા અને મેઘના જરીયા રોકાયા હતા.

# દિલ્હીની ચૂંટણીના કુરૂક્ષેત્રમાં કેજરીવાલની 'રામાયણ' પર ભાજપનું 'મહાભારત'

## કેજરીવાલે- 'રાવણ હરણ બનીને આવ્યો હતો' તેવું કહેતા ભાજપનો રામાયણની ખોટી વ્યાખ્યાનો આરોપ





નવીદિલ્હી તા.૨૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં રામ કથા પર આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલના નિવેદન પર મહાભારત સર્જાયું છે.

દિલ્હી ભાજપના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ પ્રાચીન હનુમાન અને દક્ષિણામુખ હનુમાન મંદિરમાં પૂજા અર્ચના કર્યા બાદ કેજરીવાલ પર નિશાન તાકતા જણાવ્યું હતું કે જે રીતે રામાયણની ખોટી વ્યાખ્યા અને આપણા ધર્મનું અપમાન કરવાની કોશિષ કેજરીવાલ દ્વારા કરાઈ તે પહેલીવાર નથી. આ અધર્મી લોકો છે કાલે તેમણે કહ્યું હતું કે રાવણ સોનાનું હરણ બનીને આવ્યો હતો પણ આ લોકો હજુ સુધી શીશ મહેલના ગોલ્ડ પ્લેટેડ સોનામાંથી બહાર નથી આવ્યા. રામાયણની ખોટી વ્યાખ્યા થઈ છે. તેના વિરોધમાં અમે ઉપવાસ કરશું.

# સ્ટાર ક્રિકેટર ઋષભ પંત રાજકોટમાંઃ રણજી મેચ રમશેઃ કોહલી નહીં આવે

## ગુરૂવારથી સૌરાષ્ટ્ર-દિલ્હી વચ્ચે રણજી ટ્રોફી જંગ



રાજકોટ તા.૨૧

ઈંગ્લેન્ડ સામેની ક્રિકેટ શ્રેણી તથા ચેમ્પીયન્સ ટ્રોફી પુર્વે ગુરૂવારથી રણજી ટ્રોફીનો નવો રાઉન્ડ શરૂ થવાનો છે તેમાં ભાગ લેવા માટે સ્ટાર ક્રિકેટર ઋષભ પંત રાજકોટ આવ્યો છે. જો કે, કોહલી રાજકોટમાં મેચ રમવા આવનાર નથી.

તા.૨૩ જાન્યુઆરીથી રાજકોટના મેદાન પર સૌરાષ્ટ્ર-દિલ્હી વચ્ચે મેચ યોજાવાનો છે. દિલ્હીની ટીમ વતી રમવા માટે ઋષભ પંત ગઈરાત્રે રાજકોટ આવી પહોંચ્યો હતો. ન્યુઝીલેન્ડ-ઓસ્ટ્રેલિયા સામે કંગાળ દેખાવ બાદ ક્રિકેટ બોર્ડે તમામ ખેલાડીઓ માટે ડોમેસ્ટીક ક્રિકેટ રમવાનુ પણ ફરજીયાત કર્યુ છે. સ્ટાર બેટર વિરાટ કોહલીએ પણ દિલ્હીની ટીમમાંથી રમવાનુ સ્વીકાર્યુ છે છતાં રાજકોટના મેચમાં તે સામેલ નહીં થાય અને ૩૦મીએ રેલવે સામેના દિલ્હીના મેચમાં તે રમશે. રાજકોટના ક્રિકેટ પ્રેમીઓ કોહલીને રમતો નહીં નિહાળી શકે.

સૂત્રોએ કહ્યું કે કોહલીએ રાજકોટમાં રમનારા મેચમાં નહીં રમવા પાછળ ગરદનના દુખાવાનુ કારણ આપ્યુ છે. ગરદનના દુખાવાની સારવાર કરાવી હોવા છતાં દુખાવો સંપૂર્ણ મટયો નથી એટલે સૌરાષ્ટ્ર સામેના મેચમાં નહીં રમી શકે અને ૩૦મીથી શરૂ થનારા રેલવે સામેના મેચમાં રમશે. રવિન્દ્ર જાડેજા સૌરાષ્ટ્ર વતી રમવાનો છે.

વિરાટ કોહલી છેલ્લે ૨૦૧૨માં રણજી ટ્રોફીના મેચમાં રમ્યો હતો.

# મહિલા તાલીમાર્થી ડોકટર પર દુષ્કર્મ કરનારને ફાંસીની સજા થવી જોઈએ : મમતા બેનર્જી

## પશ્ચિમ બંગાળ સરકારે આજીવન કેદની સજા સામે હાઈકોર્ટમાં અરજી કરી ગુનેગારને મૃત્યુદંડની સજાની માંગ કરી છે



કોલકાતા : પશ્ચિમ બંગાળ સરકારે આરજી કાર મેડિકલ કોલેજ બળાત્કાર અને હત્યા કેસમાં સંજય રોયને આજીવન કેદની સજા આપવાનાં કોર્ટના નિર્ણય સામે મમતા બેનર્જીએ કલકત્તા હાઈકોર્ટમાં અરજી કરી છે. એડવોકેટ જનરલ કિશોર દત્તાએ જસ્ટિસ દેવાંશુ બસાકની ડિવિઝન બેંચમાં સંજય રોયને ફાંસીની સજાની માંગ કરતી અરજી દાખલ કરી છે. કેસ દાખલ કરવાની પરવાનગી આપવામાં આવી છે.

અગાઉ, કોલકાતા હાઈકોર્ટે મંગળવારે પશ્ચિમ બંગાળ સરકારને આરજી કાર હોસ્પિટલના ડોક્ટરના બળાત્કાર અને હત્યા કેસમાં સંજય રોયને આજીવન કેદની સજા ફટકારી હતી. કોર્ટના આદેશ સામે અપીલ દાખલ કરવાની મંજૂરી આપી હતી. એડવોકેટ જનરલ કિશોર દત્તાએ જસ્ટિસ દેબાંગસુ બાસાકની આગેવાની હેઠળની ડિવિઝન બેંચમાં અપીલ દાખલ કરવા વિનંતી કરી હતી, જેમાં કેસના એકમાત્ર દોષિત રોયને મૃત્યુદંડની માંગ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે સિયાલદહમાં વધારાનાં જિલ્લા અને સત્ર ન્યાયાધીશ અનિર્બાન દાસના આદેશને પડકારતી હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવાની પરવાનગી માંગી હતી.

આરજી કાર હોસ્પિટલમાં ટ્રેઇની ડોક્ટરના મોતના કેસમાં આરોપી સંજય રાયને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે આ દુર્લભ અપરાધોમાંનો એક છે અને ગુનેગારને મૃત્યુદંડની સજા થવી જોઈએ. તેમણે કહ્યું હતું કે બંગાળ સરકાર સંજય રાયની ફાંસીની સજાની માગણી સાથે હાઈકોર્ટનો સંપર્ક કરશે.

આ પહેલાં આરજી કાર કેસમાં સોમવારે સજાની જાહેરાત કરવામાં આવી હતી. બપોરે ચુકાદો આપતાં કોર્ટે દોષિત સંજય રોયને આજીવન કેદની સજા ફટકારી હતી અને કોર્ટે સંજય રોય પર ૫૦૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. કોર્ટના જજ અનિર્બાન દાસે કહ્યું કે આ રેરેસ્ટ કેસ નથી. પીડિત પરિવારને તેનાં મૃત્યુ માટે ૧૦ લાખ રૂપિયા અને વધારાનાં ૭ લાખ રૂપિયા આપવામાં આવે.

# રાજયના વહીવટી સેવા વર્ગ-૧ના ૩૧ અધિકારીઓની બદલી

## જસદણ પ્રાંત અધિકારી ગ્રીષ્મા રાઠવા ગાંધીનગર મૂકાયા

રાજકોટ,તા.૨૧

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા રાજયના વહીવટી સેવાવર્ગ-૧ના ૩૧ જેટલા ડે.કલેકટર ડે.ડી.ડીઓની બદલી કરવામાં આવી છે. તેની સાથે મામલત્તદાર વર્ગ-૨ના ત્રણ અધિકારીઓને વર્ગ-૧માં હંગામી ધોરણે બઢતીના ઓર્ડર ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.જેમાં જસદણ પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવતા કુ.ગીષ્મા રાઠવાની બદલી કરી તેઓને ગાંધીનગર ફૂડ અને સીવીલ સપ્લાય વિભાગમાં ડે.ડાયરેકટર તરીકે નિમણુંક આપવામાં આવી છે. જયારે તેમની જગ્યા પર મોરબીમાં ડે.ડી.ઈ.ઓ તરીકે ફરજ બજાવતા આર.આર.બમભારાની જસદણ પ્રાંત અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે.આ ઉપરાંત મોરબીના ડે.ડી.ડી.ઓ એન.ડી.કુંગશીયાની તાપીમાં ડે.કલેકટર તરીકે કચ્છના ડે.ડી.ડી.ઓ એસ.જે.ચૌધરીની અંજારના પ્રાંત અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે.જયારે જૂનાગઢના ડીસ્યુકટ સપ્લાય અધિકારી તરીકે ફરજબજાવતા રવિ.કેસીયાની અમદાવાદના સાણંદ ખાતે બદલી કરવામાં આવી છે.આ ઉપરાંત બોટાદમાં ડે.ડી.ડી.ઓ તરીકે ફરજ બજાવતા કે.આર.પરમારને ઉનામાં પ્રાંત અધિકારી તરીકે જવાબદારી લોપવામાં આવી છે. રાજયના ૩૧ જેટલા વર્ગ-૧ના અધિકારીઓની બદલી કરવામાં આવી છે.

# ભાજપનો દિલ્હી માટે બીજો ચૂંટણી ઢંઢેરો જાહેર

## કેજી થી પીજી સુધી મફત શિક્ષણ અને એસસી વિદ્યાર્થીઓને દર મહિને ૧ હજાર : ભાજપનું પ્રોમીસ



નવી દિલ્હી : દિલ્હી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીએ આજે પોતાનાં ઘોષણાપત્રનો બીજો ભાગ જાહેર કર્યો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને બીજેપીનાં વરિષ્ઠ નેતા અનુરાગ ઠાકુરે ઠરાવ પત્રનો ભાગ-૨ બહાર પાડતી વખતે કહ્યું કે જો દિલ્હીમાં ભાજપની સરકાર બનશે તો તમામ વચનો પૂર્ણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે ''અમારો સંકલ્પ વિકસિત દિલ્હીનો છે. અમે પાંચ વર્ષમાં સંકલ્પથી સફળતા સુધી પહોંચીશું. જ્યારે આપણે વિકસિત ભારતની વાત કરીએ છીએ, ત્યારે વિકસિત દિલ્હીની જરૂર છે. જ્યાં પણ ભાજપની સરકાર સત્તામાં રહી છે ત્યાં જન કલ્યાણ કર્યું છે. જન કલ્યાણ એ ભાજપની પ્રાથમિકતા રહી છે.

**ભાજપનો ઘોષણાપત્ર :-**

:- દિલ્હીનાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં કેજીથી પીજી સુધીનું મફત શિક્ષણ.

:- સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યુવાનોને રૂ. ૧૫૦૦૦ ની નાણાકીય સહાય અને બે અરજી ફી પરીક્ષાઓ માટે મુસાફરી ખર્ચની ભરપાઈ.

:- ટેકનિકલ અને વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ડો. બી.આર. આંબેડકર શિષ્યવૃત્તિ યોજના હેઠળ દર મહિને એક હજાર રૂપિયા.

:- ઓટો-ટેકસી ચાલકો માટે કલ્યાણ બોર્ડ ૧૦ લાખનો જીવન વીમો, ૫ લાખનો અકસ્માત વીમો, વાહન વીમો અને બાળકોનાં ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ.

:- ઘરેલું સહાયકો માટે કલ્યાણ બોર્ડ, રૂ.૧૦ લાખનો જીવન વીમો, રૂ. ૫ લાખનો અકસ્માત વીમો, વાહન વીમો અને બાળકોનાં ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ અને મહિલાઓને છ મહિનાની પેઇડ મેટરનિટી લીવ.

બીજેપી નેતાએ કહ્યું, ''સૌથી મોટી આફત કોરોના હતી. તે સમયે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોક કલ્યાણ પર કામ કર્યું હતું. મફત રાશન અને રસી આપવામાં આવી હતી. જન કલ્યાણની યોજનાઓ લાવવામાં આવી હતી. 'આપ' સરકારે રાજકીય લાભ મેળવવા માટે અહીં આયુષ્માન ભારત યોજના લાગુ કરી નથી. દિલ્હીમાં લોક કલ્યાણની યોજનાઓ લાગુ કરવામાં આવી નથી.પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ''જો ભાજપની સરકાર બનશે તો અમે વીજળી, પાણી, રસ્તાઓ અને અન્ય તમામ સમસ્યાઓનો ઉકેલ લાવીશું. અમે પડોશી રાજયો, એનડીએમસી, મ્યુનિસિપલ કોર્પોરેશન અને કેન્દ્ર સાથે મળીને કામ કરીશું. છેલ્લાં ૧૦ વર્ષમાં, કેન્દ્ર સરકારે વચેટિયાઓને ખતમ કરી દીધાં છે જેનો લાભ સીધાં લાભાર્થીઓ સુધી પહોંચે છે.

**ભાજપ નેતા અનુરાગ ઠાકુરે કહ્યું કે જો ભાજપની સરકાર બનશે તો વીજળી, પાણી, રસ્તાની સમસ્યાઓ હલ કરવામાં આવશે**


## 'આપ' સરકારે ૨૬૦૦ કરોડનું કૌભાંડ કર્યું : અનુરાગ ઠાકુર

તેમણે કહ્યું, ''બીજી તરફ, દિલ્હીની 'આપ' સરકારે કોરોના સંકટ દરમિયાન ૨૬૦૦ કરોડ રૂપિયાનું દારૂ કૌભાંડ કર્યું હતું. કેગનો રિપોર્ટ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો ન હતો. દિલ્હી સરકારે જવાબ આપવો પડશે. વોટર બોર્ડ કૌભાંડ, મોહલ્લા શીશમહેલ કૌભાંડની ચર્ચા વિધાનસભામાં કેમ ન થઈ ?

અનુરાગ ઠાકુરે કહ્યું, ''ભાજપની સરકાર બન્યાં પછી, 'આપ'ના કૌભાંડની એસઆઇટી તપાસ શરૂ થશે. આ દિલ્હીની જનતાને આપેલું વચન છે. આ અમારો ટ્રેક રેકોર્ડ છે જે કહે છે કે ભ્રષ્ટાચાર સાથે કોઈ બાંધછોડ નહીં થાય. ભ્રષ્ટાચાર નહીં થાય. કેન્દ્ર સરકાર પર એક રૂપિયાનો પણ આરોપ.'' આક્ષેપો કરી શક્યાં નથી. દિલ્હી સરકારનું બજેટ પહેલીવાર ખોટમાં છે. મોદી સરકાર નવી શિક્ષણ નીતિ લાવી છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૪૪૦-૨૪૯૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૫૫-૨૨૦૫ |
| પામોલીયન તેલ | ૨૧૩૫-૨૧૪૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૯૦-૨૨૧૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૦૦-૨૧૨૦ |
| મકાઈ તેલ | ૧૯૨૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૪૦ |
| કોપરેલ | ૩૪૩૦-૩૪૭૦ |
| દિવેલ | ૨૨૦૦-૨૨૧૦ |



### સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ)
૮૨૦૫૦(+૧૫૦)

ચાંદી
૯૩૪૦૦(+૪૫૦)

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન ૬ મા એ.ડી. સિવિલ જજ **શ્રી દામીની દીક્ષીત** સાહેબની કોર્ટમાં દિ.પ.અરજી નં. ૧૦૩/૨૦૨૫ અરજદાર **(૧) શ્રી મધુબેન પ્રકાશભાઇ દેશાઇ (૨) શ્રી જીલ પ્રકાશભાઇ દેશાઇ** એ ગુજ. **શ્રી પ્રકાશભાઇ કાંતીલાલ દેશાઇ** ની સ્થાવર મીલ્કત કે જે રાજકોટ તાલુકાના ગામ **રૈયાના સર્વે નં. ૧૫૧/૧ પૈકીના (હાલ રાજકોટ મ્યુનિ. કોર્પો.માં સમાવિષ્ટ થયેલ)** બીનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટના બી/૧-૭/૨ની નેટ પ્લોટ એરીયાની જમીન ચોરસમીટર આશરે ૮૦૯-૧૧ ઉપર રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં મંજુર કરાવેલ એકત્રીકરણ પ્લાન મુજબ **'ગીરીરાજ નગર'** નામથી બાંધકામ થયેલ રો-હાઉસ મકાનો પૈકી જમીન ચોરસ વાર આશરે ૬૫-૦૦ જેના ચો.મી.આ. ૫૪-૩૪ સાથેના બાંધકામવાળા રો-હાઉસ મકાન નં. એ-૧૧ (અગીયાર)વાળુ મકાન આવેલ છે. જેનું વારસા સર્ટીફિકેટ મેળવવા તેમના **વકીલશ્રી વિરેન્દ્ર વી. રાણીગા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તો તે સબંધે જે કોઇ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદ્દત તા.૨૫-૦૨-૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહીયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૭ માહે ૦૧ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યું.

તૈયાર કરનાર
**એમ.કે. પરમાર**
સીનીયર કલાર્ક

કોર્ટનો સિકકો

હુકમથી
**જે.જે. ચાવડા**
રજીસ્ટ્રાર

# હઝરત ગેબનશાહ પીરનો બે દિવસીય ઉર્ષ મુબારક શાનોશૌકતથી સંપન્ન

### કોમી એકતા સમારોહ, નાત શરીફ તેમજ તકરીરનો શાનદાર કાર્યક્રમ યોજાયો:દરેક ધર્મના વડાઓએ પોતાનું વક્તવ્ય આપ્યુ



રાજકોટ, તા.૨૧

સૌરાષ્ટ્રના શહેનશાહ અને કોમી એકતાના પ્રતિક હઝરત ગૈબનશાહ પીર રહેમતુલ્લાહ અલેયહેનો ઉર્ષ મુબારક ગત મુસ્લિમ ચાંદ ૧૪ અને ૧૫ રજબ તેમજ અં.તા. ૧૫ અને ૧૬ જાન્યુઆરી બુધવાર અને ગુરૂવારના રોજ શાનો શૌકતથી ઉજવાયો હતો. જેમાં સૌરાષ્ટ્ર કચ્છ તેમજ ગુજરાત ભરમાંથી અકીદતમંદો પોતાની અકીદત સાથે દરગાહ શરીફ ખાતે સલામ પેશ કરવા લાખોની સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

ઉર્ષ મુબારકના પ્રથમખદિવસે વહેલી સવારે સૈયદ સાદાતના મુબારક હાથો વડે મઝાર શરીફમાં ગુસલ મુબારક તેમજ સંદલ મુબારક ની રસ્મ અદા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉર્ષના સમગ્ર દિવસ દરમિયાન રાજકોટના અલગ અલગ વિસ્તારમાંથી હિંદુ મુસ્લિમ શ્રધ્ધાળુઓ ધામ ધુમથી ચાદર લઈ દરગાહ શરીફ ખાતે ચાદર પેશ કરવા પોંહચ્યા હતા. ઉર્ષ મુબારકની પ્રથમ રાત્રીએ વર્ષોની પરંપરા મુજબ હિંદુ મુસ્લિમ શીખ ઇસાઇ તેમજ દરેક ધર્મના વડાઓની હાજરીમાં રાષ્ટ્રીય કોમી એકતા સમારોહ યોજાયો હતો. જેમાં દરેક ધર્મના વડાઓ એ પોતાનું વક્તવ્ય આપ્યુ હતું.

આ આયોજન ને સફળ બનાવવા હઝરત ગૈબનશાહ પીર દરગાહ શરીફ ટ્રસ્ટના પ્રમુખ યુસુફભાઈ ઈસ્માઈલભાઈ (હાજી બાબુ જાનમહંમદભાઈ) દલ, મહામંત્રી રહીમભાઈ સોરા, ઉપપ્રમુખ તૈયબભાઈ ભાણું, સહમંત્રી હાજી સૈયદ બસીરબાપુ બુખારી, ટ્રસ્ટીઓ સૈયદ અજરુદ્દીનબાપુ કાદરી, હાજી સજરુદ્દીનભાઇ બાદી, હાજી ઇબ્રાહીમભાઇ કુરેશી, હાજી ફીરોજખાન પઠાણ, મુસ્તફાભાઈ કુરેશી, અનવરભાઇ ચાનીયા, અહેસાનભાઇ ચૌહાણ, વકારભાઇ બ્લોચ એ જહેમત ઉઠાવી હતી.



## સ્વામી વિવેકાનંદ સેવા સમિતિ દ્વારા બાળકોને ચીકી તથા મમરાના લાડુનુ વિતરણ

સ્વામી વિવેકાનંદ સેવા સમિતિ દ્વારા મકર સંક્રાતિ અનુસંધાને છોટુનગર આંગણવાડી, હનુમાનજી દાદાના મંદિરની પાસે, રૈયા રોડ, રાજકોટ તથા બીજી અન્ય નવ આંગણવાડી ખાતે બાળકોને ચીકી તથા મમરાના લાડુનુ વિતરણ કરવામાં આવેલ. વોર્ડ નં. ૨ માં તેમજ નાના બાળકોને પોલીયોના ટીપા પાતા બાળકોની પણ નોંધ લેવાણી હતી.આ કાર્યક્રમમાં મહેમાન ધારાસભ્ય દર્શિતાબેન શાહ, દંડક મનીષભાઈ રાડીયા ઉપસ્થિત રહ્યા હતા.



## રામકૃષ્ણ આશ્રમમાં દિવ્યાંગ બાળકો માટે સ્પર્ધા યોજાઈ

### ૨૭૫ દિવ્યાંગ બાળકોએ રંગપુરણી હરિફાઈમાં ભાગ લીધો

રાજકોટ,તા.૨૧

શ્રીરામકૃષ્ણ આશ્રમ દ્વારા દિવ્યાંગ બાળકો માટે વિશેષ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.દિવ્યાંગની બાળકોની પ્રતિભાને બિરદાવવા માટે શ્રીરામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટર, રાજકોટના 'મા શારદા સી.પી. રિહેબિલિટેશન વિભાગ' દ્વારા દર વર્ષે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૧૯ જાન્યુઆરીના રોજ રાજકોટ જિલ્લાના દિવ્યાંગ બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં જસદણના મહારાજા દરબાર સત્યજીતકુમાર ખાચર અને રાણી સાહેબા અલૌકિકા રાજે ગાયકવાડ ખાચર મુખ્ય મહેમાનરૂપે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં રાજકોટની વિવિધ સંસ્થાઓ 'પ્રયાસ', 'નવશક્તિ', 'જીનિયસ સુપર કિડ્સ', 'સેતુ', 'એકરંગ', અને 'સ્નેહ નિર્જર'ના દિવ્યાંગ બાળકો તથા શ્રીરામકૃષ્ણ આશ્રમમાં થેરાપી મેળવતા ૨૭૫ દિવ્યાંગ બાળકોએ રંગપુરણી હરીફાઈ, ફેન્સી ડ્રેસ, ટેલેન્ટ શો જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. દરેક બાળકને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમના પ્રારંભે અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ બાળકો વાલીઓ તથા મહેમાનોને આવકાર્યા હતા. વિજેતા બાળકોને મુખ્ય મહેમાનના હસ્તે પરિતોષિક એનાયત કરાયાં હતાં. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ બાળકો અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



## જય ઈન્ટરનેશનલ સ્કૂલમાં આયોજીત વોલીબોલ ટુર્નામેન્ટમા ૧૭ ટીમોએ ભાગ લીધો

જય ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે રમત-ગમતના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે નિષ્ણાંત કોચ દ્વારા ખાસ ટ્રેનીંગ આપવામાં આવે છે. તાજેતરમાં યોજાયેલ સૌરાષ્ટ્ર સહોદય વોલીબોલ ટુર્નામેન્ટમાં સમગ્ર સૌરાષ્ટ્રની શાળાઓમાંથી સત્તર ટીમે અન્ડર ૧૪ અને અન્ડર ૧૭ કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાં જય ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓને બન્ને કેટેગરીમાં રજત પદક પ્રાપ્ત થયો હતો.

## માણિભદ્રવીર આરાધનાના ભવન ખાતે પૂ. ગુરૂદેવની નિશ્રામાં સીનીયર સીટીઝન્સ જૈન ગ્રુપના ઉપક્રમે નમસ્કાર મહામંત્રના ભાષ્યજાપ યોજાયા : ધર્મોલ્લાસ



રાજકોટ, તા. ૨૧

પાનખરમાં વસંત ઋતુનો અહેસાસ કરાવતું સીનીયર સીટીઝન્સ જૈનના ઉપક્રમે ગઇકાલે શ્રી માણિભદ્ર આરાધના ભવન ખાતે અધ્યાત્મ યોગી પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ. સમુદાયના પૂ. ગુરૂ ભગવંતોની નિશ્રામાં નમસ્કાર મહામંત્રના ભાષ્ય જાપ યોજવામાં આવેલા હતા. સીનીયર સીટીઝન જૈન ગ્રુપના પ્રમુખ તથા અયોધ્યાપુરમ જૈન તીર્થના ટ્રસ્ટી જયંતભાઇ મહેતાએ ગ્રુપના વડીલોને આવકાર્યા હતા.

આ પ્રસંગે પૂ. પંન્યાસજી મહારાજે નવકાર મંત્રનો મહિમા દર્શાવ્યો હતો. પૂ. ભદ્રકરવિજયજી મ. તથા આ. કલાપૂર્ણસૂરીજી મ., આ. શ્રી અભયસાગરસૂરીજી મ. વગેરેની નવકાર મંત્રની આરાધનાનો ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ ખાસ ઉપસ્થિત રહીને પ્રાસંગિક ઉદબોધન કરેલ હતું.

નમસ્કાર મહામંત્રના ભાષ્ય જાપ કાલાવડ રોડ જૈન સંઘના પ્રાર્થના યુવક મંડળના જયોતિનભાઇ મહેતા તથા જાગનાથ જૈન સંઘના પ્રમુખ તથા જણીતા ભકિતકાર દિનેશભાઇ પારેખ વગેરે કરાવ્યા હતા.



આ પ્રસંગે રાજકોટ તપગચ્છ જૈન સંઘના પ્રમુખ જીતુભાઇ ચાવાળા, પંકજભાઇ કોઠારી, મહેશભાઇ મણિયાર, જીતુભાઇ મારવાડી, મહેશભાઇ વસા, હેમેન્દ્રભાઇ શાહ, જીતુભાઇ વસા, મનીષ પારેખ, અરૂણભાઇ દોશી, અશ્વિનભાઇ કોઠારી, કિશોરભાઇ દોશી, કેતનભાઇ કોઠારી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપધાત તપના આરાધકોનું બહુમાન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયંતભાઇ મહેતાએ કરેલ હતું.



## પૂ.ધીરજમુનિમ.ની નિશ્રામાં ધારાસભ્યોનું સન્માન કરાયું

રાજકોટ ખાતે પૂ.શ્રી ધીરગુરૂદેવની નિશ્રામાં તાજેતરમાં ધારાસભ્ય ડો.દર્શિતા શાહ અને રમેશભાઈ ટીલારાનું જૈન અગ્રણી રમેશભાઈ વિરાણીના હસ્તે સન્માન કરાયું હતું.



## ગોંડલમાં પૂ. ધીરજમુનિની નિશ્રામાં પૂ. તરૂબાઇ મહાસતીજીની સંયમ સુવર્ણ જયંતીની ઉજવણી

રાજકોટ, તા.૨૧

ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘ, પૂંજાણી પૌષધશાળા, સ્ટેશન પ્લોટના આંગણે સાધનાદેવી પૂ. લલિતાબાઇ મ.સ.ના શિષ્યરત્ન પૂ. તરૂબાઇ મ.સ.ની સંયમ સુવર્ણ જયંતિ પ્રસંગે વિવિધ ધર્માનુષ્ઠાન યોજાયેલ તા.૧૯ને રવિવારે પૂ. શ્રી ધીરગુરૂદેવ પધારતા પૂ. પંથકમુનિ મ.સા., પૂ. સીનાજી મ.સ., પૂ. જયશ્રીજી મ.સ. આદિનું મિલન થયેલ.

પૂ. ધીરગુરૂદેવે કહેલ કે - ક્યાંક પણ જમો પરંતુ એઠું ન મુકવું તેવો સંકલ્પ કરો. સંસારીનો સંયમ એટલે એક-બીજાએ સહન કરવું અને એક બીજાને અનુકુળ થવું.

સંઘજમણના દાતા નીલેશભાઇ ઢેઢી તથા ભાયાણી પરિવાર, મહાવીર મહિલા મંડળ વગેરેનું સન્માન કરાયું હતું.

પૂ. મહાસતીજી શારિરીક કારણસર ગોંડલમાં બિરાજમાન છે. ગોંડલ સંઘની કમિટિએ કાંબલી અર્પણ કરી સંયમ જીવનની અનુમોદના કરેલ. ભાયાણી પરિવારે સાલ અર્પણ કરી બહુમાન કરેલ.

સંયમી જીવન બનાવવા ધર્મસભામાં ઘણાએ પ્રતિજ્ઞા લીધેલ કે જેટલા વસ્ત્રો ઘરમાં હોય, અને નવા લેવાના થાય તો તેટલા ડ્રેસ, સાડી વગેરે જુનાનો ત્યાગ કરવો, વૈયાવચ્ચપ્રેમી પૂ. હેમાલીજી મ.સ.એ સંયમ શુભેચ્છામાં સૂર પુરાવ્યો હતો. આ પ્રસંગે ૫૧૦૦૦ ગોંડલ પાંજરાપોળ, ૫૧૦૦૦ નવાગઢ સંઘ, ૫૧૦૦૦ મહાવીર મહિલા મંડળને એક સદ્‌ગૃહસ્થ તરફથી જાહેર કરાયા હતા.

## વી.વી.પી. ના વિદ્યાર્થીની પેઢડીયા જાનવીએ ખડક તાલીમ કેન્દ્રમાં સફળતા મેળવી



રાજકોટ,તા.૨૧

સ્વામી વિવેકાનંદ માઉન્ટેનીયરીંગ ઈન્સ્ટીટયુટ, માઉન્ટ આબુ ખાતે યોજાયેલ ખડક તાલીમ કેન્દ્રમાં વી.વી.પી. ઈલેક્ટ્રોનીકસ એન્ડ કોમ્યુનિકેશનના વિદ્યાર્થીની પેઢડીયા જાનવીએ સફળતા મેળવી છે. દર વર્ષે આ પ્રકારના ખડક તાલીમ કેમ્પમાં વિદ્યાર્થીઓને શિસ્તપૂર્વક ખૂબ મહેનત કરાવવામાં આવે છે. જેમાં રોક કલાઈમ્બીંગ, રેપલીંગ, પાંચ કિલોમીટર રનીંગ જેવા અનેક આયામો સામેલ હોય છે.જાનવી પેઢડીયાની આ સફળતા વિશે વધુ વાતચીત કરતાં સંસ્થાના પ્રિન્સીપાલ ડો. પીયુષભાઈ વણઝારાએ અભિનંદન પાઠવ્યા હતા.

## ચારણ (ગઢવી) સમાજ સેવા ટ્રસ્ટના ઉપક્રમે તા.પમીના ૩૦માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજનઃ ૨૪ યુગલોના પ્રભુતામાં પગલા

રાજકોટ, તા.૨૧

ચારણ (ગઢવી) સમાજ સેવા ટ્રસ્ટ રાજકોટ દ્વારા આગામી તા.૫ ફેબ્રુઆરીના સોનલધામ, લેઉવા પટેલ નૂતન કેળવણી મંડળ ગ્રાઉન્ડ, રાધાકૃષ્ણ સોસાયટી પાસે, ઢેબર રોડ સાઉથ રાજકોટ ખાતે ૩૦મો સમૂહ લગ્નોત્સવનું ભવ્યાતિત આયોજન કરવામાં આવેલ છે.

કાર્યક્રમની વિગતો અનુસાર સવારે ૬ વાગે જાન આગમન, સવારે ૮ થી ૧૦ લગ્નવિધિ, સવારે ૧૦ વાગે દીપ પ્રાગટ્ય, બપોરના ૧૧ થી ૨ મહાપ્રસાદ, બપોરના ૩ વાગ્યે આશિર્વાદ સમારંભ તથા સાંજે છ વાગે જાન વિદાય થશે.

આ ૩૦મા સમૂહ લગ્નોત્સવમાં ૨૪ નવ યુગલો પ્રભુતામાં પગલા પાડશે.

આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે રણજીતભાઇ ઇશરાણી, રશ્મીબેન ઇશરાણી, નરેન્દ્રભાઇ બુધશી, ગીરીશ આપામોડ, ડો. દિલીપભાઇ લાંબા, રમેશભાઇ લાંબા, ગોવિંદભાઇ કુનડા, જશુભાઇ રત્નુ, માલાસરભા જામંગ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. દીકરીઓને આણાની વસ્તુઓ આપવામાં આવનાર છે. ચારણ ગઢવી સમાજ સેવા ટ્રસ્ટના આલાભાઇ ભુવા, લક્ષ્મણભાઇ જાળફળા, હરિશભાઇ લાંબા, દિલીપભાઇ બળદા, હરીશભાઇ ધાંધણીયા, જયદેવભાઇ ધાંધણીયા, પ્રવિણભાઇ કુનડા, હિતેશભાઇ લાંબા, જીતુભાઇ વગેરેના માર્ગદર્શન હેઠળ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

## સમસ્ત કોળી સમાજ દ્વારા શાહી જાજરમાન સમુહલગ્ન નું આયોજન

### દિકરીઓને કરીયાવરમાં ઘર વપરાશની ૧૦૧ વસ્તુઓ અપાશે



રાજકોટ, તા.૨૧

સમસ્ત કોળી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિકરીનું પાનેતર ૧૫/૦૫/૨૦૨૫ ગુરૂવારના રોજ રાજકોટ શહેરના આંગણે તળપદા, ચુંવાળીયા, ઘેડીયા સમસ્ત કોળી સમાજના નવદંપતીઓનો શાહી જાજરમાન સમુહ લગ્ન નું આયોજન કરવામાં આવ્યુંછે. સમુહ લગ્ન સમિતિ તેમજ દાતા ઓના સહયોગથી દિકરીઓને કરીયાવરમાં ઘર વપરાશની ૧૦૧ વસ્તુઓથી pan વધુ આપવામાં આવશે.

સમુહ લગ્નમાં જોડાવા નવદંપતીઓએ પોતાનું ફોર્મ કાર્યાલયે ભરી આપવું. જાનૈયા અને માંડવીયાઓ બન્ને પક્ષ તેમજ મહેમાનો માટે ભોજન સમારંભ વ્યવસ્થા તેમજ ડી.જે. સાથે સામૈયા, ફુલેકુ, દાંડીયારાસ, મહેમાનોનું સ્વાગત, કોળી સમાજના રીત રીવાજો અને અલગ અલગ થીમ દ્વારા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવશે. ફોર્મ ભરવા અનમોલ પાર્ક, KDM હોટલ પાછળ, જય વેલનાથ જય માંધાતા ચોક, આજીડેમ ચોકડી પાસે, રાજકોટ ખાતે સંપર્ક કરવો.



## સેરેનીટી ગાર્ડન લાફીંગ કબલના સભ્યો દિકરાના ઘર ઢોલેરા વૃધ્ધાશ્રમની મુલાકાતે

તાજેતરમાં સેરેનીટી ગાર્ડન લાફીંગ કબલના સભ્ય પરિવાર રાજકોટથી ૧૪ કી.મી. દુર દિકરાના ઘર ઢોલેરા વૃધ્ધાશ્રમની મુલાકાતનુ આયોજન કરવામાં આવેલ. સી વિંગના ચંદ્રીકાબેન એમ. દોશી ત્થા ઈ-વિંગના માતૃશ્રી વિલાસબેન નાગરદાસ શેઠ પરિવાર સાથે જોડાયેલ. કાર્યક્રમના પ્રર્થમ ચરણમાં અશ્વિનભાઈ પટેલ ત્થા દિપકભાઈ શેઠ તરફથી તમામ માવતરોને આવકારી કેશર પેંડા ચોકલેટ આપી મો મીઠુ કરાવ્યુ ને તમામ માવતરોને વડીલ વંદનાના ભાગે કેશરી ખેસ સ્વરૂપે ઉપરણો ઓઢાડવામાં આવેલ.

## સી.એસ. રાજકોટ ચેપ્ટર ઓફ WIRC ઓફ ICSI ચેરમેન પદે વિવેક પટેલની નિમણૂંક

રાજકોટ, તા.૨૧

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (ICSI)ના રાજકોટ ચેપ્ટર ઓફ WIRC ઓફ ICSI નવા ચેરમેન તરીકે વિવેક મોલિયાની નિમણૂંક કરવામાં આવી છે.



આ તકે નવનિયુક્ત ચેરમેન વિવેક મોલીયા દ્વારા જાહેર કર્યું હતું કે, રાજકોટમાં કંપની સેક્રેટરીના અભ્યાસ માટે સરળ અને સચોટ વ્યવસ્થા ઉભી કરવા અને વિદ્યાર્થીઓને ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તમામ પ્રયાસો કરાશે. જે સંદર્ભે ટૂંક સમયમાં રાજકોટના ૧૫૦ ફીટ રીંગ રોડ મિલેનિયમ બિલ્ડિંગ ખાતે નવી ચેપ્ટર ઓફિસ શરૂ કરાશે, જે શ્રેષ્ઠ ટેકનોલોજી અને સુવિધાઓથી સજ્જ રહેશે. આ નવો ચેપ્ટર ઓફિસ ICSIના તમામ માનક પરિબળોને અનુલક્ષીને અભ્યાસક્રમને વધુ આકર્ષક બનાવશે, જેમાં તાલીમ કાર્યક્રમો, કાર્યશાળાઓ, અને શૈક્ષણિક કાર્યક્રમોનો સમાવેશ થશે.

## ફ્રેન્ડ્સ કલબના પ્રમુખ અને ગાયક વિપુલ રાઠોડનો જન્મદિવસ



રાજકોટ,તા.૨૧

સાંધ્ય દૈનિકના તંત્રી, લાયન્સ રાજકોટ ગોલ્ડના સેક્રેટરી, ફ્રેન્ડ્સ કલબ રાજકોટના પ્રમુખ તેમજ ગુજરાતના જાણીતા ગાયક વિપુલ રાઠોડનો જન્મદિવસ છે.વિપુલ રાઠોડ છેલ્લા ૩૫ વર્ષથી જાહેર જીવનમાં સક્રિય રહી દિવ્યાંગોથી લઈ જરૂરિયાતમંદની સેવા કરી રહ્યા છે. છેલ્લા ૨૫ વર્ષથી દિવ્યાંગ બાળકોને સંગીતના માધ્યમથી ખુશ રાખનાર વિપુલ રાઠોડને દિવ્યાંગ બાળકોથી લઈ ગરીબો-વંચિતો માટે અતૂટ પ્રેમ અને વિશ્વાસ છે. કલમ અને કંઠની કલા વડે દેશ-વિદેશમાં અનેક કાર્યક્રમો કરનારા વિપુલ રાઠોડ બહોળો ચાહક વર્ગ ધરાવે છે. પત્રકારત્વના ક્ષેત્રમાં પણ તેઓ વર્ષોથી અલગઅલગ જવાબદારીઓ અદા કરી રહ્યા છે. મિત્રો જેમની મહામૂલી મિલ્કત છે એવા વિપુલ રાઠોડના જન્મદિવસ નિમિત્તે વિશાળ મિત્રવર્તુળ ઉપરાંત રાજકીય, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને કલા જગતના મહાનુભાવો મો.નં.૯૯૨૪૪૦૬૬૫૩ પર શુભેચ્છા પાઠવી રહ્યા છે.



## બારવણ ગામની પ્રાથમિક શાળામાં સલામતી સપ્તાહ અંતર્ગત આપતિ વ્યવસ્થાપન તાલીમ યોજાઈઃ લાઈવ ડેમો

શાળા સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત રાજકોટ તાલુકાના બારવણ ગામની સરકારી પ્રાથમિક શાળામાં આપતિ વ્યવસ્થાપનની તાલીમનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દ્વારા શાળા કક્ષાએ કેવા પ્રકારના સાવચેતીના પગલાં લેવા જોઈએ તે બાબતે છાત્રોને ભુકંપ, વાવાઝોડું, પુર, આગ, ઔદ્યોગિક અકસ્માત જેવી સંભવિત આપતીઓ સામે તાલીમ આપવામાં આવી હતી.મીનીપોર્ટબલ જનરેટર, એકલોટ, લાઈફ જેકેટ, ઈલેકટ્રીક કટર, સ્મોક વેન્ટીલેટર, એરબેગ, બેઝ લાઈટ સહિતના સાધનો અંગે સરળ ભાષામાં સમજ અપાઈ હતી.૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સીપીઆરની સમજ અપાઈ હતી.આ કાર્યક્રમમાં સરપંચ પ્રકાશબેન સોરાણી, મામલતદાર કે.એમ.મકવાણા, ડિઝાસ્ટર મામલતદાર, અશ્વિનભાઈ દોશી, એસ.ડી.આર.એફ.પી.એસ.આઈ.વી.એસ.ડાંગર, પ્રોજેકટ ઓફિસર પૂજાબેન વાઘમોરે, ૧૦૮ના એકઝિકયુટીવ યોગેશભાઈ જાની, આચાર્ય કિરીટભાઈ વાળા વિ.ઉપસ્થિત રહ્યા હતાં.

# અમરેલીનાં લેટરકાંડમાં પાયલ ગોટીના નિવેદન બાદ આજે પોલીસ કર્મીઓનાં નિવેદન લેતા ડીઆઈજી નિર્લિપ્ત રાય

## સરકીટ હાઉસ ખાતે નિવેદનો નોંધવાનો દૌર શરૂ: સાંજ સુધીમાં તપાસ પૂર્ણ: રિપોર્ટ રાજ્યના પોલીસ વડાને સુપ્રત કરાશે

**(મિલાપ રૂપારેલ)** અમરેલી, તા.૨૧

અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં ચકચારી બનેલા નકલી લેટરકાંડ મામલે અમરેલી પોલીસ સામે પાયલ ગોટીને માર મારવા તથા તેણીનું જાહેરમાં સરઘસ કાઢવાના મુદ્દે પાયલ ગોટી દ્વારા પોલીસ સામે આક્ષેપ કરેલ છે. જેના પગલે પાયલ ગોટીએ રાજ્ય પોલીસ વડાને કરેલ ફરિયાદના મુદ્દે તપાસ કરવા માટે ગઈકાલથી જ ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઇ.જી. નિર્લિપ્ત રાય અમરેલી આવી પહોંચ્યા છે. અને અત્રેના સર્કિટ હાઉસ ખાતે તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે. અને એક પછી એક વ્યકિતના નિવેદનો નોંધી રહયા છે. ત્યારે આજે બીજા દિવસે પણ આ તપાસનો ધમધમાટ શરૂ રહેશે.



અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા સામે ગંભીર પ્રકાર આક્ષેપ વાળા ચકચારી નકલી લેટરકાંડ મામલે અગાઉ પોલીસ દ્વારા પાયલ ગોટીને માર મારવા તથા તેણીનું જાહેરમાં સરઘસ કાઢવાના મુદ્દે અમરેલી જિલ્લા સહિત ગુજરાતમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવમાં પાયલ ગોટીએ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયને કરેલ લેખિત ફરિયાદના મુદ્દે તપાસ કરવા માટે રાજ્ય પોલીસ વડાએ અમરેલીના પુર્વ એસ.પી. અને હાલ ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઇ.જી. નિર્લિપ્ત રાય ને સોંપેલ છે. જેના અનુસંધાને ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઇ.જી. નિર્લિપ્ત રાય છેલ્લા બે દિવસથી અમરેલી ખાતે મુકામ કરેલ છે.

ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઇ.જી. નિર્લિપ્ત રાય ગઇકાલે અમરેલી આવ્યા બાદ અમરેલી પોલીસ સામે ફરિયાદ કરનાર પાયલ ગોટીનું નિવેદન અત્રેના સર્કિટ હાઉસ ખાતે નોંધાયુ હતું. અને લાંબી પુછપરછ બાદ આ બનાવમાં લાગતા વળગતા પોલીસ કર્મીઓને પણ એક પછી એકના નિવેદન નોંધવામાં આવ્યા હતા. અને આજે બીજા દિવસે પણ આ કેસમાં લાગતા વળગતા લોકોને એક પછી એકને બોલાવી અને ક્રમવી નિવેદન નોંધવાની કામગીરી આગળ ચાલશે.

ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઇ.જી. તથા સ્ટાફના લોકો આજે સાંજ સુધીમાં પોતાની તપાસ પુરી કરી અને આ તપાસનો રીપોર્ટ રાજ્યના પોલીસ વડાને સુપ્રત કરનાર હોવાનું જાણવા મળેલ છે. ત્યારે અમરેલીમાં છેલ્લા બે દિવસથી ભારે ચકચાર મચી જવા પામી છે.

# વિંછિયાનાં હત્યાનાં બનાવમાં જવાબદાર અધિકારીઓને સજા નહિ થાય તો ગુજરાત બંધ: કોળી ઠાકોર સમાજની ચીમકી

## કોળી સમાજનાં આગેવાનોને પોલીસ ખોટી રીતે હેરાન કરતી હોવાનો આરોપ: કલેકટરને આવેદન

રાજકોટ, તા.૧૧

રાજકોટના વીંછિયાના થોરિયાળી ગામમાં લેન્ડગ્રેબિંગની ફરિયાદ કરનાર ઘનશ્યામ રાજપરાની ઘાતકી હત્યા કરી દેવામાં આવી હતી. ત્યારે આ ઘટનાથી વીંછીયાના કોળી સમાજમાં ભારે રોષ વ્યાપ્યો હતો.

આ ઘટના બની ત્યારે સમગ્ર કોળી સમાજ આ મામલે મેદાનમાં આવ્યો હતો. અને આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવાની અને તેમનું જાહેરમાં સરઘસ કાઢવાની માંગ કરી હતી. ત્યારે પોલીસે આરોપીઓનો વરઘોડો કાઢવાનું આશ્વાસન આપ્યું હતુ, આ મામલે પોલીસ દ્વારા સાત આરોપીમાંથી છ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા. પછી પોલીસે આરોપીઓનું સરઘસ કાઢ્યું નહોતું. કોળી સમાજના આગેવાનોએ પોલીસને કહ્યું કે, આ લોકોનો વરઘોડો કાઢો અને સરભરા કરો,




પરંતુ આમ ન થતા ઉશ્કેરાયેલા લોકોએ પોલીસ સ્ટેશને પહોંચીને પથ્થરમારો કર્યો હતો. ત્યારે આ મામલે ૮૪ લોકો પર નામજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસ સ્ટેશનમાં તોડફોડ કરનાર આરોપીઓ સામે ખોટી કલમો લગાવવામાં આવી છે, અને નિર્દોષ લોકોની ધરપકડ કરવામાં આવી છે, કોળી સમાજના આગેવાનો જે આ લડત માં આગળ રહ્યા, હતા તેમને પોલીસ દ્વારા હેરાન કરવામાં આવી રહ્યાં છે. તેને લઈને હવે કોળી સમાજ દ્વારા ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું છે.

કોળી સમાજના લોકો રાજકોટ કલેક્ટર કચેરી ખાતે આવેદન દેવા પહોચ્યા છે. કોળી સમાજના લોકોએ આવેદન આપતા સમયે કહ્યું કે, કોળી સમાજના આગેવાનોને પોલીસ ખોટી રીતે હેરાન કરી રહી છે. સમાજના આગેવાનોને દબાવવાનો પ્રયાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યો છે, કોળી સમાજના ૮૪ લોકો સામે ખોટી રીતે હત્યાના પ્રયાસની કલમ લાગુ કરાઈ છે, તેને હટાવવામાં આવે. સાથે જ આગેવાનોને ખોટી રીતે પૂછપરછ માટે બોલાવી હેરાન કરવાનું બંધ કરવામાં આવે, અને વધુમાં કહ્યું કે, ૫ દિવસનો સમય છે, જો ખોટી કલમો હટાવવામાં નહીં આવે, નિર્દોષ લોકોને છોડવામાં નહિ આવે તો, ૨૫ તારીખે કોળી સમાજ દ્વારા ગુજરાત બંધની ચીમકી ઉચ્ચારવામા આવી છે.






# ગોંડલ રોડ, મંગળા રોડ સહિતના વિસ્તારમાં કારખાના સહિત પાંચ મિલ્કતને સીલ મરાયા

### આજે ૨૮.૬૫ લાખની રીકવરી : વેરાની કુલ આવક ૩૪૦.૯૧ કરોડ

રાજકોટ, તા. ૨૧

મનપાની વેરા વસુલાત શાખા દ્વારા આજે જુદા જુદા વિસ્તારમાં પાંચ બાકીદારોની મિલ્કત સીલ કરવામાં આવી હતી. તો બપોર સુધીમાં ૨૮.૬૫ લાખની રીકવરી થઇ છે.

વોર્ડ નં.૧ના નાગેશ્વર મંદિર રોડ, ૮૦ ફુટ રોડ પર રીકવરી થઇ હતી. વોર્ડ નં.૩ના મોચીબજારમાં પણ ચેક આવ્યો હતો. વોર્ડ નં.૬ના મહીકા માર્ગ પર એક મિલ્કતને સીલ મારવામાં આવ્યા હતા. વોર્ડ નં.૭માં ગોંડલ રોડના પ્લેનરી આર્કેડમાં એક ઓફિસ, મંગળા રોડ પર પરીશ્રમ પ્લાઝામાં એક દુકાન, રાજેન્દ્રપ્રસાદ રોડ પર કેસરીનંદન કોમપ્લેક્ષમાં એક ઓફિસને સીલ મરાયા હતા. તો વોર્ડ નં.૧૫ના શિવમ ઔધોગિક વિસ્તારમાં એક યુનિટ (કારખાનુ) સીલ કરવામાં આવ્યું હતું.

વોર્ડ નં.૧૦ના કાલાવડ રોડ, વોર્ડ નં.૧૩ના ગુરૂપ્રસાદ પાસેની ભોલેનાથ સોસાયટી, વોર્ડ નં.૧૮ના ગોંડલ રોડ અને કોઠારીયા રોડ પર સીલની કાર્યવાહી કરતા ચેક જમા થયા હતા. ચાલુ નાણાકીય વર્ષમાં આજ સુધીમાં વેરાની ૩૪૦.૯૧ કરોડની આવક થયાનું વિભાગે જણાવ્યું છે.

# ફેસબુક ફ્રેન્ડે સોનામાં કમાવી દેવાનું કહી ૧.૧૦ કરોડ ખંખેરી લીધા

### સોશ્યલ મીડિયામાં અજાણ્યા સંપર્કોથી ચેતવા સરકારની રોજ અપીલ છતાં છેતરપીંડીઓ ચાલુ : ભાવનગરના ટ્રાન્સપોર્ટરની ફરિયાદ

**(વિપુલ હિરાણી)**
ભાવનગર તા.૨૧

ભાવનગરમાં ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા આધેડને તેની ફેસબૂક ફ્રેન્ડ દ્વારા પોતે ફાઇનાન્સ એડવાઈઝર હોવાની ઓળખ આપી સોનામાં રોકાણ કરવાથી દરરોજ અધડા ટકાથી એક ટકા સુધી યુ.એસ.ડી.ટી.માં નફો મળશે તેમ જણાવી, વિશ્વાસમાં લઈ આધેડના નામનું વેબસાઈટમાં એકાઉન્ટ બનાવી રૂ.૧.૧૦ કરોડ જેવી મોટી રકમનું રોકાણ કરાવી તેના નફાનો યુ.એસ.ડી.ટી. ભાગ ઉપાડવા નહિ દઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કરતા આધેડે ભાવનગર સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ચિત્રા જીઆઇડીસી ક્વાર્ટર બી-૯માં રહેતા અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા યોગેન્દ્રસિંહ અરવિંદસિંહ ગોહિલ (ઉં.વ.૫૦)ને જુન ૨૦૨૪ માં ફેસબુક ઉપર અનિકા શર્મા નામના આઈડી ધરાવતા વ્યક્તિ સાથે મિત્રતા થઈ હતી અને ફેસબુક મેસેન્જર દ્વારા વાત કરતી હતી તેમજ ફેસબુકમાં પોતે ફાઇનાન્સિયલ એડવાઈઝર તરીકે અલગ અલગ કંપનીની જાહેરાત મોકલી આપી અને અલગ અલગ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી સારો એવો નફો મળે છે તેમ જણાવી ફેસબુક મેસેન્જર ઉપર એક લીંક મોકલી હતી જેમાં સોનામાં ઓનલાઇન રોકાણ અને ટ્રેડિંગ કરવાથી રોજે રોજ ૦.૬% થી એક ટકા સુધી યુએસડીટી પ્રોફિટ મળશે તેમ જણાવ્યું હતું. યોગેન્દ્રસિંહ રોકાણ માટે રસ દાખવતા તેણે મો. નં.૭૩૫૮૨૧૯૪૫૧ પરથી વોટ્સએપ મેસેજ કરી રજીસ્ટ્રેશન કરવાનું કહેતા તેમનું એકાઉન્ટ બનાવ્યું હતું અને લિંક વાળી કંપનીના ઓનલાઇન કસ્ટમર સપોર્ટના ચેટ હેડ મારફત આપવામાં આવેલ બેન્ક ખાતાની વિગતો મુજબ યોગેન્દ્રસિંહે તેમના બેન્ક ખાતામાંથી અલગ અલગ સમયે ૧૦ જેટલા ટ્રાંજેકશન કરી કુલ રૂ.૧,૧૦,૫૦,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા.

આ રોકાણ કર્યા બાદ તેમના એકાઉન્ટમાં દર્શાવેલ વોલેટમાં દરરોજ થતા નફા પેટે યુ.એસ.ડી.ટી. ૨૪૩૬૯૫ દર્શાવતું હતું.નફાનો આ ભાગ ઉપાડવા માટે યોગેન્દ્રસિંહ ગોહિલે કંપનીના ઓનલાઇન કસ્ટમર સપોર્ટ ચેટ હેડ મારફત રજૂઆત કરતા ઇન્ટરનેશનલ એન્ડ ધ અન ડીસ્કલોઝડ ફોરેન ઈનકમ એન્ડ એસેટ લો અન્વયે રિસ્ક માર્જીન ભર્યા બાદ ફંડ ઉપાડી શકાશે તેમ જણાવી તેમના જમા ફંડના ૩૦ ટકા લેખે રૂ.૬૦,૬૭,૯૬૪ ભરવાનો ઇમેઇલ કર્યો હતો.આથી યોગેન્દ્રસિહે ગત તા.૫ અને ૬/૧૨/૨૦૨૪ના રોજ રૂ.૫૦,૦૦૦ અને ત્યાર બાદ કંપની કન્વર્ઝન ફી અને ૫ ટકા રકમ ઉપાડવાની ફી પેટે વધુ રૂ.૧૭,૦૦,૦૦૦ આર.ટી.જી.એસ. દ્વારા ભર્યા હોવા છતાં આજ સુધી તેમના નફાનો ભાગ ઉપાડવા નહિ દઈ છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો.આ અંગે યોગેન્દ્રસિંહ અરવિંદસિંહ ગોહિલે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ હેઠળ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### આ. શ્રી ભક્તિ સૂરિ સમુદાયના ગચ્છાધિપતિ

# આ.શ્રી કુલચંદ્રસૂરિજી (કે.સી.)મ.નો સંભવિત વિહાર કાર્યક્રમ: થરામાં બે મુમુક્ષુઓનો દીક્ષા મહોત્સવ ઉજવાશે

રાજકોટ, તા.૨૧



આચાર્ય ભગવંત પૂ. ભક્તિસૂરિ સમુદાયના આ. શ્રી પ્રેમસૂરિદાદાના આજીવન ચરણોપાસક, ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પૂ. શ્રી કુલચંદ્રસૂરિજી (કે.સી.) મહારાજા આદિ સંભવિત વિહાર કાર્યક્રમ અત્રે પ્રસ્તુત છે.

ગચ્છાધિપતિ આ.ભ.પૂ. કુલચંદ્રસૂરિજી (કે.સી.) મ.આદિઠાણા આજે સવારે દુનાવાડા પધાર્યા છે. ત્યાં નૂતન વિહારધામનું ઉદ્દઘાટન પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં થયેલ તથા પૂ. ગચ્છાધિપતિનો ૩૯મો સંયમોત્સવ ઉજવવામાં આવેલ હતો.

આવતીકાલ તા.૨૨ અને ૨૩ના પૂજ્યશ્રી થરામાં સ્થિરતા કરશે. કાલે સવારે પ્રવેશ તથા સામૈયુ થશે. તથા સંયમ રજનત જયંતી મહોત્સવ ઉજવાશે.

તા.૨૪ થી ૨૬ જાન્યુ. પૂજ્ય ગુરુદેવ રૂની તીર્થ ખાતે પધારશે ત્યાં મંગલકારી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. તા.૨૭ના કાકરમાં નૂતન ઉપાશ્રયનું ઉદ્દ્ઘાટન, તા.૨૮ થી ૩૧ જાન્યુ. સુધી થરા ગામે પૂ. ગુરુદેવની નિશ્રામાં મુમુક્ષુ કુમારી જૈનીનો પ્રવ્રજયા મહોત્સવ ઉજવાશે.તા.૧ થી ૩ ફેબ્રુ. સુધી થરા ગામે મુમુક્ષુ કુમારી પિયુનો દીક્ષા મહોત્સવ પૂ. ગુરુદેવની નિશ્રામાં ઉજવાશે.

# મવડીની શ્રી રામ અને શ્રી જીજાબાઇ ટાઉનશીપમાં વધુ ૯ ભાડુત પકડાયા

## મનપાની આવાસ યોજનાઓમાં ઘર ભાડે આપવાનો ધીકતો ધંધો

રાજકોટ, તા. ૨૧

મહાપાલિકાની આવાસ યોજના શાખા દ્વારા જુદી જુદી ટાઉનશીપમાં મુળ લાભાર્થીને બદલે ભાડુત સહિતના અન્ય લોકો રહેતા હોય, ચેકીંગ કરીને આવાસ સીલ કરવાની ઝુંબેશ ચાલુ રાખવામાં આવી છે.

મવડી વિસ્તારમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે શ્રી રામ ટાઉનશીપ આવેલ છે. અહીં વિભાગની ટીમે વિજીલન્સ ટીમ સાથે ચકાસણી કરતા ત્રણ ભાડુત રહેતા હોવાનું માલુમ પડયું હતું અને આ ત્રણ આવાસ સીલ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત પરશુરામ મંદિર પાસે આવેલ શ્રી જીજાબાઇ ટાઉનશીપમાં પણ ચેકીંગ કરવામાં આવતા ત્યાંથી પણ માલિકના બદલે ભાડુત રહેતા હોવાનું સામે આવ્યું હતું. આથી આ ટાઉનશીપમાં પણ નવ આવાસને સીલ મારી દેવામાં આવ્યાનું મેનેજરે જણાવ્યું હતું.



રાજકોટની અનેક ટાઉનશીપમાં મુળ માલિકના બદલે અન્ય રહેતા હોવાનું અને ભાડે આપવાની પ્રવૃતિ થતી હોવાનું સામે આવે છે. જોકે આવા આવાસ સીલ કર્યા બાદ આગળ આવી પ્રવૃતિ ન થાય તે માટે કેવા કડક પગલા લેવાતા હશે તેનો અંદાજ અવારનવાર કવાર્ટર ભાડે આપવા ચાલુ રહેતી પ્રવૃતિ પરથી માલુમ પડે છે.


# સૌરાષ્ટ્ર યુનિ.એ GSIRE રેન્કીંગમાં ફોર સ્ટાર મેળવ્યા

## શિક્ષણ વિભાગ-કે.સી.જી.એ યુનિવર્સિટીને રેટીંગ આપ્યું

રાજકોટ, તા.૨૧

સૌરાષ્ટ્ર યુનિ.એ વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે GSIRE રેન્કીંગમાં ૪ સ્ટાર મેળવી ગૌરવ વધાર્યું છે.

તાજેતરમાં જ ગુજરાત સરકારના શિક્ષણ અને કે.સી.જી. દ્વારા સમગ્ર વર્ષના શિક્ષણ સંશોધન, સ્ટાર્ટ અપ સેમીનાર, કોન્ફરન્સ, પ્રકાશ, પેટન્ટ ફેસીલીટીઝ અને પ્રવૃત્તિઓને ધ્યાને લઇ સૌરાષ્ટ્ર યુનિ.ને GSIREમાં પાંચમાંથી ૩.૯૯ ગ્રેડ મળેલ છે. કુલપતિ પ્રોફેસર ઉત્પલ જોષીએ કો-ઓર્ડીનેટર ડો. સંજય મુખર્જીને અભિનંદન આપ્યા હતાં.








# અશાંતધારાની આડમાં લઘુમતીને થતો અન્યાય દૂર કરવા કલેકટરને આવેદન

## જંગલેશ્વર, નિલકંઠ પાર્ક સહિતની સોસાયટીમાં મકાન ખરીદવાની અરજીનો દોઢ-બે વર્ષથી નિકાલ નહી

રાજકોટ તા.૨૧

ગુજરાત હાઈકોર્ટે વેચનાર અને ખરીદનાર સહમત હોય તો ત્રણ સપ્તાહમાં મંજુરી આપવા હુકમ કર્યો હોવા છતાં પ્રાંત અધિકારી કચેરીમાંથી મંજુરી નથી મળતા સ્વયંમ સૈનિક દળના આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી છે.

આવેદનપત્રમાં ઈબ્રાહીમભાઈ સીરા, ઈરફાનભાઈ કુરેશી, અજીજભાઈ સમા સહિતના આગેવાનોના જણાવ્યા પ્રમાણે વોર્ડ નં.૧૬નાં જંગલેશ્વર, નીલકંઠ પાર્ક, વિવેકાનંદ સોસાયટી, સાગર સોસાયટીમાં વેચનાર હિન્દુ અને ખરીદનાર ફકત મુસ્લિમ હોવાથી પ્રાંત અધિકારીમાં અરજી કરી હોવા છતાં દોઢ-બે વર્ષ સુધી મંજુરી મળતી નથી અને હાઈકોર્ટના આદેશની અવગણના થઈ રહી છે. અશાંતધારાની આડમાં લઘુમતીને થતો અન્યાય દૂર કરવા અને સમગ્ર ગુજરાતમાંથી અશાંતધારો નાબુદ કરવા માંગણી કરી છે.

## ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ૨ ની ભરતી પરીક્ષા માટે તાલીમ વર્ગનું આયોજન

એપ્રિલ-૨૦૨૫ માસમાં યોજાનાર જી.પી.એસ.સી. દ્વારા જુદી-જુદી જગ્યાઓ માટે ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ૨ ની ભરતી કરવામાં આવનાર છે. આ ભરતીની જાહેરાતનાં અનુસંધાને આગામી સમયમાં યોજાનાર પ્રિલીમ્સની પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સી.સી.ડી.સી. દ્વારા તા. ૦૬-૦૨-૨૦૨૫ ને ગુરૂવારથી પ્રિલીમ્સના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે તા. ૩૧-૦૧-૨૦૨૫ સુધીમાં સી.સી.ડી.સી. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, જી.પી.એસ.સી.નું ઓનલાઈન ભરેલ એપ્લીકિશન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રુફ અને લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે.

### મનીષ ભીંડી જ્વેલર્સ પરિવારના આંગણે શરણાઈના સૂર ગુંજ્યા

# મનીષભાઇ-રેખાબેનની સુપુત્રી ચિ. ઈશિતાના તા.૩૦મીના શુભવિવાહ: આજે હલ્દીરસમ: કાલે નૃત્યોત્સવ

રાજકોટ, તા.૨૧

રાજકોટના જાણીતા મનીષ ભીંડી જ્વેલર્સ પરિવારના આંગણે શરણાઇના સૂર ગુંજ્યા છે. આજથી લગ્નોત્સવની ઉજવણીનો પ્રારંભ થયો છે. મનીષભાઇ તથા શ્રીમતી રેખાબેનની સુપુત્રી ચિ. ઇશિતાના શુભવિવાહ શ્રીમતી રશ્મિબેન તથા અશ્વિનભાઇ લોઢિયાના સુપુત્ર ચિ. રાજ સાથે આગામી તા.૩૦-૧ના નિરધાર્યા છે.



માંગલિક પ્રસંગોની વિગતો અનુસાર આજે તા.૨૧ના મંગળવારના ૪-૩૦ કલાકે ધ ફર્ન રીસોર્ટ-દીવ ખાતે હલ્દી રસમનું આયોજન કરાયું છે. તા.૨૨ને બુધવારે રાત્રે ૮-૩૦ કલાકે દીવ ખાતે નૃત્યોસવનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૩૦ને ગુરુવારે સાંજે ૬-૩૦ કલાકે ધ એમ રાલ્ડ કલબ, વ્હાઇટ ફિલ્ડ લોન્જ, કાલાવડ રોડ, દેવડા રોડ રાજકોટ ખાતે મનીષભાઇ તથા રેખાબેન ભીંડી પરિવારની લાડકી સુપુત્રી ચિ. ઇશિતાનો અનેરો ઉલ્લાસ અને ઉમંગ સાથે લગ્નોત્સવ ઉજવાશે.

## વિપશ્યના દસ દિવસીય શીબીર


રાજકોટ નવાધમ્મકોટ વિપશ્યના કેન્દ્ર (રંગપર) ખાતે આગામી વિપશ્યના દસ દિવસીય શિબિરનું આયોજન તા.૨૯/૧ થી તા.૯/૨ અને બીજી શિબિર તા.૧૨/૨ થી ૨૩/૨ સુધી કરેલ છે.

## સી. કે. જી. પ્રાથમિક શાળાનું ગૌરવ

ખેલમહાકુંભ ૩.૦ અંતર્ગત ચેસ U-11 સ્પર્ધા યોજાયેલ. જેમાં સી.કે.જી. પ્રાથમિક શાળાની ધો. ૬ ની વિદ્યાર્થી કુ. મહિમા કશ્યપભાઈ ત્રિવેદી એ જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું નામ રોશન કરેલ છે.

# મુંબઈમાં ભારતીય વિદ્યાભવન દ્વારા ગિરીશ દેસાઈ ભાઈસાહેબ- હિંદી એકાંકી નાટય સ્પર્શનું આયોજન

રાજકોટ તા.૨૧



ભારતીય વિદ્યાભવન કલા કેન્દ્ર તથા ભારતીય નાટય વિદ્યાપીઠના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગીરીશ દેસાઈ ભાઈસાહેબ 'હિંદી એકાંકી નાટય સ્પર્શ ૨૦૨૫'નું આયોજન મુંબઈ ખાતે કરવામાં આવેલ છે. એલિમેશન રાઉન્ડ ૨૭મી માર્ચ પછી તથા તા.૧લી એપ્રિલના ફાઈનલ રાઉન્ડ થશે તેમ અભિનેતા બાબુલ ભાવસારે જણાવેલ છે.

# આજે સાંજે મહાઆરતી તેમજ પૂજનવિધિનો કાર્યક્રમ

અયોધ્યા ખાતે ૫૦૦ વર્ષની અવધી બાદ ગત વર્ષે રામ જન્મભૂમિ સ્થળ ઉપર શ્રીરામલ્લાની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાના ઐતિહાસિક દિવસ પ્રથમ વર્ષગાંઠની પૂર્વ સંધ્યાએ આજે

સાંજે ૬:૩૦ વાગ્યે યાજ્ઞિક રોડ સ્થિત જાગનાથ મંદિર ખાતે જાગનાથ મહાદેવજીના સાનિધ્યમાં અયોધ્યા સ્થિત રામલલાની મૂર્તિના સ્વરૂપનું પૂજન કરવામાં આવશે અને બાદમાં મહાઆરતીનો મંગલમય પ્રસંગ આયોજિત કરવામાં આવ્યો છે.



# વોર્ડ નં.૧૧માં ૧.૨૮ કરોડના ખર્ચે મેટલીંગ અને પેવીંગ બ્લોક કામ શરૂ કરાવતા પદાધિકારીઓ

વોર્ડ નં.૧૧માં મોદી સ્કુલવાળો રોડ તથા સત્યજીત સોપાનવાળા રોડ પર રકમ રૂ.૫૨.૧૫ લાખના ખર્ચે પેવીંગ બ્લોક નાખવાનું કામ તથા પંચરત્ન પાર્ક તથા મોટા મૌવા વિસ્તારમાં રૂ.૭૬.૫૫ લાખના ખર્ચે મેટલીંગ કરવાનું કામ એમ મળી કુલ રૂ.૧૨૮.૭ લાખના ખર્ચેપેવીંગ બ્લોકતથામેટલીંગ કરવાના કામનું ખાતમુહૂર્ત ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ તથા દંડક મનિષભાઈ રાડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરતભાઈ શિંગાળા, કોર્પોરેટર રણજીતભાઈ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, હિરેનભાઈ મૂંગપરા, મહેશભાઈ પીપળીયા, અગ્રણી મનહરભાઈ બાબરીયા, ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, પ્રવિણભાઈ પાઘડાર તથા લતાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હર્ષા રિછરિયાનું મૌની અમાવસ્યાનું શાહી સ્નાન ફરી વિવાદોમાં : રવિન્દ્ર પુરીના નિવેદનથી હોબાળો



પ્રયાગરાજ :

મહાકુંભમાં, પ્રથમ અમૃત સ્નાન ઉત્સવ દરમિયાન મોડેલ હર્ષા રિછારિયાને ભગવા પોશાકમાં શાહી સવારી અને સ્નાન આપવાનો વિવાદ શમ્યો ન હતો જ્યારે બીજા અમૃત સ્નાનમાં હર્ષાને તેનાં રથમાં સ્નાન કરાવવાનું નિવેદન બહાર આવતાં વિવાદ વધ્યો છે.

વિવાદો અને સોશિયલ મીડિયા પ્રભાવક હર્ષા રિછારિયા વચ્ચેનાં સંબંધો વધુ મજબૂત થઈ રહ્યાં છે. મહાકુંભમાંથી પરત ફરેલા હર્ષા રિછારીયા ૧૯ જાન્યુઆરીએ મહાકુંભના નિરંજની અખાડામાં અચાનક દેખાયાં હતાં. નિરંજની અખાડાના સેક્રેટરી મહંત રવિન્દ્ર પુરી પણ તેમની સાથે હતાં. રવિન્દ્ર પુરીએ હર્ષા રિછારિયાનું સન્માન કર્યું અને એમ કહીને પ્રોત્સાહિત કર્યાં કે આગામી અમૃત સ્નાનમાં તેઓ તેમને પોતાનાં રથ પર બેસાડશે અને શાહી સ્નાન કરાવશે તેમ જણાવ્યું હતું. મીડિયા સાથે વાત કરતાં રવિન્દ્ર પુરી ખૂબ જ ભાવુક થઈ ગયાં હતાં. તેઓ વારંવાર હર્ષાને ઉત્તરાખંડ અને દુર્ગાની પુત્રીનો દરજ્જો આપતાં હતાં. તેઓ કહેતાં હતાં કે તમે દેવી જેવાં છો, તેઓ તમને રાજવી રથમાં બેસાડીને સ્નાન કરાવશે. આનાથી જ્ઞાત-અજાણે કરેલાં પાપોનું પ્રાયશ્ચિત થશે. તે એક વાસ્તવિક દેવી છે.

**રવિન્દ્ર પુરીના નિવેદન પર સંતોનો હોબાળો :–**

નિરંજની અખાડાના સચિવ અને અખાડા પરિષદના પ્રમુખ રવિન્દ્ર પુરીના આ નિવેદન પર પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. નિરંજની અખાડાના પ્રમુખ દ્વારા સોશિયલ મીડિયા પ્રભાવક હર્ષા રિછારિયાને ફરીથી શાહી રથ પર સંગમમાં લઈ જવાની જાહેરાત બાદ શાંભવી પીઠાધીશ્વર સ્વામી આનંદ સ્વરૂપે કહ્યું કે મહંત રવિન્દ્ર પુરીએ આવું પગલું ન ભરવું જોઈએ. તેઓ અખાડા પરિષદના પ્રમુખ છે અને સનાતન ધર્મની રક્ષાની જવાબદારી તેમનાં પર છે. આવી સ્થિતિમાં, તેઓએ મોડેલને ફરીથી શાહી રથ પર સવાર કરવાનો તેમનો ઇરાદો છોડી દેવો જોઈએ.

**રિચારિયાએ મીડિયાને કહ્યું :–**

“હું મારા મહારાજજીના ઘરે આવી છું. જો તેઓ મને આશીર્વાદ આપતાં હોય તો મને બીજા કોઈ આધારની જરૂર નથી. જો દીકરીને તેના પિતાનો સાથ મળે તો તેને બીજું શું જોઈએ ? હું અહીં સનાતન ધર્મને જાણવા માટે અને તેની સાથે જોડાવા માટે આવી છું, જેથી હું સમાજમાં તેનાં વિશે જાગૃતિ ફેલાવી શકું.

# અક્ષય કુમાર અને નિમરત કૌરનું ગીત ‘રંગ’ રિલીઝ થયું



અક્ષય કુમાર અને નિમરત કૌર ફરી એકવાર ફિલ્મ ‘સ્કાય ફોર્સ’માં સાથે જોવા મળશે. આ ફિલ્મ ૨૪ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ રિલીઝ થશે, પરંતુ તે પહેલાં ફિલ્મનું નવું ગીત ‘રંગ’ રિલીઝ થઈ ગયું છે. ગીતમાં અક્ષય અને નિમરતની જોડી અદભૂત લાગી રહી છે. આ ગીતમાં સારા અલી ખાન અને વીર પહાડિયા પણ છે, જેમણે પોતાની હાજરીથી ગીતમાં રંગ ઉમેર્યો છે.

અક્ષય અને નિમરતની કેમેસ્ટ્રી જ લોકોને પસંદ આવી રહી છે, સારા અને વીર પણ પોતાની એક્ટિંગથી બધાનું ધ્યાન ખેંચી રહ્યાં છે. 'રંગ' ગીત તનિષ્ક બાગચીએ કમ્પોઝ કર્યું છે અને સતીન્દર સરતાજ અને ઝહરા એસ ખાને ગાયું છે. ગીતના બોલ શ્લોક લાલે લખ્યાં છે.

અક્ષય અને નિમરત આ પહેલાં ફિલ્મ ’એરલિફ્ટ’માં પણ સાથે જોવા મળ્યાં હતાં. લોકોને તેમની જોડી ખૂબ જ પસંદ આવી છે અને આ ગીતમાં પણ તેમની કેમેસ્ટ્રી એવી જ દેખાય છે. ફિલ્મનાં પહેલાં બે ગીત ‘માઈ’ અને ‘ક્યા મેરી યાદ આતી હૈ’ રિલીઝ થઈ ચૂક્યાં છે.

# હુમલાખોરને સૈફઅલીખાનનાં ઘેર લઈ જઈ પોલીસે ક્રાઈમ સીન રિક્રીએટ કરાવ્યો



## પોલીસ અનેક એંગલથી કરી રહી છે તપાસ

મુંબઈ તા.૨૧

સૈફઅલીખાન પર હુમલાનો આરોપી મોહમ્મદ શરીફૂલ ઈસ્લામ શહજાદને લઈને પોલીસે અભિનેતાનાં ઘેર પહોંચીને ક્રાઈમ સ્કીન રિક્રીએટ કર્યો હતો. આ કાર્યવાહીનો ઉદ્દેશ હુમલા સાથે જોડાયેલી ઘટનાઓની તપાસ અને પુરાવા એકત્ર કરવાનો હતો.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગતો મુજબ પોલીસ બાદમાં શહેઝાદને નેશનલ કોલેજ બસ સ્ટોપ પર લઈ ગઈ હતી અને ત્યાં પણ ક્રાઈમ સીન રિક્રિએટ કર્યો હતો. ત્યારબાદ બાંદ્રા રેલવે સ્ટેશને પણ ક્રાઈમ સીન રિક્રીએટ કરાયો હતો. પોલીસ સૈફઅલીખાન પર હુમલાની પુરી સચ્ચાઈને જાણવા અને દરેક એંગલે તપાસ કરી રહી છે. બીજી બાજુ લીલાવતી હોસ્પીટલમાં દાખલ સૈફઅલી ખાનની તબિયતમાં ઝડપથી સુધારો આવી રહ્યો છે.

## પેપર સેટરને ખબર નથી– ગુજરાત રાજ્ય ક્યારે અસ્તિત્વમાં આવ્યું?

# જીપીએસસીની આસિ. મેનેજરની પરીક્ષાની આન્સર કીમાં જ ભુલો!: ઉમેદવારોમાં રોષ

ગાંધીનગર તા.૨૧

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ની તમામ ભરતીની પરીક્ષામાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા બાદ આન્સર કીમાં જણાતા વાંધા સૂચનો માટે અરજી કરવા ઉમેદવારોને પ્રશ્નદીઠ ૧૦૦ રૂપિયા ફી ચૂકવવાનો આયોગ દ્વારા નિર્ણય કરાયો. આ મામલે હસમુખ પટેલના નિવેદન સામે ઉમેદવારોએ રોષ વ્યક્ત કર્યો હતો. જ્યારે ગઈકાલે રવિવારે આયોગ દ્વારા લેવાયેલી આસિસ્ટન્ટ મેનેજરની પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર થતાં પેપર સેટર અને GPSCના નિષ્ણાતો સામે અનેક પ્રશ્ન ઊભા થયા છે. જેમાં આયોગના કહેવાતા એક્સપર્ટ દ્વારા પરીક્ષા પેપરના ૬ પ્રશ્નોના જવાબમાં ભૂલો છતી થઈ હોવાનો ઉમેદાવારોએ દાવો કર્યો છે.

જ્યારે ગઈકાલે રવિવારે એ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ (GSCSCL)ની આસિસ્ટન્ટ મેનેજર - ક્લાસ ૩ ભરતીની પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષા બાદ આજે સોમવારે તેની પ્રોવિઝનલ આન્સર કી જાહેર થતાં, જેમાં કેટલાક સામાન્ય પ્રશ્નોના જવાબમાં આયોગ દ્વારા ભૂલો કરાઈ હોવાનું છતું થયું છે. જેમાં આયોગના કહેવાત એક્સપર્ટ દ્વારા 'ગુજરાત રાજ્ય ક્યારે અસ્તિત્વમાં આવ્યું?', 'સુશાસન દિવસ ક્યારે ઉજવવામાં આવે છે?' સહિતના ૬ જેટલાં પ્રશ્નોના જવાબમાં GPSC પેપર સેટરોના લોચા જોવા મળ્યા હતા. સમગ્ર મામલે ઉમેદવારોએ રોષ વ્યક્ત કરતાં આયોગને અનેક સવાલો કર્યા. જેમાં કેટલાક ઉમેદાવારોએ જણાવ્યું કે, 'GSCSCLની આસિસ્ટન્ટ મેનેજરની પ્રોવિઝનલ આન્સર કીમાં આયોગની ભૂલ સામે આવી છે. એટલે તેની વાંધા અરજી કરવા માટે ઉમેદવારને શું ૧૦૦ રૂપિયા ભરવા પડશે? GPSCના કહેવાતા વિષય નિષ્ણાતોને ગુજરાતની સ્થાપના ક્યારે થઈ એ પણ નથી ખબર, તો એમને વિષય નિષ્ણાતો બનાવ્યા કોણે?. આમ આયોગની

## ભૂલ સામે વાંધા અરજી કરનાર સામે ૧૦૦ રૂપિયા વસુલવાને બદલે જેમણે ભુલ કરી છે તેને દંડ કરોઃ ઉમેદવારો

આવી ભૂલો છુપાવવા માટે ફી લેવામાં આવે છે કે શું? ત્યારે સવાલ થાય કે આમાં ભૂલ કોની અને ભોગવશે કોણ? જો સરકારને એવું લાગતું હોય કે વાંધા અરજી વધારે આવે છે, તો સરકારે ખરેખર યોગ્ય ગાઈડલાઈન આપવી જોઈએ. જેમાં ચોખવટ કરવી જોઈએ કે આટલા પુસ્તકો માન્ય રહેશે અને આટલા નહીં. એટલે રેફ્રન્સ પુસ્તક સરકાર નક્કી કરે.' ઉમેદાવારોએ જણાવ્યું કે, આયોગે ઉમેદાવારો પાસેથી ફી ઉઘરાવાને બદલે જેમના કારણે ભૂલ થઈ છે અને જેમણે ભૂલભરેલી માહિતી પ્રદાન કરી છે તેમની પાસેથી જ દંડ વસુલવો જોઈએ તેવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે.








































### આયાત મોંઘી બનાવવાના ટ્રમ્પના નિર્ણય સામે વિરોધઃ મોંઘવારી વધશે

# ટ્રમ્પ સામે ટેરીફવોર માટે કેનેડા-યુરોપિયન સંઘ તૈયાર

## અમો પણ અમેરિકાને વળતો જવાબ આપશુંઃ કેનેડાના વિદેશમંત્રીની જાહેરાતઃ યુરોપિયન સંઘે કહ્યું અમારું હિત પ્રાથમિકતા







વોશિંગ્ટનઃ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરીફ વોર સહિતની જે જાહેરાતો કરી તેના કેનેડા અને યુરોપ સહિતના દેશોમાં પડઘા પડવાનું શરૂ કર્યુ છે. કેનેડાના વિદેશમંત્રી મેલાની જોલીએ જાહેર કર્યુ છે કે અમેરિકાની નવી ટ્રેડ પોલીસીનો જવાબ આપવા અમો તૈયાર છીએ તો બીજી તરફ યુરોપના દેશોએ તેમના હીતને પ્રાધાન્ય અપાશે તેવી જાહેરાત કરી છે. ટ્રમ્પના આ નિર્ણયના અમેરિકામાં પણ પડઘા પડયા છે. ટ્રમ્પના ટીકાકાર અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું કે આ ટેરીફ વોર અમેરિકામાંજ ફુગાવો મોંઘવારી વધારશે. મોંઘી આયાત એ દેશના લોકોના બજેટને અસર કરશે તથા આર્થિક વિકાસને પણ અસર કરશે. આખરે આ બોજો અમેરિકી જનતા પર જ આવશે.

ટ્રમ્પ શાસનના વ્યાપાર મંત્રી તરીકે નિયુક્ત થયેલા હોવાર્ડ લૂટનીકે દાવો કર્યો કે અમો અમેરિકાથી બહાર ગયેલા ઉત્પાદન એકમોને પરત દેશમાં લાવી મેઈક ઈન અમેરિકાને વેગ આપ્યું જેનાથી તેઓને ઉંચા ટેરીફની અસર થશે નહી.

ટ્રમ્પની ઈમીગ્રેશન નીતિ પર દુનિયાની નજર છે અને વિશ્વના સૌથી વધુ ઈમીગ્રેશન (વિદેશી) અમેરિકામાં રહે છે જે સંખ્યા ટ્રમ્પ માને છે કે અન્ય દેશોના લોકો અમેરિકામાં આવીને અપરાધને ઉતેજન આપે છે.

ટ્રમ્પે ચુંટણી સમયે ટ્રાન્સજેન્ડર વિરુદ્ધ નિવેદનો આપ્યા હતા. ટ્રમ્પ શાસનના સંરક્ષણ સચીવ નિયુકત થયેલા પીટ હેગસેએ જણાવ્યું કે સેન્યમાં મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર અમેરિકી સુરક્ષા નબળી બનાવે છે.

શ્રી ટ્રમ્પે અગાઉ ૧૯૭૦માં જે રીતે પનામા નહેર ભેટ અપાઈ તે યોગ્ય ન હતુ. અમેરિકી જહાજોને અહી વધુ કર ભરવો પડે છે. તેઓએ કહ્યું કે બીજા દેશોની સુરક્ષા માટે અમેરિકી સૈન્ય નથી અને બીજા દેશોને ધનવાન બનાવવા અમેરિકી નાગરિકો પાસેથી ટેક્ષ વસુલી શકાય નહી.

## ગેરકાનૂની વસાહતીઓના બાળકોના જન્મ નાગરિકતા અધિકાર મુદ્દે સુપ્રીમમાં રીટ થશેઃ ટ્રમ્પ વિરોધી લોબી એકશનમાં

બર્થ રાઈટ-સીટીઝનશીપમાં અમેરિકામાં જેઓ સ્થાનિક નાગરિકો ના હોય પણ જો તેમના બાળકનો જન્મ અમેરિકામાં થાય તો આપોઆપ આ બાળકને અમેરિકી નાગરિકત્વ મળી જાય છે. જેના કારણે તેમને પરત પણ મોકલી શકાતા નથી. પણ હવે તે અધિકાર છીનવી લેવાયો છે. જો કે તેને અમેરિકી અદાલતમાં પડકારવામાં આવી શકે છે.

આ ઉપરાંત બાઈડન શાસને અમેરિકામાં મોતની સજાને રદ કરી હતી તે ફરી લાગુ કરવા માટે ટ્રમ્પે જાહેરાત કરી છે.

### અમેરિકા ભારતનું બીજા નંબરનું સૌથી મોટુ ટ્રેડ પાર્ટનરઃ નીતિમાં બદલાવ મોટી અસર સર્જે

# ટ્રમ્પને ખુશ કરવા પ્રયાસઃ ભારતે આયાત થતી ચીજોની સમીક્ષા શરૂ કરી

## સંભવિત ટ્રેડવોર રોકવા તથા ચીન સામે અમેરિકાનાં આકરા વલણનો લાભ મેળવવા કેન્દ્ર સરકારે તૈયારી હાથ ધરી





નવી દિલ્હી તા.૨૧

અમેરિકામાં ટ્રમ્પ સતારૂઢ થતાની સાથે જ ટ્રેડવોરના સંકેતો ઉઠવા લાગ્યા છે. ટ્રમ્પે આવતાવેંત કેનેડા તથા મેકસીકો પર ૨૫ ટકા ટેરીફ લાદવાની જાહેરાત કરી હતી. જયારે અમેરીકા સાથે બીજા નંબરે સૌથી વધુ વેપાર ધરાવતાં ભારતે પણ સંભવીત પરિસ્થિતિ વિશે વિચારણા શરૂ કરી દીધી છે.

ચીન પછી અમેરીકા ભારતનું સૌથી મોટુ ટ્રેડ પાર્ટનર છે.ટ્રમ્પ દ્વારા આવતાવેંત નીતી વિષયક ફેરફારો શરૂ કરવામાં આવ્યા છે. ભારત સરકાર દ્વારા આયાત થતી ચીજોની સમીક્ષા શરૂ કરી છે. અન્ય દેશોમાંથી આયાત થતી કેટલીક ચીજોની અમેરીકાથી આયાત શરૂ કરવાનો ઈરાદો છે જેથી અમેરીકા સાથે વ્યાપાર સંતુલનમાં મદદ મળી શકશે ટ્રમ્પ દ્વારા ભારતમાં ઉંચી જકાત સામે અગાઉ જ નારાજગી દર્શાવવામાં આવી હતી ઉંચા આયાત જકાત અમેરીકાની ભારતમાં નિકાસ વધારવામાં અવરોધક છે. ટ્રમ્પે તો ભારતને ટેરીફ કીંગ ગણાવીને આકરો ટોણો પણ માર્યો હતો.

કેન્દ્ર સરકારના સુત્રોએ એવો સંકેત આપ્યો હતો કે ટેરીફ સંબંધી અમેરીકી ચિંતા દુર કરવાનાં પ્રવાસના ભાગરૂપે આયાત જકાત સંબંધી નીતીની સમીક્ષા શરૂ કરવામાં આવી છે. સાથોસાથ કેટલીક ચીજોની આયાતના સ્ત્રોત બદલવાના પ્રયાસ કરવામાં આવશે.

એમ માનવામાં આવે છે કે અમેરીકાનું વલણ ભારત પ્રત્યે ચીન જેટલુ આકરૂ નહી હોય ભારત સાથે વાતચીત કરવામાં અમેરીકાનું મન ખુલ્લુ હશે અને વાટાઘાટોથી જ બન્ને દેશો એકબીજાનાં લાભમાં નિર્ણયો લેશે. ટ્રમ્પના સંભવીત ભારત પ્રયાસ પૂર્વે જ કેટલાંક પેચીદા મુદાઓનો ઉકેલ આવી શકે છે. ભારતે અમેરીકા સાથે સંરક્ષણ ઉપકરણો ઉપરાંત વિમાનોની સાથોસાથ ફ્રુડની આયાત પણ વધારી છે.ભારતનુ અમેરીકા સાથે ટ્રેડ સરપ્લસ છે.

ભારતનું સૌથી મોટૂ ટ્રેડ પાર્ટનર ચીન છે. અમેરિકાનો બીજો ક્રમ છે. એપ્રિલથી ઓકટોબર દરમ્યાન અમેરીકા સાથે ભારતનું ટ્રેડ સરપ્લસ અબજ ડોલર રહેવાનું અનુમાન છે. ગત નાણા વર્ષમાં ભારતે ૭૭.૫ અબજ ડોલરની નિકાસ કરી હતી અને ૩૫ અબજ ડોલરની ટ્રેડ સરપ્લસ હતી.

કેન્દ્ર સરકારનાં સુત્રોએ કહયું કે વ્યાપાર આંકડામાં સર્વીસ ક્ષેત્રનાં ડેટાને સામેલ કરવામાં આવતા નથી. અમેરીકા તરફથી વિઝા નિયમોને કારણે ભારત પર દબાણ છે. જોકે અમેરીકામાં પ્રોફેશનલ્સની ખેંચ હોવાથી ભારતીય વ્યાવસાયિકોને ખાસ વાંધો આવે તેમ નથી. સરકાર દ્વારા ફાર્મા તથા ઈલેકટ્રોનિકસ જેવા કેટલાંક ક્ષેત્રોની ઓળખ કરવામાં આવી છે જેમાં ચીનથી આયાત પર વધારવામાં આવે તો ભારતને ફાયદો થઈ શકે છે.

ચીન પર લાગુ થનાર શ્રેણીબદ્ધ સુરક્ષા પ્રતિબંધોથી ભારતને મોટો લાભ થઈ શકે છે.જોકે તે માટે ભારતે ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવો પડશે તે માટે ખાનગી ક્ષેત્રને અનેક લાભો આપવા પડશે ભારતને મોટા ઉત્પાદક ક્ષેત્ર બનાવવા મજબુત ઈકોસીસ્ટમ પણ બનાવવી પડશે.

### ટ્રમ્પના રાષ્ટ્રપતિ બન્યા બાદ...

# ભારતીય મૂળના વિવેક રામાસ્વામીએ એકાએક DOGE પદ છોડી દીધું

## રામાસ્વામી હવે અમેરિકાના ઓહિયોના ગવર્નર પદની ચૂંટણી લડવા તૈયારી કરશે



વોશિંગ્ટન (અમેરિકા) તા.૨૧

ગત વર્ષે નવેમ્બર મહિનામાં યુએસ રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીત્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે બિલિયોનેર ઈલોન મસ્ક સાથે ભારતીય મૂળના ઉદ્યોગસાહસિક વિવેક રામાસ્વામીને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)ની આગેવાની સોંપી હતી. હવે ટ્રમ્પે યુનાઇટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે, ત્યાર બાદ જાહેર કરવામાં આવ્યું છે કે વિવેક રામાસ્વામી DOGEનો ભાગ નહીં હોય.

૩૯ વર્ષીય રામાસ્વામીએ રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદની ચૂંટણી લડવા તૈયારી બતાવી હતી, ત્યાર બાદ તેઓ રેસમાંથી હટી ગયા હતાં. હવે તેઓ ઓહિયોના ગવર્નર પદ માટે ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે.

વિવેક રામાસ્વામીએ X પર એક પોસ્ટમાં લખ્યું કે DOGE ની રચનામાં મદદ કરવી એ મારા માટે સન્માનની વાત હતી. મને વિશ્વાસ છે કે ઈલોન અને તેમની ટીમ સરકારને સુવ્યવસ્થિત કરવામાં સફળ થશે. ઓહિયોમાં મારી ભાવિ યોજનાઓ વિશે મને ટૂંક સમયમાં વધુ જાણકારી આપીશ. સૌથી અગત્યનું, અમેરિકાને ફરીથી મહાન બનાવવામાં અમે રાષ્ટ્રપતિ ટ્રમ્પને મદદ કરવા માટે તૈયાર રહીશું.

વિવેક રામાસ્વામી ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના નજીકના વિશ્વાસુ છે. ગત વર્ષે નવેમ્બરમાં ટ્રમ્પે મસ્ક સાથે વિવેકને DOGE ના કો-લીડર તરીકે નિયુક્ત કર્યા હતાં.

દરમિયાન, ગવર્નમેન્ટ એફિશિયન્સી એડવાઇઝરી ગ્રુપે એક નિવેદનમાં, DOGE ની રચનામાં મદદ કરવામાં રામાસ્વામીની મહત્વપૂર્ણ ભૂમિકા બદલ પ્રશંસા કરી.

# ટ્રમ્પના હવે પછીના કદમ કેવા હશે? શેરબજાર, સોનાના ટ્રેન્ડ માટે નિર્ણાયક હશે




નવી દિલ્હી,તા.૨૧

નિષ્ણાતો ડોનાલ્ડ ટ્રમ્પનાં યુએસ પ્રમુખ તરીકેનાં બીજા કાર્યકાળને લઈને શેરબજારથી લઈને બિઝનેસ મોરચે દરેક બાબતમાં સાવધાની રાખવાનું કહી રહ્યાં છે. તેમનું કહેવું છે કે ભારત અને ચીન સહિત વિદેશોમાંથી આવતાં સામાન પર આયાત ડ્યૂટી વધારવા, મેક ઇન અમેરિકાને પ્રોત્સાહન આપવા અને અમેરિકામાં ટેક્સના દર ઘટાડવાના ટ્રમ્પનાં વચનોની અસર શેરબજાર અને સોના પર જોવા મળી રહી છે અને આવનારા સમયમાં તે કેવાં પગલાં ભરે છે તેનાં પર નજર રાખવાની રહેશે.

**નિકાસ પર અસર :-**

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ ડો. અજય સહાયે જણાવ્યું હતું કે, 'જો ટ્રમ્પ અમેરિકન મેન્યુફેક્ચરિંગ અને ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરીને ચીનથી આવતાં માલ પર ઊંચી આયાત જકાત લાદવાની નીતિને અનુસરે છે, તો ભારતની ફાર્મા, આઈટી સર્વિસિસ, એપેરલ અને ટેક્સટાઈલ સેક્ટરને ફાયદો થઈ શકે છે. પરંતુ ઓટો એક્સપોર્ટને કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

**ક્રિપ્ટો પર અસર :-**

ટ્રમ્પ, જે ગત ટર્મમાં ક્રિપ્ટો વિરોધી હતાં, તેમણે આ વખતે ક્રિપ્ટોના સમર્થનમાં નીતિઓ બનાવવાની વાત કરી છે. તેમની જીત બાદ બિટકોઈન ૧ લાખ ડોલરના સ્તરને પાર કરી ગયો છે. રિફલેકિસકલના સ્થાપક અજીત ખુરાનાએ કહ્યું કે 'બિટકોઈનના ફ્લોટિંગ સ્ટોકમાં ઘટાડો અને ટ્રમ્પનાં બદલાયેલા વલણને કારણે વાતાવરણ બદલાયું છે. ટ્રમ્પનાં આ બીજા કાર્યકાળમાં બિટકોઈન ૨ લાખ ૮૦ હજાર ડોલરને પાર કરી શકે છે.

**શેરબજાર પર અસર :-**

વેલ્થ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટરો સમીર રસ્તોગીએ કહ્યું કે 'જ્યાં સુધી ટ્રમ્પ ચીનની સાથે મામલો થાળે નહીં પાડે ત્યાં સુધી અનિશ્ચિતતા રહેશે. તેમની સંભવિત નીતિઓ મોંઘવારી વધારશે. તેથી, અત્યારે ફેડ રેટ ઘટાડવાની કોઈ શકયતા નથી. ભારતીય બજાર માટે આ સકારાત્મક બાબત નથી.

**ગોલ્ડ પર અસર :-**

સમીર રસ્તોગીએ કહ્યું કે 'જો ડોલર નરમ થાય તો સોના પર તેની અસર જોવા મળે છે, સોના માટે આઉટલૂક સકારાત્મક છે. કેડિયા ફિનકોર્પના સ્થાપક નીતિન કેડિયાએ જણાવ્યું હતું કે, 'લાંબા ગાળામાં સોનું ૨૫૦૦ થી ૨૮૦૦ ડોલર પ્રતિ ઔંસ સુધી જઈ શકે છે.

જો કે, નજીકનાં ભવિષ્યમાં તે ૨૩૫૦ થી ૨૪૭૦ ડોલરની રેન્જમાં ઘટવાની ધારણા છે. આ સ્તરો પર ખરીદી કરી શકાય છે.

# ૬-૧ સંસદ હુમલામાં તમામ ૧૫૦૦ ક્રિમિનલોને માફી આપતા ડોનાલ્ડ ટ્રમ્પ

## સત્તા સંભાળતા જ ૨૦૨૧માં બાઇડનની શપથવિધિ પૂર્વે સંસદ પર થયેલા હુમલામાં ટ્રમ્પે પોતાના ટેકેદારોને અપરાધમાંથી મુક્તિ આપી



વોશિંગ્ટન, તા.૨૧

અમેરિકામાં સત્તા સંભાળતા જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૬ જાન્યુઆરી-૨૦૨૧માં જે રીતે બાઇડન શાસનના પ્રારંભે અમેરિકી સંસદ પર ટ્રમ્પના ટેકેદારોએ હુમલો કર્યો હતો અને વ્યાપક તોડફોડ કરી હતી જેના અપરાધી તમામ ૧૫૦૦ લોકોને માફ કરી દીધા છે. આમ ટ્રમ્પના આ ટેકેદારો મોટી સજામાંથી ઉગરી ગયા છે. પ્રાઉડબોય અને ઓથ કીપર સહિતના ટ્રમ્પના ટેકેદાર ટોળકીના સેંકડો લોકોને બાઇડનની શપથવિધિ પૂર્વે સંસદભવનમાં ઘુસી જઇને વ્યાપક તોડફોડ કરી હતી તેઓ ટ્રમ્પ જે રીતે તે ચૂંટણીમાં પરાજીત થયા તે પરિણામ સ્વીકારવા તૈયાર ન હતા અને ટ્રમ્પે પણ ઉશ્કેરણીજનક વિધાનો કર્યા હત જેના કારણે અમેરિકાના ઇતિહાસમાં પ્રથમ વખત આ રીતે સંસદ ભવન પર હુમલો થયો હતો અને તેમાં બાઇડન શાસનને ૧૫૦૦થી વધુ લોકોને કાનૂની કાર્યવાહી બાદ આરોપી બનાવ્યા હતા. પણ ટ્રમ્પે શાસન સંભાળતા જ આ તમામને માફ કરી દીધા છે. જેમાં ૭૦૦ લોકો એવા હતા જે લોકો કદી જેલમાં ગયા ન હતા અથવા તો તેમની સજા પુરી કરી લીધી હતી. આમ તેમના માટે કોઇ ફરક પડતો નથી.

### હું ભાષણ તૈયાર કરતો હતો ત્યારે પણ બાઇડન તેમના કુટુંબીજનોને માફી આપવામાં વ્યસ્ત હતાઃ ટ્રમ્પ

વોશિંગ્ટન, તા.૨૧

આજે સંસદ હુમલાના ૧૫૦૦થી વધુ આરોપીઓને માફી આપવાના નિર્ણયનો બચાવ કરતાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પૂરોગામી જો બાઇડન પર પ્રહાર કરતાં કહ્યું કે હું જ્યારે મારું ભાષણ તૈયાર કરી રહ્યો હતો ત્યારે પણ બાઇડન તેમના કુટુંબને ફોજદારી કાર્યવાહીમાંથી મુક્તિ આપી રહ્યા હતા હું માનું છું કે તેણે આ ખોટું કર્યું છે. ટ્રમ્પનો આ પ્રતિભાવ એ સમય આવ્યો કે જ્યારે બાઇડને વ્હાઇટ હાઉસમાંથી બહાર આવતા પૂર્વે કેટલાક માફીના આદેશ પર સહી કરી હતી જેમાં ખાસ કરીને ૬-૧ના હુમલાની તપાસ કરનાર બાઇડ તંત્રના કેટલાક અધિકારીઓને તેમણે માફી આપી છે. બાઇડનને એવો ભય હતો કે ટ્રમ્પ શાસન આવતા તેમના સાથીઓ સામે કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

# શપથના થોડા સમયમાં જ ટ્રમ્પ અને મસ્કની મુશ્કેલી વધી : AFGE એ DOGE મુદ્દે કેસ કર્યો

## DOGE યોજનાનો સરકારી ખર્ચમાં કાપ મુકવાનો હેતુ પણ એથી કર્મચારીઓને નોકરી ગુમાવવાનો ડર



વોશિંગ્ટન (અમેરિકા), તા. ૨૧

અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને શપથ ગ્રહણની થોડી જ મિનિટો બાદ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અમેરિકન ફેડરેશન ઓફ ગવર્નમેન્ટ એમ્પલોઇઝ (AFGE) અને નોન પ્રોફિટ પબ્લિક સિટિઝને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિએન્સી (DOGE) યોજનાને લઈને ટ્રમ્પની સામે કેસ કર્યો છે. નોંધનીય છે કે, DOGEનું નેતૃત્વ ઈલોન મસ્ક કરી રહ્યા છે, જેનો હેતુ સરકારી ખર્ચમાં કાપ મૂકવાનો છે.

ટ્રમ્પ પ્રશાસન તરફથી પ્રસ્તાવિત DOGE યોજનાનો હેતુ સરકારી ખર્ચમાં ૨ ટ્રિલિયન ડોલરનો કાપ મૂકવાનો છે. આ યોજનાએ સરકારી કર્મચરીઓમાં નોકરી ગુમાવવાના ડરને જન્મ આપ્યો છે.

AFGEનું કહેવું છે કે, DOGE યોજના સંઘીય નિયમોનું પાલન નથી કરી રહી, જેથી કોર્ટને અપીલ કરી છે કે, DOGEને સલાહકાર સમિતિની જેમ કામ કરવાથી રોકવામાં આવે. જ્યાં સુધી તે જરૂરી નિયમોનું પાલન નથી કરતી. ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિએન્સીની જવાબદારી બિઝનેસમેન ઈલોન મસ્કને સોંપવામાં આવી છે. મસ્કની ભૂમિકાને લઈને ચિંતા છે કે, તેમની યોજના સરકારી કર્મચારીઓની નોકરી અને તેમના હિતો પર ખોટો પ્રભાવ પાડી શકે છે. AFGE એ તેના પર વાંધો ઉઠાવતા કહ્યું કે, આ યોજના હેઠળ મૂકવામાં આવેલાં કાપ કર્મચારીઓની નોકરી માટે જોખમ બની શકે છે.

# ટ્રમ્પ ઈફેકટઃ યુક્રેન મુદે અમેરિકા સાથે વાટાઘાટ કરવા પુટીન તૈયાર

## કામચલાવ યુદ્ધ વિરામ નહી, કાયમી શાંતિ જરૂરીઃ શરતો પણ મુકી દીધી



વોશિંગ્ટનઃ

અમેરિકામાં ટ્રમ્પ શાસનના પ્રથમ કલાકમાં જ વિશ્વભરમાં તેના પડઘા અને પ્રતિક્રિયા શરૂ થઈ ગઈ છે. એક તરફ ટ્રમ્પએ આપેલી ચેતવણીની ગંભીરતા જોતા જ ઈઝરાયેલ-હમાસ વચ્ચે યુદ્ધવિરામ લાગુ થઈ ગયુ છે. ખુદ ટ્રમ્પે એ પણ જાહેરાત કરી હતી કે તેઓ રશિયા-યુક્રેન યુદ્ધ પણ ખત્મ કરાવશે તેનો પ્રતિભાવ આપતા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીને યુક્રેન મુદ્દે અમેરિકા સાથે વાતચીત માટે તેઓ તૈયાર હોવાનો સંકેત આપી દીધો છે. મોસ્કોમાં એક વાતચીતમાં તેઓએ કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પના નવા શાસન સાથે તેઓ યુક્રેન મુદ્દે અમેરિકા સાથે વાતચીત કરવા તૈયાર છે. તેઓએ એ પણ આશા દર્શાવી કે જો કોઈ સમાધાન થશે તો તે ફકત કામચલાવ શાંતિ સ્થાપવા માટે નહી પણ તમામ લોકોના હિતોના સન્માન સાથે કાયમી શાંતિ માટેનું હોવું જોઈએ.

ટ્રમ્પે અગાઉ જ ત્રીજા વિશ્વયુદ્ધની નજીક આવી ગયા છે તેવુ કહીને તેઓ આ યુદ્ધ થવા દેશે નહી તેવો હુંકાર કર્યો હતો. શ્રી પુટીને અમેરિકી રાષ્ટ્રપતિપદે ટ્રમ્પના આગમન બાદ તેમને અભિનંદનનો સંદેશ પાઠવ્યો હતો.

# એક ડઝનથી વધુ રાજદ્વારીઓને રાજીનામું આપવા આદેશ

નવીદિલ્હી,તા.૨૧

ડોનાલ્ડ ટ્રમ્પની ટીમે એક ડઝનથી વધુ વરિષ્ઠ રાજદ્વારીઓને તેમની ભૂમિકાઓમાંથી રાજીનામું આપવા કહ્યું છે, આ બાબતથી પરિચિત બે યુએસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, આવનારાં રાષ્ટ્રપતિ તરીકે તેમની વિદેશ નીતિ અને રાજદ્વારી કોર્પ્સને આકાર આપવા માટે તેઓ ઝડપથી આગળ વધી રહ્યાં છે. ટ્રમ્પની સોમવારની સભા પહેલાં રાજીનામું આપતાં લોકોમાં એજન્સીના અધિકારી જોન બાસનો પણ સમાવેશ થાય છે, જેઓ એશિયાથી યુરોપ અને પશ્ચિમ એશિયા સુધીની નીતિની દેખરેખ રાખતા રાજકીય બાબતોનાં સેક્રેટરી તરીકે કાર્ય કરી રહ્યાં છે.

એક સૂત્રોએ જણાવ્યું હતું કે તમામ અન્ડરસેક્રેટરી અને આસિસ્ટન્ટ સેક્રેટરી સ્તરના અધિકારીઓ અસરકારક રીતે રાજ્યનાં સચિવ હેઠળનાં અધિકારીઓને પદ છોડવા માટે કહેવામાં આવ્યું છે. રાજ્ય વિભાગનાં નવાં એડમિનિસ્ટ્રેશનમાં સંક્રમણની દેખરેખ રાખતી ટીમે ત્રણ અન્ય વરિષ્ઠ કારકિર્દી રાજદ્વારીઓને કહ્યું હતું કે તેઓ તેમનાં પદ પરથી રાજીનામું આપે છે. ટ્રમ્પે એવાં અમલદારોને બરતરફ કરવાનું વચન આપ્યું છે જેને તેઓ અવિશ્વાસુ હતાં.

## પ્રથમ વખત રાષ્ટ્ર અધ્યક્ષો ભેગા થયાં

આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલી અને ઇટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ સમારોહમાં હાજરી આપી હતી. ટ્રમ્પે ચીનનાં રાષ્ટ્રપતિને પણ આમંત્રણ મોકલ્યું હતું, પરંતુ શી જિનપિંગે તેમનાં ઉપરાષ્ટ્રપતિ જિયાન ઝેંગને તેમનાં પ્રતિનિધિ તરીકે મોકલ્યાં હતાં.

**કડકડતી ઠંડીમાં પણ લોકો એકઠાં થયાં**

ટ્રમ્પની જીતની ઉજવણી કરવા માટે સ્ટેડિયમમાં મેક અમેરિકા ગ્રેટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટેડિયમની ક્ષમતા ૨૦ હજાર લોકોની છે, જે દર્શકોથી પુરેપુરું ભરેલું હતું. આ ઉપરાંત કડકડતી ઠંડીમાં સ્ટેડિયમની બહાર પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યાં હતાં.

# કાગડા બધેય કાળા, વ્હાઈટ હાઉસમાં પણ!

## શપથ પૂર્વે પાદરી સીવેલની 'ભકિત'થી વિવાદઃ ટ્રમ્પની તુલના માર્ટીન લ્યુથર કિંગ જૂનિયર સાથે કરી નાખી!



વોશિંગ્ટન (અમેરિકા) તા.૨૧

અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ટ્રમ્પનો શપથગ્રહણ સમારોહ અનેક રીતે ખાસ રહ્યો છે. દરમિયાન મિશીગનના એક પાદરીએ ટ્રમ્પ માટે ઉદઘાટન પ્રાર્થના કરી હતી. જેને લઈને વિવાદ છેડાયો છે, ખરેખર તો પાદરી લોરેંજો સીવેલે પ્રાર્થના દરમિયાન મહાન નાગરિક અધિકાર કાર્યકર્તા માર્ટીન લ્યુથર કિંગ જૂનિયરના ઐતિહાસિક ભાષણની પંકિતઓ 'આઝાદી કી ગૂંજ' અને 'બધા અમેરિકી અંતમાં આઝાદ થશે'ને પણ પ્રાર્થનામાં સામેલ કરી હતી. રસપ્રદ બાબત એ છે કે સોમવારે રાષ્ટ્રપતિ પદના શપથ ગ્રહણ સમારોહ અને માર્ટીન લ્યુથર કિંગ દિવસ એક સાથે આવ્યા અને આવું ત્રીજીવાર થયું. રાષ્ટ્રપતિ બિલ કલીન્ટન અને બરાક ઓબામાના શપથ ગ્રહણ સમારોહ પણ માર્ટિન લ્યુથર કિંગ દિવસે જ યોજાયો હતો.

જોકે ટ્રમ્પના શપથ ગ્રહણ પર થયેલી પ્રાર્થનામાં માર્ટિન લ્યુથર કિંગના ભાષણનો ઉલ્લેખ અને ટ્રમ્પ સાથે તેની તુલના કેટલાક લોકોને ગમી નહોતી અને નારાજગી જાહેર કરી હતી.

અટલાન્ટામાં કિંગ સેન્ટરના વિલિયમ બાર્બર તૃતીયે આલોચના કરી છે. માર્ટીન લ્યુથર કિંગના પરિવારે પણ કહ્યું છે કે તેઓ માર્ટિન લ્યુથર કિંગ દિવસ અને ટ્રમ્પના શપથગ્રહણ એક દિવસે હોવાથી પરેશાન છે. જો કે ટ્રમ્પે પોતાના ભાષણમાં અશ્વેત સમુદાયના વિકાસ માટે કામ કરવાની વાત કરી હતી અને ભેદભાવ ખતમ કરવાનો વાયદો કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે ૪૩ વર્ષીય સીવેલ છેલ્લા ૭ વર્ષથી ડેટ્રોઈટના પશ્ચિમી સ્થિત ચર્ચના પાદરી છે તેમને ટ્રમ્પના કટ્ટર સમર્થક માનવામાં આવે છે.



### એક અમેરિકી પ્રેસિડેન્ટ પોતાના પ્રથમ સંબોધનમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મને આટલુ મહત્વ આપે તે પણ પ્રથમ વખત બન્યું છે

# લેટ્સ ડાન્સ... ટીકટોક ઇઝ બેક



**અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પ્રથમ ભાષણમાં જ યુવા પેઢીને ખુશ કરી દીધી કે જયારે ૧૭ કરોડથી વધુ અમેરિકી યુઝર્સના મોબાઇલમાં ટીકટોક ફરી એકટીવ બની ગયું, એક ચાઇનીઝ એપ કે જેને શોર્ટ વિડીયો પ્લેટફોર્મ તરીકે ઓળખવામાં આવે છે તેનો વૈશ્વિક પ્રભાવ પણ એક રસપ્રદ કેસ સ્ટડી છે અને મહત્વનું એ છે કે તેને હવે અમેરિકી સીટીઝનશીપ આપવા ખુદ ટ્રમ્પ આતુર છે પણ જિનપીંગ પાસપોર્ટનો કલર બદલવા દેશે કે કેમ તે પ્રશ્ન છે**

**'આજથી ૩૦ વર્ષ પછી, આજથી ૪૦ વર્ષ પછી કે ૫૦ વર્ષ પછી પણ આજના કેટલાક યુવા લોકો કહે છે કે મને ડોનાલ્ડ ટ્રમ્પ યાદ છે અને તેણે ખુબ સારૂ કામ કર્યુ છે'** ગઇકાલે કેપીટલ હીલમાં પ્રમુખ પદના શપથ લીધા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સંબોધનમાં દેશના યુવા વર્ગને ખાસ મોહિત કર્યો અને તેમના જે અનેક જાહેરાતો હતી તેમાં એ પણ કહ્યું 'એઝ ઓફ ટુડે' એટલે કે આજથી 'ટીકટોક ઇઝ બેક' કોઇ દેશના રાષ્ટ્રપતિ શપથ ગ્રહણ સમારોહના સંબોધનમાં કોઇ સોશ્યલ મીડિયા એપ માટે આ પ્રકારની જાહેરાત કરી હોય તેવી પ્રથમ ઘટના છે. અમેરિકાભરમાં અંદાજે ૧૬ કરોડથી વધુ ટીકટોક યુઝર્સ કે જે ખુદને 'ટીકટોક રેફયુજી' તરીકે ઓળખતા હતા તેઓને ટ્રમ્પમાં પોતાનો મસીહા દેખાયો. વાસ્તવમાં ટ્રમ્પનું જે કેમ્પેન સ્લોગન હતું કે 'ટ્રમ્પ વીલ ફિકસ ઇટ' જેમાં સૌથી પ્રથમ કામ અમેરિકામાં ટીકટોકને પુનઃ એકટીવ કરવાનું કહ્યું હજુ ૪૮ કલાકે થોડા વધુ કલાકો પૂર્વે અમેરિકી સુપ્રિમ કોર્ટે ટીકટોક પરના બાઇડન તંત્રના પ્રતિબંધને માન્ય રાખ્યું હતું અને ટીકટોકે પણ તેના શટર અમેરિકામાં પાડી દીધા હતા પણ મહત્વનું એ છે કે ટ્રમ્પની શપથ પૂર્વેની રેલીમાં અને શપથ વિધિ સમારોહમાં ટીકટોકના સીઇઓની હાજરી પણ મહત્વની હતી. ટીકટોકએ ચાઇનીઝ ડાન્સીંગ એપ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ તે ફકત એક મનોરંજન એપ નહીં ઘણુ બધુ છે તેથી તે આટલું ચર્ચાસ્પદ બન્યુ છે. ભારતમાં લગભગ બે વર્ષ પહેલા ટીકટોકને પ્રતિબંધિત કરાયું કારણ સ્પષ્ટ હતું કે આ ચાઇનીઝ એપ તેના યુઝર્સના ડેટા ચીનમાં મોકલતું હતું. એટલું જ નહીં તે રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ જોખમી બની ગયું હતું તેવી સરકારે જાહેરાત કરીને ટીકટોકને વિદાય આપી

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com



તે સમયે ભારતમાં ટીકટોકના લગભગ ૨૦ કરોડ યુઝર્સ હતા અને તેઓ પોતાના રીલ બનાવવામાં કે પછી જોવામાં બીજા આ પ્રકારના એપ પર ચાલ્યા ગયા પણ હજુ પણ ભારતીયો એ ચોકકસ છે કે ટીકટોકને મીસ કરે છે. એ ચાઇનીઝ એપ છે તે વાત એક બાજુ મુકો (ભલે તે જ મહત્વની હોય) પણ વાસ્તવિકતા એ છે કે જયાં દુનિયાભરના સૌથી શ્રેષ્ઠ એપ બન્યા છે તે અમેરિકા કે કોપી પેસ્ટમાં માહેર સાઉથ કોરીયાથી લઇ ભારતમાં હજુ ટીકટોકનું સ્થાન લઇ શકે તેવું કોઇ એપ આવ્યું નથી અને સંભવ છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ટીકટોકને ચાઇનીઝને બદલે અમેરિકન બનાવી દેશે તો ભારતમાં પણ પછી આ એપને પ્રવેશ મળી જાય તે નિશ્ચિત છે.

હજુ ૨૦૧૬માં જ ટીકટોક લોન્ચ થયું અને દુનિયાભરમાં ૧.૭ બિલીયન તેના યુઝર્સ બની ગયા હતા. એક સમયે તો તે ફકત રીલ કે જે સોશ્યલ મીડિયામાં હાલ સૌથી વધુ ફેવરીટ ટાસ્ક છે તે માટે જાણીતું હતું અને લાઇવ વિડીયો એ ટીકટોકની ભેંટ છે. કોઇપણ વ્યકિત પોતાનો શોર્ટ વિડીયો શુટ કરીને ઓનલાઇન મૂકી શકે તે સરળતા ટીકટોકે આપી અને સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મમાં તે જે લોકપ્રિય બની ગયું તો તેની પાછળ તેની સરળતા પણ હતી પણ ટીકટોકને તમે જયારે યાદ કરો તો તમે કોઇ તેને સર્ચ એન્જીન કહે તો કદાચ આશ્ચર્ય થશે. કારણ કે ભાગ્યે જ આપણે ટીકટોકને તે રીતે જોયું છે પરંતુ જે હાઇલી પર્સનાઇઝ નેચર છે તેમાં બાઇટ ડાન્સ કંપનીએ કે જે ચાઇનીઝ છે તેણે ટીકટોકની આ ખુબીને ખુબ જ મહત્વપૂર્ણ રીતે આગળ વધારી છે વાસ્તવમાં જનરેશન ઝેડ જેને કહેવાય કે જેને હજુ મુંછનો દોરો ફુટયો પણ ન હોય તે ગુગલ કરતા ટીકટોકને સર્ચ એન્જીન તરીકે વધુ પસંદ કરે છે. તમે પૂર્વેના ટવીટર અને હાલના એકસ માઇક્રો બ્લોગીંગ પ્લેટફોર્મ પર # (હેશટેગ)થી જાણીતા છો તે ટીકટોકની પોસ્ટ ઉપર તમે કરી શકો છો અને રસપ્રદ બાબત એ છે કે ગુગલને પણ હવે તેના સર્ચમાં ટીકટોક અને ઇન્સ્ટાગ્રામમાંથી વિડીયો લીંક આપવી પડી છે.

જો ટીકટોકને તમે લાંબો સમય ઉપયોગ કર્યો હોય તો કદાચ ખ્યાલ હશે કે આ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એ એક ઇ-કોમર્સ જાયન્ટ પણ બની રહ્યું હતું અને # TikTok MademeBuiit હેશટેગ એ આ પ્લેટફોર્મ ઉપર ખુબ જ લોકપ્રિય છે અને પ્રોડકટ સર્ચમાં તેનો ભરપુર ઉપયોગ થાય છે એટલું જ નહીં કંપનીઓ પણ તેમની બ્રાન્ડના પ્રમોશનમાં આ ટીકટોકના હેશટેગનો ઉપયોગ કરીને યંગ જનરેશન સામે પોતાની પ્રોડકટ રજૂ કરે છે અને છેલ્લા ચાર મહિનામાં જ ફકત અમેરિકા સહિત આ એપ એકટીવ છે ત્યાં ૧૫ બીલીયન વ્યુયર્સ મળ્યા છે અને ઇ-કોમર્સ માટે ઓનલાઇન રીટેલરને પણ પડકારવા લાગ્યું હતું અને ઓગષ્ટ ૨૦૨૩માં ટીકટોકે પોતાનું માર્કેટ પ્લેટફોર્મ ટીકટોક શોપ અને શોપીંગ સેન્ટર ઉભા કર્યા હતા અને તેના પર ચાઇનીઝ મેડ કપડામાં અમેરિકી ગ્રાહકને ટાર્ગેટ કર્યા હતા અને દક્ષિણ પૂર્વ એશીયામાં જ ટીકટોકએ ૨૦૨૩માં તેના શોપીંગ સેન્ટર મારફત ૨૦ બીલીયન ડોલરની કમાણી કરી હતી અને અનેક બ્રાન્ડસ કે જે અમેરિકામાં પોતાનો પ્રભાવ વધારવા માંગે છે તે આ પ્લેટફોર્મ પર આવી ગયા હતા.

**તમે જો ટીકટોકને શોર્ટ વિડીયો પ્લેટફોર્મ તરીકે ઓળખતા હો તો ટીકટોક તેનાથી ઘણુ આગળ વધી ગયું છે તે એક મ્યુઝીક સ્ટ્રીમીંગ પ્લેટફોર્મ પણ બની ગયું છે અને દુનિયાભરના સંગીત સેલેબ્રીટીઓ ટીકટોક વગર અધુરાશ અનુભવે છે, આ રીતે તે યુ-ટયુબને સ્પર્ધા કરે છે બીજી તરફ તે ઇ-કોમર્સ જાયન્ટ પણ છે અને ઓનલાઇન રીટેલરને પડકારવા લાગ્યું છે, ટીકટોકના ઓનલાઇન શોપીંગ પ્લેટફોર્મ પર તમને દુનિયાભરની બ્રાન્ડ મળી જશે અને તે એક ચાઇનીઝ આક્રમણ પણ છે તો તમે ન્યુઝની દ્રષ્ટિએ પણ ટીકટોકને જોઇ શકો છો, ૧૮ થી ૨૯ વર્ષના ૪૦ ટકા અમેરિકી જનરેશન ઝેડ હવે ન્યુઝ માટે ટીકટોક પર આધારીત છે**

વાસ્તવમાં ટીકટોકને આપણે એક વિડીયો પ્લેટફોર્મ તરીકે જોયુ પણ તે મ્યુઝીક સ્ટ્રીમીંગ પ્લેટફોર્મ પણ બની ગયું છે. ખાસ કરીને ઉભરતા કલાકારોથી લઇ સ્થાપિત સીંગર અને ડાન્સર તેમજ જાણીતા બેન્ડ કે જે અત્યાર સુધી અન્ય પ્લેટફોર્મ મારફત અત્યાર સુધી પહોંચતા તે ટીકટોક પર આવી ગયા છે અને ખાસ કરીને તેના કારણે જુના બેન્ડ પણ ફરી એક વખત સક્રિય બની ગયા. કોઇપણ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર મ્યુઝીક સ્ટીમીંગનો આટલો પાવર જોવા મળ્યો નથી. એટલું જ નહીં તે ક્રિએટીવીટીને જે પ્રોત્સાહન આપે છે તે ભાગ્યે જ અન્ય કોઇ પ્લેટફોર્મ આપતું હશે અને ટીકટોકે હવે પોતાનું મ્યુઝીક વેન્ચર ટીકટોક મ્યુઝીક પણ શરૂ કર્યુ છે. જેમાં સબસ્કાઇબર્સને સંગીત ડાઉનલોડ કરવા ઉપરાંત વિડીયો એડીટીંગ અને તેમાં ખાસ ફયુચર ઉમેરવા પણ ખાસ સુવિધા આપે છે જે યુ-ટયુબ સહિતના પ્લેટફોર્મ માટે સીધી સ્પર્ધા હતી.

અને હજુ પણ એક ટીકટોક ફયુચર સૌ કોઇને આકર્ષે છે તે છે ટીકટોક ન્યુઝ, અમેરિકી ઓડીયન્સ ટીકટોક ન્યુઝનું બંધાણી જેવું થઇ ગયું હતું અને પીઇડબલ્યુ રીચર્સ સેન્ટરના અભ્યાસ મુજબ ૩૦ થી ૩૫ ટકા અમેરિકનો હવે ટીકટોક મારફત સમાચાર મેળવતા થઇ ગયા છે અને તેમાં ૧૮ થી ૨૯ વર્ષના યુવાઓની કેટેગરી સૌથી વધુ છે. ૨૦૨૦ની અમેરિકી ચૂંટણીમાં પણ ટીકટોકનો પ્રભાવ જોવા મળ્યો હતો એટલું જ નહીં. ટીકટોકે તે સમયે ફંડ રાઇઝીંગ સહિતની પોલીટીકલ પ્રવૃતિને સેન્સર કરી દીધી હતી. જયારે મેટા સહિતની કંપનીઓ આ પ્રકારની જંગી કમાણી કરી રહી હતી ત્યારે ટીકટોકે પોતાને અલગ રાખીને અમેરિકનનું દિલ જીતી હતું વોશિંગ્ટન પોસ્ટએ પણ લખવું પડયું કે ટીકટોકએ શોર્ટ ફોર્મ વિડીયોનું પાવરહાઉસ નથી તે ન્યુઝ પાવરહાઉસ પણ બની રહ્યું છે.

ફકત તે ચાઇનીઝ એપ છે તે દ્રષ્ટિએ જોવાથી તેના પરના પ્રતિબંધ વાજબી ગણી શકાય અને ચાઇનાએ છુપા રૂસ્તમ જેવું છે. તેનો મુળ ઇરાદો તો હંમેશા છુપો જ રહે છે. પરંતુ ટીકટોકની પેરેન્ટ કંપની બાઇટ ડાન્સ એ પડદા પાછળથી જે કામગીરી કરી અને મહિનાઓ સુધી ટ્રમ્પના સલાહકારો શા માટે ટીકટોક જરૂરી છે તે બતાવ્યું હવે સંભવ છે કે તે અર્ધી અમેરિકન કંપની બની જાય જોકે તેમાં હજુ ચીનની જિનપીંગ સરકારે પોતાના પતા ખોલ્યા નથી. ત્રણ વર્ષ પહેલા ભારતમાં પ્રતિબંધ બાદ ટીકટોક કદાચ ભુલાઇ ગયું હોય તો પણ સંભવ છે કે તે પરત આવે...

**ભારતમાં ટીકટોકને એટલે હાકી કઢાયું કે તે ડેટા ચીનને ટ્રાન્સફર કરતું હતું અને જાસુસી પણ કરતું હતું, અમેરિકામાં તેનો કોમર્શિયલ પહેલુ જોવાયો છે અને ટ્રમ્પે તેથી જ ટીકટોકને જીવતદાન આપ્યું છે પણ શરતી, ત્રણ કે છ મહિનામાં જ ટીકટોકનો ૫૦ ટકા હિસ્સો તેની પેરેન્ટ કંપની બાઇટ ડાન્સ પાસેથી અમેરિકી કંપની ખરીદી લે તો આશ્ચર્ય થશે નહીં અને એક વખત ટીકટોક જો અમેરિકી બની જાય તો ભારતમાં પણ તેની વિઝા ફ્રી એન્ટ્રી શકય બની શકે છે, જિયો પોલીટીકસમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ આટલુ કદી ચર્ચાસ્પદ બન્યુ નથી**

### વિરાટ કોહલી ૧૨ વર્ષ બાદ રણજી ટ્રોફી રમશે

## વિરાટ દિલ્હીની ટીમમાં સામેલ : ૩૦ જાન્યુઆરીએ રેલ્વે વિરૂદ્ધ રમશે



નવી દિલ્હી : વિરાટ કોહલી ૧૨ વર્ષ બાદ રણજી ટ્રોફીમાં વાપસી કરવા જઈ રહ્યો છે. તે ૩૦ જાન્યુઆરીથી શરૂ થનારી દિલ્હી વિરુદ્ધ રેલવે મેચમાં રમશે. કોહલીએ રણજી ટ્રોફી માટે પોતાને ઉપલબ્ધ કરાવ્યાં છે, પરંતુ તે ૨૩ જાન્યુઆરીથી શરૂ થનારી સૌરાષ્ટ્ર સામેની મેચમાં નહીં રમે. તેણે ગરદનના દુખાવાનું કારણ આપીને સૌરાષ્ટ્ર સામેની મેચમાં રમવાની ના પાડી હતી. હવે દિલ્હી ટીમનાં મુખ્ય કોચે રેલવે સામેની મેચ પર મોટું નિવેદન જાહેર કર્યું છે.

દિલ્હી ટીમનાં મુખ્ય કોચ સરનદીપ સિંહે કહ્યું કે "વિરાટ કોહલીએ ડીડીસીએ પ્રમુખ રોહન જેટલી અને ટીમ મેનેજમેન્ટનો સંપર્ક કર્યો છે અને જાણ કરી છે કે તે રેલવે સામેની મેચ માટે ઉપલબ્ધ રહેશે. કોહલીએ રણજીના ઈતિહાસમાં પોતાની ઓળખ બનાવી છે. રણજીમાં ઉત્તર પ્રદેશ સામે રમાયેલી છેલ્લી મેચમાં તેણે ૧૪ રન બનાવ્યાં હતાં. બીસીસીઆઈએ ખેલાડીઓ માટે કેટલાક કડક નિયમો બનાવ્યાં છે. નિયમો હેઠળ તમામ ખેલાડીઓ માટે ડોમેસ્ટિક ક્રિકેટ રમવું ફરજિયાત બની ગયું છે.

વિરાટ કોહલી ઉપરાંત અન્ય ઘણાં ખેલાડીઓ પણ રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫ના આગામી તબક્કાની મેચોમાં રમતાં જોવા મળશે. રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ આગામી મેચમાં મુંબઈ તરફથી રમતાં જોવા મળશે, જે જમ્મુ-કાશ્મીર સામે રમાશે. શુભમન ગિલ કર્ણાટક સામેની મેચમાં પંજાબ તરફથી રમતાં જોવા મળશે. ઋષભ પંતે પણ આગામી મેચ દિલ્હી તરફથી રમવા માટે સંમતિ દર્શાવી છે જે સૌરાષ્ટ્ર સામે રમાશે. કેએલ રાહુલ પણ પંજાબ સામેની મેચમાં કર્ણાટક તરફથી રમવાનો હતો, પરંતુ કોણીની ઈજાને કારણે તે વાપસી કરી શકશે નહીં.



## 'બિગ બોય': દુનિયાનો સૌથી ઝેરિલો કરોળિયો

આ તસ્વીર ઓસ્ટ્રેલીયાનાં સિડની શહેરમાં શોધવામાં આવેલા ફનલ-વેબ જાતિના કરોળિયાની છે. આ સૌથી ઝેરીલી કરોળિયાની પ્રજાતિ છે. તેના ડંખથી માણસનું મોત થઈ જાય છે. ૯ સેન્ટીમીટર લાંબા આ કરોળિયાનું નિકનેમ 'બિગ બોય' રાખવામાં આવ્યું છે. આ પ્રજાતિ જંગલોમાં નવેમ્બરથી એપ્રિલ સુધી વધુ સક્રિય રહે છે.

## નંબર ૩ થી ૭નો મીડલ ઓર્ડર બેટીંગ ક્રમ નકકી નથી : અક્ષર પટેલ



### ઓપનિંગ જોડી નક્કી : ૩ થી ૭ નંબર સુધીનો નિર્ણય પ્રેક્ટિસ સેશનમાં લેવામાં આવશે

નવી દિલ્હી : ઈંગ્લેન્ડ સામેની પાંચ ટી-૨૦ મેચની શ્રેણી પહેલાં, ભારતનાં વાઇસ કેપ્ટન અક્ષર પટેલે કહ્યું હતું કે ભારતીય ટી-૨૦ ટીમમાં ફક્ત ઓપનરોનો ક્રમ નક્કી કરવામાં આવ્યો છે. અન્ય તમામ બેટ્સમેનોએ ઓર્ડર અંગે નક્કી કરવામાં આવ્યું નથી. ભારતીય ટીમ આવતીકાલે ઈડન ગાર્ડ્સમાં શ્રેણીની ટી-૨૦ મેચ રમશે.

જ્યારે બેટિંગ ક્રમમાં વારંવાર ફેરફારો વિશે પૂછવામાં આવ્યું ત્યારે અક્ષરે કહ્યું કે 'આ ફક્ત મારા વિશે નથી પરંતુ ટીમનાં દરેકને લાગુ પડે છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૪ ની શરૂઆતથી, અમે નક્કી કર્યું હતું કે ઓપનિંગ જોડી ફિક્સ કરવામાં આવશે જ્યારે ત્રીજા નંબરથી સાત નંબર સુધી દરેકને પરિસ્થિતિ, રમત અને પ્લાનિંગ અનુસાર તૈયાર રહેવા માટે કહેવામાં આવ્યું છે. કોઈ નિશ્ચિત ક્રમ નથી કે જેમાં બેટ્સમેનો રમશે. આ ત્રીજા અને સાતમા નંબર વચ્ચેનાં દરેકને લાગુ પડે છે. પ્રેક્ટિસ સેશનમાં આનો નિર્ણય લેવામાં આવશે.

**વધુ દબાણ નથી**

તેને આગળ કહ્યું કે ટી-૨૦ ક્રિકેટમાં યોગ્ય સમયે યોગ્ય બેટ્સમેનનો ઉપયોગ કરવો મહત્વપૂર્ણ છે. અક્ષરે કહ્યું કે મને અહીં આવ્યાને એક દિવસ જ થયો છે. મેં કેપ્ટન સૂર્યકુમાર યાદવ, મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથે વાત કરી છે. ટીમ નેતૃત્વ જૂથ પર વધારાની જવાબદારી છે. બહુ બદલાયું નથી. તેમણે કહ્યું કે આપણી પાસે સ્થિર ટી-૨૦ ટીમ છે અને વધારે દબાણ નથી. ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ૬૬ મેચ રમી ચૂકેલાં અક્ષરે કહ્યું કે 'જ્યારે તમે લીડરશીપ ગ્રુપનો હિસ્સો બનો છો ત્યારે કઠિન નિર્ણયો લેવા પડે છે અને એકબીજા પર વિશ્વાસ કરવો અને સારી સલાહ લેવી જરૂરી બને છે. આગામી શ્રેણી પહેલાં હકારાત્મક વિચારસરણી સાથે પ્રવેશ કરવો મહત્વપૂર્ણ છે.


**સાબિત કરવા માટે કંઈ નથી**

અક્ષર અનુભવી રવિન્દ્ર જાડેજાને બદલવાનો દાવેદાર છે. તે ભારતીય ટેસ્ટ ટીમમાં મોટા ફેરફાર દરમિયાન ઊભી થનારી શક્યતાઓથી વાકેફ છે. પરંતુ, તે માને છે કે તેણે તેનાં કેસમાં કોઈને કંઈ સાબિત કરવાની જરૂર નથી. અક્ષર પાસે સમાન કુશળતા હોવા છતાં, તે છેલ્લાં એક દાયકાથી જાડેજાની ગેરહાજરીમાં જ ટીમમાં જગ્યા બનાવી શક્યો છે. અક્ષરે કહ્યું કે 'ચોક્કસપણે, પરિવર્તનનો સમયગાળો આવવાનો છે. પરંતુ આખરે તે પસંદગીકારો અને કેપ્ટનનો નિર્ણય છે. મારે કોઈને કંઈ સાબિત કરવાની જરૂર નથી.

**ઈંગ્લેન્ડના મુખ્ય કોચ બ્રેન્ડન મેક્કુલમ કહ્યું**

મેક્કુલમ કહ્યું કે મેં આ પહેલાં ગૌતમ ગંભીર સાથે કામ કર્યું છે. જ્યારે પણ તેણે કોઈ પણ પ્રકારની નેતૃત્વની ભૂમિકા ભજવી, ત્યારે તેણે તેમાં શ્રેષ્ઠતા દર્શાવી. ભારત સાથે તેની ઈનિંગની શરૂઆત જ થઈ છે, પરંતુ મને કોઈ શંકા નથી કે તે પોતાની પાસે રહેલી ટીમમાં શ્રેષ્ઠ પ્રતિભાને બહાર લાવશે.

## બ્લિંકિટનો ખર્ચ વધ્યો : ઝોમેટોનો નફો ૫૭.૨ ટકા ઘટ્યો




નવી દિલ્હી : ફૂડ-ટેક કંપની ઝોમેટોએ જણાવ્યું હતું કે ડિસેમ્બર ક્વાર્ટરમાં તેનો નફો ૫૭.૨ ટકા ઘટીને ૫૯ કરોડ થયો છે. બ્લિંકિટ જેવાં વાણિજ્ય ઈ કોમર્સ પ્લેટફોર્મના વિસ્તરણ માટે વધુ સ્ટોર્સ ખોલવામાં આવ્યાં હતાં. તેનાં કારણે નફા પર દબાણ જોવા મળ્યું છે. ગયાં વર્ષનાં સમાન ક્વાર્ટરમાં કંપનીનો નફો ૧૩૮ કરોડ રૂપિયા હતો.

શેરધારકોને લખેલાં પત્રમાં ઝોમેટોએ જણાવ્યું હતું કે ફૂડ ડિલિવરીમાં 'માગમાં ઘટાડા'ને કારણે તેની વૃદ્ધિ ત્રિમાસિક-દર-ક્વાર્ટર ૨ ટકા અને વાર્ષિક ધોરણે ૧૭ ટકા હતી. કંપનીએ જણાવ્યું કે ક્વાર્ટરમાં તેનો કુલ ખર્ચ ૨૦૨૩-૨૪ના સમાન સમયગાળામાં ૩૩૮૩ કરોડથી વધીને ૫૫૩૩ કરોડ થયો છે.

**પેટીએમની ખોટ ઘટી :-**

કંપની One97 કોમ્યુનિકેશન્સ જે પેટીએમની માલિકી ધરાવે છે તેને જણાવ્યું કે ત્રીજા ક્વાર્ટરમાં તેની ખોટ ઘટીને ૨૦૮.૫ કરોડ થઈ ગઈ છે. ગયાં વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીને ૨૨૧.૭ કરોડનું નુકસાન થયું હતું. આ ક્વાર્ટરમાં પેટીએમની આવક ૩૫.૮ ટકા ઘટીને ૧૮૨૭.૮ કરોડ થઈ છે. ગયાં વર્ષનાં સમાન ક્વાર્ટરમાં તે રૂ. ૨૮૫૦.૫ કરોડ હતી. જોકે, ત્રિમાસિક ધોરણે આવકમાં ૧૦ ટકાનો વધારો થયો છે.

**ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો :**

- આઇઆરએફસીનો ચોખ્ખો નફો ૨ ટકા વધીને ૧૬૩૧ કરોડ થયો છે.
- આઈડીબીઆઈ બેંકનો ચોખ્ખો નફો ૩૧ ટકા વધીને ૧૯૦૮ કરોડ થયો.
- સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાનો નફો ૩૩ ટકા વધીને ૯૫૯ કરોડ થયો.
- ઈન્ડિયન ઓવરસીઝ બેંકનો ચોખ્ખો નફો ૨૧ ટકા વધ્યો.

## પ્રજાસત્તાક દિવસની પરેડમાં પહેલીવાર જોવા મળશે પ્રલય મિસાઈલ અને પિનાકા રોકેટ સિસ્ટમ

### સરફેસ ટુ સરફેસ એટેક કરનાર પ્રલય મિસાઈલ ચીન સરહદ પર તૈનાત : લાંબા અંતરની પિનાકા રોકેટ સિસ્ટમ ૭૫ કિ.મી. સુધી કારગર

નવી દિલ્હી : દેશની રાજધાનીમાં ગણતંત્ર દિવસની પરેડની તૈયારીઓ ચાલી રહી છે. આ વખતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં સ્ટ્રેટેજિક બેલિસ્ટિક મિસાઈલ પ્રલય અને લોંગ રેન્જ પિનાકા રોકેટ સિસ્ટમ પ્રદર્શિત કરવામાં આવશે. તે સ્વદેશી રીતે વિકસિત સિસ્ટમો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ પ્રથમ વખત હશે જ્યારે સપાટીથી સપાટી પર પ્રલય મિસાઈલને પરેડમાં સામેલ કરવામાં આવશે.

૫૦૦ કિમીની રેન્જ ધરાવતી પ્રલય મિસાઈલ દુશ્મન લક્ષ્યો પર હુમલા માટે છે. આ મિસાઈલને ચીનની સરહદ પર તૈનાત કરવામાં આવી છે. પિનાકા મલ્ટી-બેરલ રોકેટ લોન્ચર એક સ્વદેશી રોકેટ સિસ્ટમ છે. તેની ઘણી સિસ્ટમ સેના સાથે કામ કરી રહી છે. આર્મેનિયા સાથે નિકાસ ઓર્ડર પહેલેથી જ પૂર્ણ થઈ ગયો છે. રોકેટની રેન્જને ૭૫ કિલોમીટર અને પછી



૧૫૦ કિલોમીટર સુધી વધારવાના પ્રયાસો ચાલું છે.

**ઈન્ડોનેશિયાના પ્રમુખ મુખ્ય અતિથિ**

આ વર્ષની ઈવેન્ટના મુખ્ય અતિથિ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયનોના માનમાં ઈન્ડોનેશિયન સૈનિકોની કૂચ કરતી ટુકડી પણ પરેડમાં સામેલ થશે. સંરક્ષણ સચિવ આર.કે.સિંહે જણાવ્યું હતું કે તેમાં ૧૬૦ સભ્યોની ઈન્ડોનેશિયાની સૈન્ય ટુકડી અને ૧૯૦ સભ્યોની બેન્ડ ટુકડી સામેલ હશે.

પરેડમાં વિવિધ રાજ્યો, મંત્રાલયો અને સુરક્ષા દળોની ૧૮ માર્ચિંગ ટુકડીઓ, ૧૫ બેન્ડ અને ૩૧ ઝાંખીઓ સામેલ થશે. જેમાં બિહાર, ગોવા, ઝારખંડ, કર્ણાટક, મધ્યપ્રદેશ અને પંજાબ સહિત અનેક રાજ્યોમાંથી ઝાંખીઓ રજૂ કરવામાં આવશે. આ વર્ષે પરેડ જોવા માટે કુલ ૭૭૦૦૦ લોકો હાજર રહેશે. તેમાં સરકાર દ્વારા પસંદ કરાયેલાં ૧૦૦૦૦ વિશેષ આમંત્રિતોનો પણ સમાવેશ થશે.

## ઋષભ પંત લખનૌ સુપર જાયન્ટ્સનો કેપ્ટન બન્યો



કોલકાતા : વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતને આઈપીએલ સિઝન માટે લખનૌ સુપર જાયન્ટ્સનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. તેને ટીમને તેનું પ્રથમ ટાઇટલ જીતવા માટે ૨૦૦ ટકા આપવાનું પણ આશ્વાસન આપ્યું છે.

કેપ્ટન બન્યાં બાદ પંતે કહ્યું કે આ મારું તમને વચન છે. હું આ વિશ્વાસ પર ખરા ઉતરવાનો પ્રયત્ન કરીશ. હું નવી શરૂઆત અને નવી ઉર્જા માટે ખૂબ જ ઉત્સાહિત છું. અમારી પાસે યુવા અને અનુભવી ખેલાડીઓ છે. અમારે જ્યાં હોવું જોઈએ ત્યાં અમે પહોંચી શક્યાં નથી પરંતુ હવે પ્રવાસ એ હશે કે અમે આ ટીમને કઈ રીતે નવી ઊંચાઈએ લઈ જઈ શકીએ.

### શરાબ તો ઠીક, કેફી પદાર્થોનું પણ વધતુ દુષણ

# નશાબંધી ધરાવતા ગુજરાતમાં એક વર્ષમાં રૂા.૭૩૦૩ કરોડનું ડ્રગ્સ પકડાયું

### મોટાભાગનાં કેફીપદાર્થો પંજાબમાં સપ્લાય થવાના હોવા છતા ગુજરાતમાં મેકેડ્રોનના ઉત્પાદનનાં કિસ્સા પડકારજનક

અમદાવાદ તા.૨૧

દારૂબંધીનો કડક કાયદો ધરાવતા ગુજરાતમાં શરાબ તો ઠીક ડ્રગ્સનું દુષણ પણ બેફામ હોય તેમ છેલ્લા એક વર્ષમાં ૭૩૦૩ કરોડના કેફી પદાર્થ પકડાયા હતા.

ગાંધીના ગુજરાતની ઓળખ સાથે નશાબંધીનો કાયદો ધરાવતા રાજયમાં રોજેરોજ નાના મોટા જથ્થામાં ડ્રગ્સ પકડાય છે સરકાર જોકે એવો બચાવ કરે છે કે પકડાતુ ડ્રગ્સ મોટાભાગે પંજાબ મોકલવાનું હોય પરંતુ મેકડ્રોન જેવા ડ્રગ્સ પકડાય છે તેનુ ગુજરાતમાં જ સેવન થતુ હોવાની આશંકા છે. ૨૦૨૪ ના વર્ષમાં ૧૮૮૨ કિલો મેકેડ્રોનનો જથ્થો પકડાયો હતો.





ગુજરાત, રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાં ઓપરેશન કરીને જંગી જથ્થો જપ્ત કરાયો હતો તેના આધારે ગુજરાતની બોર્ડર ડ્રગ્સની હેરફેરનો મુખ્ય માર્ગ બન્યાની શંકા ઉઠે છે.

ગુજરાતમાંથી પકડાયેલા ડ્રગ્સના કુલ જથ્થામાંથી ૬૮૭૧ કરોડના કેફી દ્રવ્યો ગુજરાત એટીએસ દ્વારા એકલા હાથે અથવા કોસ્ટગાર્ડ નેવી કે નાર્કોટીકસ વિભાગ સાથે સંકલન સાધીને પકડવામાં આવ્યા હતા.

ગુજરાત પોલીસનાં રીપોર્ટ પ્રમાણે છેલ્લા એક વર્ષમાં ૨૪૦૦૦ કિલો માદક પદાર્થ જપ્ત કરવામાં આવ્યા હતા.નાર્કોટીકસ કાયદા હેઠળ ૫૮૨ કેસોમાં ૮૪૮ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ એવો દાવો કર્યો હતો કે પકડાયેલુ મોટાભાગનું ડ્રગ્સ ગુજરાત માટેનું ન હતું અને મોટાભાગે પંજાબમાં ઘુસાડવાનું હતું મધદરીયે હાથ ધરાયેલા ઓપરેશનોમાં પકડાયેલા હેરોઈન હેરોઈન તથા કોરેનનાં શીપમેન્ટ પંજાબ માટેના જ હતા અને એકપણ શીપમેન્ટ ગુજરાતમાં ઘુસાડવા માટેના ન હતા.

ગુજરાતમાં હજુ હીરોઈન કોકેઈનના ઉઠયા નથી. ગાંજા જેવા નાના જથ્થા ગુજરાત માટેના હતા.ગુજરાતમાં મેકેડ્રોનનું ઉત્પાદન થવા લાગ્યુ હોવાનું માલુમ પડયુ છે.

નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ગુજરાતનો લાંબો દરીયાકાંઠો તથા ભરચકક ટ્રાફીકથી ધમધમતા બંદરોને કારણે ડ્રગ્સ માફીયાઓ ગુજરાતનો ટ્રાન્ઝીસ્ટ પોઈન્ટ તરીકે ઉપયોગ કરી રહ્યા છે. એકથી બીજા દેશ અને બીજા

(અનુસંધાન છઠ્ઠા પાને)

### ગ્રામ્ય પંચાયતોથી અર્ધશહેરી ક્ષેત્રોમાં હવે આચારસંહિતા લાગુ થશે

# પડઘમ વાગ્યા: સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી જાહેર

### રાજયમાં જૂનાગઢ મહાપાલિકા–બનાસકાંઠા સહિત બે જીલ્લા પંચાયત–૬૯ નગરપાલિકા અને ૧૪ તાલુકા પંચાયતો તથા ૫૩૯ નવી સહિતની ગ્રામ્ય પંચાયતોની ચુંટણી અંગે આજે રહસ્ય ખોલશે ગુજરાત ચુંટણી પંચ

રાજકોટ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પડધમ વાગ્યા છે અને આજે સાંજે ગુજરાતના ચુંટણી અધિકારી દ્વારા આ અંગેના કાર્યક્રમ જાહેર થશે. રાજયમાં લાંબા સમયથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી બાકી છે. ખાસ કરીને ઓબીસી અનામત જે પ્રથમ વખત રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં લાગુ પડે છે. તેઓ બેઠકોની ફાળવણી વિ. પ્રક્રિયા ચાલુ હતી.

ચુંટણીપંચે આજે આ અંગેની અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ કરી છે અને હવે આજે સાંજે ચુંટણી જાહેર થઈ રહી છે. જેમાં જૂનાગઢ મહાપાલિકાની સામાન્ય ચુંટણી પણ યોજાઈ શકે છે. જો કે આ અંગેનો એક વિવાદ હજુ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે અને તેનું સ્ટેટસ શું છે તેના પર જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થઈ શકે છે. આ જ રીતે બનાસકાંઠા-ખેડાની જીલ્લાપંચાયતોની ચુંટણી ડયુ છે અને તેની જાહેરાત થશે કે કેમ તે પ્રશ્ન છે. બનાસકાંઠામાં અલગ જીલ્લા મુદે વિરોધ આંદોલન ચાલુ છે અને દિવસે દિવસે તે ઉગ્ર બની રહ્યું છે. ભાજપના ધારાસભ્યો પણ તેમાં સામેલ થયા છે. આથી હવે વિભાજન પુર્વેના જીલ્લા પંચાયતની ચુંટણીમાં યોજવાનું શકય નહી હોવાનું રાજકીય સૂત્રોનું કહેવુ છે.

આથી ચુંટણીપંચ હવે આજે કઈ કઈ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ યોજશે તેના પર નજર છે.

## ભાજપ સંગઠનની નવરચનામાં વધુ વિલંબ સર્જાશે!

### સ્થાનિક ચૂંટણીઓ જાહેર થતાં હવે માર્ચના મધ્ય સુધી સંગઠન યથાવત રહે તેવી ધારણા


રાજકોટ, તા.૨૧

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી આજે જાહેર થતાં હવે ભાજપના સંગઠન અંગે નવો સસ્પેન્સ સર્જાયો છે અને સુત્રોના જણાવ્યા મુજબ શકય છે કે નવા સંગઠનની રચના હવે માર્ચ માસમાં જઇ શકે છે. જો કે તે પૂર્વે જયાં વિવાદ નથી તે રાજયમાં પ્રદેશ પ્રમુખ સહિતની નિયુક્તિના મુદ્દે નિર્ણય લઇને રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિ થઇ શકે છે.

ભાજપના બંધારણ મુજબ ૫૦ ટકાથી વધુ નવા પ્રદેશ પ્રમુખની નિયુક્ત થયા બાદ રાષ્ટ્રીય પ્રમુખ નિયુક્ત કરી શકાય છે અને ગુજરાતને બાદ કરીને ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ નિયુક્ત કરી શકે છે.

### જૂનાગઢ મહાપાલિકા ચૂંટણીમાં કાનૂની મુદો હોવાનો સંકેત : બનાસકાંઠામાં જીલ્લા વિભાજન મુદે પંચ રાહ જોઈ શકે: ફેબ્રુઆરી મધ્ય સુધીમાં પ્રક્રિયા આટોપી લેવાશે

સૂત્રોના જણાવ્યા મુજબ ૬૯ નગરપાલિકા જયાં કોઈ વિવાદ નથી ત્યાં ચુંટણીઓ યોજાઈ શકે છે. આજ રીતે કેટલીક તાલુકા પંચાયતો અને ગ્રામ્ય પંચાયતો જેમાં ૫૩૯ નવી ગ્રામ્યપંચાયતો બનાવવામાં આવી છે ત્યાં પણ ચુંટણીઓ યોજાઈ શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં મતદાન અને તા.૧૫-૧૭ વચ્ચે પરિણામ જાહેર કરાશે. તા.૧૯થી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થનાર છે તે પુર્વે તમામ પ્રક્રિયાઓ પુરી કરી દેવાશે.



## આગામી ચાર દિવસમાં આકાશમાં જોવા મળશે ૬ ગ્રહો અને તારાઓની પરેડ!

વારાણસી તા.૨૧

આગામી ચાર દિવસ પછી એટલે કે ૨૫થી૨૯મી જાન્યુઆરી દરમિયાન આકાશમાં ગ્રહોની પરેડ જોવા મળશે. એટલે કે સૂર્યાસ્ત બાદ આકાશમાં શુક્ર, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુન ગ્રહ એક સાથે જોવા મળશે. દેશભરના અંતરિક્ષ વિજ્ઞાનના સંશોધકો અને વૈજ્ઞાનિકો માટે અભ્યાસની આ સુવર્ણ તક છે.

૨૫મી જાન્યુઆરીએ રાત્રે લાર્જ પ્લેનેટરી એલાઈન્મેન્ટ એટલે કે મોટી ગ્રહપંક્તિ બનશે. તેમાં ૬ ગ્રહો એક દિશામાં એક સાથે નજરે પડશે. ખગોળ વિજ્ઞાનમાં આવી ઘટના ઘણી ઓછી બને છે. જેમાં શુક્ર, ગુરુ, શનિ અને મંગળને નરી આંખે જોઈ શકાય, જયારે યુરેનસ અને નેપચ્યુનને ટેલિસ્કોપની મદદથી જોઈ શકાય છે. સૂર્યાસ્ત બાદ આ બધા ગ્રહ જોવા મળશે. ત્યારબાદ ૨૯મી જાન્યુઆરીની રાત્રે પણ આકાશમાં એક અદભૂત આકૃતિ ઉભરશે. આકાશ ગંગાના ૬ સૌથી મોટા ચમકદાર તારા 'વિન્ટર હેકસોગન' (ષટકોણ) બનાવશે. મોટેભાગે ધ્રુવો કે ઠંડા પહાડો પર ચોખા આકાશમાં દેખાવાને કારણે તેને વિન્ટર હેકસોગન નામ આપવામાં આવ્યું છે પણ હવે તે મેદાની ક્ષેત્રોમાં પણ સ્પષ્ટ દેખાનાર છે. અલબત, આકાશ સાફ હોવું જોઈએ.

બનારસના યુવા ખગોળ વૈજ્ઞાનિક વેદાંત પાંડેએ જણાવ્યું છે કે ૨૯મી જાન્યુઆરીએ અમાસની રાત્રે અંધારામાં આકાશમાં આ રાત્રે અનેક નિહારિકા (નેબ્યુલા), આકાશ ગંગાઓ અને તારાનો સમૂહ પણ સ્પષ્ટ નજરે પડશે.

### તા.૨૫થી૨૯ જાન્યુઆરી દરમિયાન સૂર્યાસ્ત બાદ શુક્ર, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ, નેપચ્યુન એક સાથે જોવા મળશ

## દેશની સરકારી વીમા કંપનીઓ ટુંક સમયમાં બધા પ્રકારની વીમા પ્રોડકટ વેચી શકશે

નવી દિલ્હી તા.૨૧

દેશમાં સરકારી વીમા કંપનીએ પણ ટુંક સમયમાં જ બધા પ્રકારના વીમા ઉત્પાદનો વેચી શકશે. તેના માટે કેન્દ્ર સરકારે નવા વીમા સંશોધન વિધેયક ૨૦૨૪માં સમગ્ર લાયસન્સ પ્રદાન કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે. ટુંક સમયમાં જ તેને મંજુરી મળવાની આશા છે. તેના માધ્યમથી સરકારી વીમા કંપનીઓ હવે જીવન અને બિનજીવન વીમા ઉત્પાદનોને એક જ લાયસન્સ અંતર્ગત વેચી શકશે. આથી ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા લોકોને સીધો ફાયદો પહોંચશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર જાહેર અને ખાનગી ક્ષેત્રની વીમા કંપનીઓને સમાન અવસર આપવા માંગે છે.




### નવી પ્રણાલીથી ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોને ફાયદો થશે

અધિકારીઓનું કહેવું છે કે આથી ગ્રામીણ અને અર્ધ શહેરી ક્ષેત્રોમાં વીમા ઉત્પાદનોની પહોંચ વધશે. કારણ કે આ ક્ષેત્રોમાં સરકારી વીમા કંપનીઓની

(અનુસંધાન છઠ્ઠા પાને)

## ભાવનગર રોડ પર ૮૭૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક સાથે છકડો રીક્ષા પકડાઇ

### પાનની દુકાનો પર સપ્લાય કરવા નવાગામથી મોકલાતો 'પાન પીસ'નો જથ્થો જપ્ત : ૧૦ હજારનો દંડ : શહેરમાં રોજ મોટા પાયે માલ ઠલવાતો હોવાનું ખુલ્યું





રાજકોટ, તા. ૨૧


રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા શહેરની બજારો અને માર્કેટ વિસ્તારમાં દરરોજ ડ્રાઇવ ચલાવીને બે-ચાર કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવતું હોય છે. તેવામાં આજે ભાવનગર રોડ પર રાજમોતી ઓઇલ મીલ પાસે એક છકડો રીક્ષામાં મોટા પાર્સલોમાં ભરાઇને આવતું ૮૭૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાતા હાઇવે પરથી શહેરમાં રોજ કેટલું પ્લાસ્ટિક આવતું હશે તેનો અંદાજ આવે છે.

આ પ્લાસ્ટિક પ્રાથમિક દ્રષ્ટિએ પાનની દુકાનમાં વપરાતું હોવાનું ખુલ્યુ છે. નવાગામના કોઇ ગોડાઉનમાંથી આ માલ આવતો હોય, રૂા. ૧૦ હજારનો દંડ લેવાયો છે.

સોલીડ વેસ્ટ વિભાગની ટીમ આજે સવારે વોર્ડ નં. ૬માં ભાવનગર રોડ પર રાઉન્ડમાં હતી ત્યારે એક છકડો રીક્ષામાં પાન પીસ દેખાતા તેની ચકાસણી કરવામાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તા.૩ના મહાકુંભમાં સ્નાન કરશે



રાજકોટ: હાલ ઉતરપ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં દેશના ટોચના નેતાઓ સ્નાન કરવા જઈ રહ્યા છે અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તા.૩ના રોજ શાહી સ્નાન કરશે. શ્રી પટેલના આ કાર્યક્રમની માહિતી હવે જાહેર થશે. આ અગાઉ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ પણ શાહી સ્નાન કરવા જવાના છે. વડાપ્રધાન શ્રી મોદી પણ જશે તે નિશ્ચિત છે.

### ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના ત્રણ મોટા નિર્ણયો

## જીપીએસસીના ઈન્ટરવ્યુ આપવા આવનાર ઉમેદવારને નાસ્તો-ભોજન પણ અપાશે

અમદાવાદ,તા.૨૧

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી) દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ દરમિયાન ઉમેદવારો તેમજ પરીક્ષકોને સરળતા રહે તે માટે મહત્ત્વના ત્રણ નિર્ણય લીધા

આ નિર્ણયો વિશે ખુદ આયોગના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી માહિતી આપી છે. પ્રથમ નિર્ણય એ છે કે અનુભવ જરૂરી ન હોય તેવી ભરતીમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ અરજી કરી શકશે.

### ફાઈનલમાં ભણતી છાત્રા અરજી કરી શકશે: પરીક્ષકોનું મહેનતાણું ડબલ કરવામાં આવશે

બીજો નિર્ણય એ છે કે નિબંધલક્ષી પરીક્ષામાં સારા પરીક્ષક મળે તે માટે પ્રશ્નપત્ર તપાસવાનું મહેનતાણું આયોગ દ્વારા બમણું કરાયું છે. આ સિવાય આ કામ કરવાની ઈચ્છા ધરાવનાર પરીક્ષકો આયોગનો સંપર્ક કરી શકશે. ત્રીજો નિર્ણય છે કે, ઈન્ટરવ્યૂ માટે આવનારા ઉમેદવારોને નાસ્તો અને ભોજન પણ અપાશે. જેમાં તેમણે આયોગમાં પરીક્ષા આપવા આવનારા ઉમેદવારો ભૂખ્યા ન રહે તે બાબતનું ધ્યાન રાખીને મહત્વની જાહેરાત કરી હતી.



ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા વર્ગ-૩ની સીધી ભરતી માટેની લાયકાતમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. હવેથી, GSRTCમાં વર્ગ-૩ની નોકરીઓ માટે અરજી કરવા ઇચ્છતા ઉમેદવારો માટે સ્નાતકની ડિગ્રી હોવી ફરજિયાત રહેશે. અત્યારસુધી, ધોરણ ૧૨ પાસ ઉમેદવારો સીધી ભરતી દ્વારા GSRTCમાં ક્લાર્કની નોકરી મેળવી શકતા હતા. જોકે, હવે આ નિયમમાં બદલાવ કરવામાં આવ્યો છે.

## ફી નહીં ભરવાના કારણે શાળામાં સજા કરતા ધો.૮ની વિદ્યાર્થીનીનો આપઘાત

રાજકોટ, તા.૨૧

સરકાર દ્વારા મફત કલ્યાણ કેળવણી સહિતના ઉપાયો વચ્ચે પણ ખાનગી શાળાઓ તગડી ફીઓ સાથે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવી રહી છે અને તેમાં થોડા દિવસ પણ ફી ભરવામાં વિલંબ થાય તેવા વિદ્યાર્થીઓને અન્યની સામે સજા કરવામાં આવે છે તેવી એક

### સુરતની ઘટના: બે દિવસ સુધી શાળાના ટોયલેટ રૂમ પાસે ઉભા રહેવાની ફરજ પાડી હતી

ઘટનામાં સુરતના ગોડાદરા વિસ્તારમાં આદર્શ પબ્લીક સ્કુલમાં અભ્યાસ કરતી ધો.૮ની એક વિદ્યાર્થીનીની સ્કૂલ ફી બાકી હોવાથી શાળા સંચાલકોએ તેને પરીક્ષામાં બેસવા દીધી ન હતી અને બે દિવસ તેને શાળાના ટોયલેટ રૂમ પાસે ઉભા રહેવાની સજા ફટકારતા આ વિદ્યાર્થીનીએ બાદમાં ગળાફાંસો ખાઇને આપઘાત કરી લીધો છે. વિદ્યાર્થીનીના પિતાનો આક્ષેપ છે કે મારી દિકરી પરીક્ષા આપવા પહોંચી તો તેને બેસવા



(અનુસંધાન છઠ્ઠા પાને)

## કોઠારીયા મેઈન રોડ પર ગાર્ડન હેતુના પ્લોટમાંથી ત્રણ ઓરડીનું ડિમોલીશન

### રામપાર્ક બાજુમાં આવેલો પ્લોટ ખાલી કરાવતી ટીપી શાખા



રાજકોટ, તા. ૨૧

મહાપાલિકાની સેન્ટ્રલ ઝોન ટીપી શાખા દ્વારા કોઠારીયા રોડના વોર્ડ નં.૧૭માં ગાર્ડન હેતુના અનામત પ્લોટમાંથી ત્રણ ઓરડીનું દબાણ તોડી પાડવામાં આવ્યું છે. (અનુસંધાન છઠ્ઠા પાને)

## કરો મજા: ઈન્સ્ટાગ્રામ પર હવે ૩ મિનિટની રીલ્સ મૂકી શકાશે

### ૯૦ સેકન્ડની મર્યાદા ડબલ કરતી કંપની: મિત્રોની લાઇક કરેલી રીલ્સ પણ અલગ સેક્શનમાં આવશે

નવી દિલ્હી, તા.૨૧

ઈન્સ્ટાગ્રામે ક્રિએટર્સને એક મોટી ભેટ આપી છે. હવે ક્રિએટર્સ પાસે લાંબી રીલ્સ અપલોડ કરવાની સુવિધા પણ હશે. વાસ્તવમાં હવે ઈન્સ્ટાગ્રામ પર ૩ મિનિટ સુધીની રીલ્સ અપલોડ કરી શકાય છે. આ ઉપરાંત, કંપની હવે યુઝરના પ્રોફાઇલ ગ્રીડમાં પણ ફેરફાર કરવા જઈ રહી છે. હવે અહીં સ્કવેયરના લંબચોરસ બોક્સ દેખાશે. આગામી દિવસોમાં ઈન્સ્ટાગ્રામ મિત્રોની લાઇક કરવામાં આવેલી રિલ્સને એક નવા સેક્શનમાં બતાવવાની યોજના બનાવી રહ્યું છે.

ઈન્સ્ટાગ્રામના વડા એડમ મોસેરીએ આ નિર્ણયની માહિતી આપતો એક



વીડિયો જાહેર કર્યો છે. તેમણે કહ્યું કે હવે તમે ઈન્સ્ટાગ્રામ પર ૩ મિનિટ લાંબી રીલ્સ અપલોડ કરી શકશો. અગાઉ ફક્ત ૯૦-સેકન્ડની રીલ્સ અપલોડ થતી હતી કારણ કે ઈન્સ્ટાગ્રામનું ધ્યાન ટૂંકા-વિડીયો પર હતું. તેમણે કહ્યું કે ઘણા ક્રિએટર્સે તેમને ફીડબેક આપ્યો કે ૯૦ સેકન્ડ ખૂબ ટૂંકી છે. તેથી હવે સમયગાળો વધારવામાં આવી રહ્યો છે. તેમને આશા હતી કે આનાથી લોકોને તેમની સ્ટોરી કહેવામાં મદદ મળશે. ઈન્સ્ટાગ્રામ પહેલા યુટ્યુબે પણ તેના શોર્ટ્સ વીડિયોની ડ્યૂરેશનને વધારીને ૩ મિનિટ કર્યો હતો.

હવે ઈન્સ્ટાગ્રામ પર પ્રોફાઇલ ગ્રીડ પર ચોરસને બદલે લંબચોરસ બોક્સમાં કન્ટેન્ટ દેખાશે. મોસેરીએ કહ્યું કે કેટલાક યુઝર્સને સ્કવેયર પસંદ છે અને સ્કવેયર ફોટો ઈન્સ્ટાગ્રામની હેરિટેજ રહી છે. પરંતુ હાલમાં જે અપલોડ થઈ રહ્યું છે તે મોટાભાગે વર્ટિકલ ઓરિએન્ટેશનમાં છે. તેને ક્રોપ કરવું યોગ્ય નથી. આ ફીચર ધીમે ધીમે યુઝર્સ માટે રોલઆઉટ કરવામાં આવી રહ્યુ છે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

ધાધર!!! થી પરેશાન છો ? તો માત્ર ૭ દિવસમાં રાહત મેળવો
બાલાજી ફાર્મસી 2 to 5 pm બંધ
રાજશ્રી ટોકીઝ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.
70401 99999
દવા રૂા. ૪૯૦/- થી શરૂ.

એકેલીક ફોટો
બાળકો, કપલ, ફેમીલી, મોટી સાઈઝમાં કરાવી આપના ડ્રોઈંગ રૂમને સજાવો
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, રાજકોટ. M.: 94297 85836

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ સૌથી સરળ કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT 9773428998, 0281-2464241

લગ્ન કંકોત્રી તથા રિટર્ન ગિફ્ટ
॥ મધુરમ્ ॥
એસ્ટ્રોન ચોક, રાજકોટ • ફોન: 0281-2483006
સવારે 10 થી 1, બપોરે 3.30 થી 8.30

વેચવાનો છે બંગલો
450 વાર
ભકિતનગર સોસાયટી શેરી નં.૧૫, 'માતૃ પ્રેરણા'
સંપર્ક : નરેન્દ્ર જે. ભીમાણી (એજન્ટ)
૩૧૪, સ્ટાર પ્લાઝા, ફૂલછાબ ચોક, રાજકોટ.
PH. : 0281-2227663